અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૫

વર્ષ : ૧૭
અંક : ૮૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### કોંગ્રેસ નેતાને હુમલાખોરોએ રોડ વચ્ચે જ ગોળી મારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

નવી દિલ્હીના માલવિયાનગરમાં એક દુઃખદ ઘટના બની, જ્યાં બાઈક સવાર હુમલાખોરોએ કોંગ્રેસના નેતા અને પ્રોપર્ટી ડીલર લખપત સિંહ કટારિયા (૫૫ વર્ષ) પર ગોળીબાર કર્યો. હુમલાખોરોએ તેમને રોક્યા બાદ ત્રણ ગોળીઓ મારી હતી. પોલીસની મદદથી તેમને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા, પરંતુ સારવાર દરમિયાન તેમનું નિધન થયું. ડીસીપી (સાઉથ દિલ્હી) અંકિત ચૌહાણે આ સમાચારની પુષ્ટિ કરી છે. આજે સવારે ૯.૫૩ વાગ્યે, માલવિયાનગર પોલીસ સ્ટેશનને પીસીઆર કોલ દ્વારા વિજય મંડલ પાર્ક, બેગમપુર નજીક ગોળીબારની જાણ થઈ હતી.

### નશીલો પદાર્થ પીવાડાવી મોલના વોશરૂમમાં દુષ્કર્મ

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બી.એસ.સી. યુનિવર્સિટીની એક વિદ્યાર્થિનીએ એક યુવક પર નશાકારક પદાર્થ પીવડાવીને દુષ્કર્મ આચર્યા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો છે. વિદ્યાર્થિનીનો આરોપ છે કે યુવકે મને ફિલ્મ બતાવવાના બહાને મોલમાં લઈ ગયો અને કંઈક કેફી પીણું પીવડાવ્યું હતું. ત્યારબાદ તે બેભાન થઈ ગઈ અને મોલના શૌચાલયમાં તેના પર દુષ્કર્મ આચર્યું હતું.

### શાપરમાં ૭ વર્ષની બાળાને નિર્વસ્ત્ર કરી જાતિય હુમલો

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

શાપરમાં રહેતાં શૈલેષ પરમાર (ઉ.વ. ૩૨)એ પોતાની પુત્રીની ઉંમરની ૭ વર્ષની બાળાને નિર્વસ્ત્ર કરી જાતિય હુમલો કર્યો હતો. શાપર પોલીસે તેના વિરૂધ્ધ પોકસો અને દૂષ્કર્મની કોશિષ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી હતી. પોલીસે જણાવ્યું કે આરોપી મૂળ ખેડા જિલ્લાના ઠાસરાનો વતની છે. હાલ શાપરમાં કારખાનામાં કામ કરે છે. ગઈકાલે ભોગ બનનાર બાળા જયારે ઓરડીમાં એકલી હતી ત્યારે ત્યાં ધસી ગયો હતો.

### ૧૯૬૫, ૭૧, ૯૯ના યુદ્ધમાં દુશ્મનોને ભોંયભેગા કર્યા હતા

# એક યુગનો અંત, ભારતીય વાયુસેનાનું વિશ્વસનીય સાથીદાર મિગ-૨૧ રિટાયર્ડ

### રાજનાથ સિંહ, સીડીએસ જનરલ અનિલ ચૌહાણ, ભારતીય વાયુસેનાના મિગ-૨૧ લડાકૂ વિમાનના કાફલાને વિદાય આપવા માટે હાજર રહ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય વાયુસેનાનું સૌથી શક્તિશાળી લડાકૂ વિમાન રહેલું મિગ-૨૧ આજે એટલે કે ૨૬ સપ્ટેમ્બરના રોજ સેવામુક્ત થઈ ગયું છે. આ વિમાન ભારતના પ્રથમ સુપરસોનિક લડાકૂ વિમાન તરીકે જાણીતું છે, જેણે ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯ના યુદ્ધોમાં પાકિસ્તાનીઓના દિલમાં ભય પેદા કર્યો હતો. રસપ્રદ વાત એ છે કે, આ ફ્લાઈંગ મશીને પોતાની સેવાના અંતિમ તબક્કામાં પણ પાકિસ્તાનની શાન ગણાતા એફ-૧૬ લડાકૂ વિમાનનો શિકાર કર્યો હતો. ચંદીગઢમાં યોજાયેલા એક કાર્યક્રમમાં મિગ-૨૧ને અંતિમ વિદાય આપવામાં આવી હતી. સેવામુક્ત થવાના સમારોહમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ભારતીય વાયુસેનાના મિગ-૨૧ લડાકૂ વિમાનના કાફલાને વિદાય આપવા માટે હાજર રહ્યા હતા. તેમની સાથે સીડીએસ જનરલ અનિલ ચૌહાણ, સીઓએએસ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને સીએનએસ એડમિરલ દિનેશ કે ત્રિપાઠી પણ હાજર હતા.



**લડાકૂ વિમાનોમાં મિગ-૨૧ ખૂબ જ શક્તિશાળી અગ્રણી છે**

વિંગ કમાન્ડરે કહ્યું કે, જ્યાં સુધી ભારતનો સવાલ છે, લડાકૂ વિમાનોમાં સૌથી વધુ ઉડાન ભરવામાં આવી હોય તેવા વિમાનોમાં મિગ-૨૧ અગ્રણી છે. તે ખૂબ જ શક્તિશાળી વિમાન હતું, જે મોટાભાગે પૂર્વી બ્લોકના દેશો દ્વારા ઉડાડવામાં આવ્યું હતું. મિગ-૨૧ એક શાનદાર મશીન હતું અને તેનો પુરાવો એ છે કે દેશભરમાંથી અને વિદેશોમાંથી પણ આટલા બધા લોકો વિમાનને અલવિદા કહેવા અહીં આવ્યા છે. આજે ૬૩ વર્ષની સેવા પૂરી થયા બાદ આ લડાકૂ વિમાનોને સેવામુક્ત કરવામાં આવ્યા. મિગ-૨૧ વિમાનોને ૧૯૬૩માં ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા હતા અને સેવામુક્ત થતાં પહેલાં તેમણે છેલ્લી વાર ઉડાન ભરી હતી.

### કિચન કેબિનેટ પર ૫૦ અને ટ્રક પર ૩૦% ટેરીફની જાહેરાત

# ટ્રમ્પે ફરી ફોડ્યો ટેરિફ બોમ્બ, ૧ ઓક્ટોબરથી વિદેશી દવાઓ પર ૧૦૦% ટેરિફ લાગશે

**આ પહેલી વાર નથી જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ટેરિફ નીતિ દ્વારા અમેરિકન વ્યવસાયોને સુરક્ષિત રાખવાનો પ્રયાસ કર્યો હોય**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

વધુ એક મોટો નિર્ણય કરતાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી ૧ ઓક્ટોબરથી વિદેશી ફાર્માસ્યુટિકલ્સ, કિચન કેબિનેટ, ફર્નિચર અને ભારે ટ્રક પર ભારેભરખમ ઈમ્પોર્ટ ડ્યુટી વસૂલવાની જાહેરાત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે આ પગલું સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી લેવાયો છે.ટ્રમ્પે જણાવ્યું હતું કે ફાર્માસ્યુટિકલ દવાઓ પર ૧૦૦% ટેક્સ, કિચન કેબિનેટ અને બાથરૂમ વેનિટી પર ૫૦% , અપહોલ્સ્ટર્ડ ફર્નિચર પર ૩૦% અને ભારે ટ્રક પર ૨૫% ટેક્સ લાદવામાં આવશે.ટ્રમ્પે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, "૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી, અમે કોઈપણ બ્રાન્ડેડ અથવા પેટન્ટ કરાયેલ ફાર્માસ્યુટિકલ ઉત્પાદન પર ૧૦૦% ટેરિફ લાદીશું. કરમાંથી મુક્તિ ફક્ત ત્યારે જ લાગુ થશે જો કંપનીઓ અમેરિકામાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ બનાવશે. જો આ કંપનીઓ "બ્રેકિંગ ગ્રાઉન્ડ" અથવા "અંડર કન્સ્ટ્રક્શન" ની સ્થિતિમાં હશે તો તેમને કરમુક્તિ આપવામાં આવશે.એક અન્ય સોશિયલ મીડિયા પોસ્ટમાં ટ્રમ્પે લખ્યું કે અમે ૧ ઓક્ટોબર ૨૦૨૫ થી તમામ કિચન




કેબિનેટ, બાથરુમ વેનિટી અને સંબંધિત પ્રોડક્ટ સામે ૫૦% ટેરિફ લગાવીશું. આ ઉપરાંત અમે અપહોલ્સટર્ડ ફર્નિચર સામે ૩૦% ટેરિફ લગાવીશું. તેનું કારણ એ છે કે બહારના દેશો દ્વારા અમેરિકામાં આ પ્રોડક્ટસની મોટાપાયે નિકાસ કરવામાં આવે છે. આ એક અયોગ્ય વર્તન છે પણ અમારે રાષ્ટ્રીય સુરક્ષા અને અન્ય કારણોસર અમારી વિનિર્માણ પ્રક્રિયાની રક્ષા કરવી પડશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ દલીલ કરે છે કે આ ઉત્પાદનો પર ટેરિફ જરૂરી છે કારણ કે યુએસ બજાર આવા વિદેશી માલથી ભરાઈ ગયું છે, અને તેથી, તેમને નિયંત્રિત કરવા માટે આ ટેરિફ લાદવામાં આવ્યા હતા. જોકે, આ પહેલી વાર નથી જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ટેરિફ નીતિ દ્વારા અમેરિકન વ્યવસાયોને સુરક્ષિત રાખવાનો પ્રયાસ કર્યો હોય.

### ચૂંટણી ટાણે મહાગઠબંધનનું ટેન્શન વધાર્યું

## લાલુના દીકરા તેજપ્રતાપ યાદવે નવો રાજકીય પક્ષ બનાવ્યો

। (એજન્સી) પટના, તા.૨૬ ।

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ ની હવે ગમે ત્યારે મતદાનની તારીખો જાહેર થવાની તૈયારી છે ત્યારે કોંગ્રેસ-રાજદના નેતૃત્વ હેઠળના મહાગઠબંધન માટે ચિંતાનો વિષય ઊભો થયો છે. રાષ્ટ્રીય જનતા દળ (રાજદ) ના પૂર્વ નેતા અને લાલુ પ્રસાદ યાદવના મોટા દીકરા તેજ પ્રતાપ યાદવે નવો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત કરી છે. તેજ પ્રતાપની પાર્ટીનું નામ જનશક્તિ જનતા દળ છે. તેનું ચૂંટણી પ્રતીક બ્લેકબોર્ડ છે. તેજ પ્રતાપ યાદવે તેમના સત્તાવાર X હેન્ડલ પર ચૂંટણી પ્રતીક સાથે નવી પાર્ટીનું પોસ્ટર બહાર પાડ્યું છે. તેજ પ્રતાપ યાદવે તેમના X હેન્ડલ પર તેમની નવી પાર્ટીનું પોસ્ટર અપલોડ કર્યું અને તેને કેપ્શન આપ્યું કે, હું અને મારી પાર્ટી બિહારના સંપૂર્ણ વિકાસ માટે પૂર્ણ રૂપે સમર્પિત છું. મારો અને મારી પાર્ટીનો હેતુ બિહારમાં સંપૂર્ણ બદલાવ માટે એક નવી વ્યવસ્થાનું નિર્માણ કરવાનો છે.

### હજારો આંગણવાડી કાર્યકરો-સહાયકોને મળશે લાભ

## સરકાર આંગણવાડી કાર્યકરો અને સહાયકોને ૨,૦૦૦-૨,૦૦૦ આપશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

દિવાળી પહેલા મહારાષ્ટ્ર સરકાર આંગણવાડી કાર્યકરો અને સહાયકોને એક મોટી ભેટ આપી રહી છે. સરકાર આંગણવાડી કાર્યકરો અને સહાયકોને ૨,૦૦૦-૨,૦૦૦ રૂપિયા આપશે. આ રકમ ટૂંક સમયમાં સીધી તેમના ખાતામાં જમા કરવામાં આવશે. સરકાર આ દિવાળી ભેટ પર કુલ ૪૦.૬૧ કરોડ રૂપિયા ખર્ચ



કરશે. મહારાષ્ટ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ જાહેરાત કરી કે, આ દિવાળી પર રાજ્ય સરકાર સંકલિત બાળ વિકાસ સેવાઓ (ICDS) યોજના હેઠળ કામ કરતી આંગણવાડી કાર્યકરો અને સહાયકોને બે હજાર રૂપિયાની ભેટ આપશે. તટકરેએ જણાવ્યું કે, આ પહેલ માટે ૪૦.૬૧ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે, અને આ અંગે ગુરુવારે એક સરકારી આદેશ જાહેર કરવામાં આવ્યો છે.મંત્રીએ કહ્યું કે, "આંગણવાડી કાર્યકરો અને સહાયકો બાળકોની સંભાળ, પોષણ અને તેમના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### દિવાળી પહેલા સુપ્રીમ કોર્ટની ટિપ્પણી

## દિલ્હી-NCRમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ શક્ય નથી

। (એજન્સી) દિલ્હી, તા.૨૬ ।

સુપ્રીમ કોર્ટે આજે દિલ્હી-એનસીઆરમાં ફટાકડા પર પ્રતિબંધના મુદ્દે મહત્ત્વની ટિપ્પણી કરતાં કહ્યું કે, ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો શક્ય નથી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, આ મામલામાં સંતુલિત અભિગમ અપનાવવાની જરૂર છે. આ સાથે જ કોર્ટે ચેતવણી આપતા કહ્યું કે, પ્રતિબંધ પછી સક્રિય થતા માફિયાઓથી પણ સાવધાન રહેવું પડશે. જો ફટાકડા ઉત્પાદકોને કામ કરવાનો અધિકાર છે, તો નાગરિકોને પણ સ્વચ્છ હવા લેવાનો અધિકાર છે. ચીફ જસ્ટિસ બી આર ગવઈએ NEERI અને PESO દ્વારા ગ્રીન ફટાકડા માટે પરમિટ મેળવનાર ઉત્પાદકોને ફટાકડા બનાવવાની મંજૂરી આપી. જોકે, કોર્ટે તેમને લેખિત બાંયધરી આપવા જણાવ્યું કે આગામી સુનાવણીની તારીખ સુધી તેઓ દિલ્હી-NCR વિસ્તારમાં વેચાણ નહીં કરે.

## સોનમ વાંગચુકના NGOનું વિદેશી ફન્ડિંગ લાયસન્સ રદ

। (એજન્સી) લદ્દાખ, તા.૨૬ ।

સરકારે લદ્દાખના પ્રમુખ કાર્યકર્તા સોનમ વાંગચુક દ્વારા સંચાલિત બિન-લાભકારી સંસ્થાની FCRA નોંધણી રદ કરી દીધી છે. તેનું કારણ સંગઠન દ્વારા NGO માટે વિદેશી ફન્ડિંગ સંબંધી કાયદાનું વારંવાર ઉલ્લંઘન જણાવવામાં આવ્યું છે. આ નિર્ણય વાંગચુકના નેતૃત્વમાં લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માંગને લઈ થેયલા હિંસક વિરોધ પ્રદર્શનના ૨૪ કલાક બાદ આવ્યો છે. અગાઉ સોનમ વાંગચુકે કહ્યું હતું કે, તેમનું જેલમાં રહેવું સરકાર માટે તેમની આઝાદીથી વધારે સમસ્યાઓ ઊભી કરી શકે છે. વાંગચુકે લદ્દાખમાં હાલમાં જ થેયલા હિંસક વિરોધ પ્રદર્શન માટે ગૃહ મંત્રાલય દ્વારા તેમને જવાબદાર ઠેરવવામાં આવતા બલિનો બકરો બનાવવાની રણનીતિ ગણાવી હતી. ગૃહ મંત્રાલયના નિવેદન પર પ્રતિક્રિયા આપતા વાંગચુકે કહ્યું કે, તેઓ કડક જાહેર સલામતી કાયદા (PSA) હેઠળ ધરપકડનો સામનો કરવા તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, "હું જોઉં રહ્યો છું કે તેઓ એવા મામલા બનાવી રહ્યા છે, જેથી મને જાહેર સલામતી કાયદા હેઠળ ધરપકડ કરીને બે વર્ષ માટે જેલમાં નાખી શકે. હું તેના માટે તૈયાર છું, પરંતુ સોનમ વાંગચુકને આઝાદ રહેવાને બદલે જેલમાં નાખવાથી સમસ્યા વધુ વકરી શકે છે." તેમણે કહ્યું હતું કે, "એમ કહેવું કે આ (હિંસા) મારા દ્વારા અથવા કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉશ્કેરવામાં આવી હતી, એ સમસ્યાના મૂળથી ઉકેલવાને બદલે બલિનો બકરો શોધવા જેવું છે, અને તેનાથી કંઈ ઉકેલ આવશે નહીં." કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બુધવારે રાત્રે એક નિવેદનમાં આરોપ લગાવ્યો હતો કે, કાર્યકર્તા સોનમ વાંગચુક અને રાજકીય રીતે પ્રેરિત કેટલાક લોકો, જેઓ સરકાર અને લદ્દાખી જૂથોના પ્રતિનિધિઓ વચ્ચેની વાતચીતમાં થયેલી પ્રગતિથી ખુશ નથી.

## UN હેડક્વાર્ટરમાં બનેલી ઘટનાઓ સંયોગ નહીં પરંતુ ભાંગફોડ છે : ટ્રમ્પ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

યુએન હેડક્વાર્ટરમાં બનેલી ત્રણ ઘટનાઓને ટ્રિપલ ભાંગફોડની ઘટનાઓ ગણાવી અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે તેની તાકીદે તપાસ કરવાની માગણી કરી હતી. યુએની મહાસભાની બેઠક દરમિયાન ટ્રમ્પ તેમના પત્ની મેલાનિયા સાથે એસ્કેલેટર હતાં ત્યારે અચાનક ખોટવાઈ ગઈ હતી. આ ઉપરાંત ટ્રમ્પ યુએન મહાસભાની જનરલ ડિબેટમાં પ્રવચન કરી રહ્યાં હતા ત્યારે ટેલિપ્રોમ્પ્ટર બંધ થઈ ગયું હતું. બુધવારે ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે ગઈકાલે સંયુક્ત રાષ્ટ્રમાં ખરેખર શરમજનક ઘટના બની હતી. એક નહીં, બે નહીં, પરંતુ ત્રણ ખૂબ જ ભયાનક ઘટનાઓ. એસ્કેલેટરની ઘટના અંગે ટ્રમ્પે જણાવ્યું હતું કે તે અચાનક બંધ થઈ ગઈ હતી. મેલાનિયા અને હું સ્ટીલના પગથિયાંની તીક્ષ્ણ ધાર પર પડ્યા નહીં તે સારુ ગણાય. અમે બંનેએ હેન્ડરેઈલને મજબૂત રીતે પકડી રાખ્યું હતું, નહીંતર તે એક આપત્તિ હોત. આ સંપૂર્ણપણે તોડફોડ હતી. આ ઘટના પાછળના લોકોની ધરપકડ થવી જોઈએ.આ પછી ટ્રમ્પ યુએન મહાસભાની જનરલ ડિબેટમાં પોતાનું ભાષણ આપવા માટે મંચ પર આવ્યા ત્યારે ટેલિપ્રોમ્પ્ટર બંધ થઈ ગયું હતું. ટ્રમ્પે જણાવ્યું હતું કે હું દુનિયાભરના લાખો લોકો અને હોલમાં મહત્વપૂર્ણ નેતાઓ સમક્ષ ઊભો હતો, ત્યારે મારું ટેલિપ્રોમ્પ્ટર બંધ થઈ ગયું હતું. મેં તરત જ વિચાર્યું, વાહ, પહેલા એસ્કેલેટર ઈવેન્ટ, અને હવે ખરાબ ટેલિપ્રોમ્પ્ટર. આ કેવું સ્થળ છે.ત્રીજી ઘટનાનો ઉલ્લેખ કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમનું ભાષણ પૂરું કર્યા પછી તેમને કહેવામાં આવ્યું કે યુએન જનરલ એસેમ્બલી હોલમાં અવાજ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.

### આમને જ સીએમ બનાવી દો, અમે તો અહીં...

## પૂર પીડિતોને મળવા પહોંચેલા અજિત પવાર ખેડૂતો પર ભડક્યાં

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અવાર-નવાર વિવાદોમાં રહે છે. ત્યારે ફરી એકવાર તે વિવાદોમાં ઘેરાયા છે. તાજેતરમાં જ તે મહારાષ્ટ્રના પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ખેડૂતો સાથે નુકસાન વિશે વાત કરી. ખેડૂતો સાથે વાત કરતી વખતે અજિત પવારે કંઈક એવું કહ્યું જેનાથી હવે વિપક્ષ મુદ્દો બની ગયો છે.

મહારાષ્ટ્રમાં પૂરગ્રસ્ત ખેડૂતોને મળવા માટે નાયબ મુખ્યમંત્રી અજિત પવાર મરાઠવાડા ગયા હતા. આ દરમિયાન ખેડૂતે તેમને લોન માફી અંગે સવાલ પૂછ્યો, જેનાથી અજિત પવાર ગુસ્સે થઈને કહ્યું કે, આમને જ મુખ્યમંત્રી બનાવી દો! શું તમને લાગે છે કે અમે અહીં રમત રમવા આવ્યા છીએ? આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેને લઈને રાજકીય વિવાદ ઊભો થયો છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીનો આ વીડિયો સામે આવ્યા પછી, વિપક્ષે તેમની આકરી ટીકા કરી રહ્યા છે. જોકે, તેમણે આ આરોપને ગેરસમજ ગણાવીને ફગાવી દીધો. શિવસેના (ઉદ્ધવ જૂથ)ના સંજય રાઉતે નાયબ મુખ્યમંત્રી અજિત પવાર પર પણ નિશાન સાધ્યું છે. તેમમે કહ્યું કે, આ અજિત પવારની શૈલી નથી, પરંતુ ઘમંડ છે.

### હિન્દુ વારસા ધારાની જોગવાઈને પડકારતી અરજીની સુનાવણી કરતાં મહત્ત્વપૂર્ણ અવલોકન

## હિન્દુ સામાજિક માળખું તોડવા નથી માગતા : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

હિન્દુ વારસા ધારા, ૧૯૫૬ની કેટલીક જોગવાઈઓને પડકારતી અરજીઓની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે હજારોથી વર્ષોથી અસ્તિત્વમાં રહેલા હિન્દુ સામાજિક માળખુ અને તેના મૂળભૂત સિદ્ધાંતોને તોડી પાડવામાં તે સાવચેત રહેશે અને સાવધાનીપૂર્વક આગળ વધશે. ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે હજારો વર્ષોથી અસ્તિત્વમાં રહેલા હિન્દુ સમાજના માળખાના ગૌરવને નુકસાન પહોંચાડશો નહીં. એક કોર્ટ તરીકે અમે તમને ચેતવણી આપી રહ્યાં છીએ. એક હિન્દુ સામાજિક માળખું છે અને તમે તેને તોડી પાડશો નહીં. અમે નથી ઈચ્છતા કે અમારા ચુકાદાથી હજારો વર્ષોથી ચાલી આવતી કોઈ પરંપરા તૂટી જાય.સર્વોચ્ચ અદાલતે કહ્યુ હતું કે મહિલાઓના અધિકારો મહત્વપૂર્ણ છે, પરંતુ સામાજિક માળખા અને મહિલાઓને અધિકારો આપવા વચ્ચે સંતુલન હોવું જોઈએ આ પછી ખંડપીઠે વ્યાપક મુદ્દાઓને વિચારણા હેઠળ રાખીને પક્ષકારોને સમાધાન માટે સુપ્રીમ કોર્ટના મધ્યસ્થી સેન્ટરમાં રિફર કર્યા હતાં.અરજદારોમાંથી એક વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે રજૂઆત કરી હતી કે પડકાર આવી છે તે જોગવાઈઓ મહિલાઓ સામે ભેદભાવપૂર્ણ છે. ફક્ત પરંપરાઓને કારણે મહિલાઓને સમાન વારસાના અધિકારોથી વંચિત રાખી શકાય નહીં. કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજે આ ધારાનો બચાવ કરીને આરોપ મૂક્યો હતો કે અરજદારો સામાજિક માળખાનો નાશ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

### ક્વોડ સમિટ વર્ષના અંતે અથવા આગામી વર્ષે યોજવા તૈયારીઓ

## ટ્રમ્પ ક્વોડ સમિટમાં હાજરી આપવા ભારતની મુલાકાતે આવી શકે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

અમેરિકાના વિદેશ વિભાગના એક અધિકારીએ જણાવ્યા મુજબ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે મુલાકાત થઈ શકે છે. બંને નેતાઓ વચ્ચે સકારાત્કમ સંબંધો છે. આગામી ક્વોડ સમિટ આ વર્ષના અંતમાં અથવા આગામી વર્ષે યોજાવાની તૈયારીઓ ચાલી રહી છે. ભારત આ વખતે ક્વોડ સમિટનું યજમાન રહેશે અને અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનના નેતાઓ ભારતની મુલાકાતે આવશે. ૨૦૨૪ની ક્વોડ સમિટ અમેરિકાના વિલમિંગ્ટન, ડેલવેર ખાતે યોજાઈ હતી.યુએસના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત અંગે હું રાષ્ટ્રપતિ તરફથી કોઈ જાહેરાત અગાઉથી કરવા ઈચ્છતો નથી પરંતુ મને વિશ્વાસ છે કે વડાપ્રધાન મોદી અને પ્રેસિડેન્ટ ટ્રમ્પની ટૂંકમાં મુલાકાત થઈ શકે છે તેમ યુએસ વિદેશ વિભાગના અધિકારીએ ઉમેર્યુ હતું. ક્વોડ સમિટ માટે તારીખો નક્કી કરવાની કામગીરી ચાલી રહી છે. આ વર્ષે નહીં તો આગામી વર્ષે તેનું આયોજન કરાશે.ભારત અને અમેરિકા વચ્ચેના તાજેતરના સંવાદો ઘણા ફળદ્રુપ રહ્યા છે અને આગામી મહિનાઓમાં પણ તેમાં સકારાત્મક પ્રગતિની આશા છે. બંને વચ્ચે વેપાર કરાર સહિત કેટલાક મતભેદો છે જેનો ટૂંકમાં ઉકેલ લવાશે તેમ અધિકારીએ જણાવ્યું હતું.






પશ્ચિમ બંગાળના કોલકાતામાં 'દુર્ગા પૂજા' ઉત્સવ દરમિયાન એક સમુદાય પૂજા પંડાલના ઉદ્ઘાટન દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સંબોધન કરી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદના શેરી સર્કલ પાર્ટી પ્લોટમાં ગરબા રમવા જવું દંપતીને મોંઘુ પડયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદના સોલા વિસ્તારમાં આવેલા શેરી સર્કલ ગરબાના પાર્કિંગમાં કારમાંથી ચોરી થઈ છે, કારનો કાચ તોડીને ચોરી કરાતા દંપતી પણ ચોંકી ઉઠયું હતુ અને પોલીસને જાણ કરી હતી, તો પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે, કારમાં રહેલ મોબાઈલ, પર્સ, ઘડિયાળ સહિતની વસ્તુઓની ચોરી થતા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશને તપાસ શરૂ કરી છે. શેરી સર્કલ ગરબાના પાર્કિંગમાં પાર્ક કરેલી કારમાં ચોરીની ઘટના બની છે, કારનો કાચ તોડી કારમાં રહેલ મોંઘી ઘડિયાળ, મહિલાનું પર્સ અને મોબાઈલ ફોનની ચોરી કરાઈ છે, સોલા પોલીસ સ્ટેશન હદમાં ઓગણજ વિસ્તારમાં આવેલા શેરી સર્કલ પાર્ટી પ્લોટમાં બની ઘટના, અને ફરિયાદીએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાવી ફરિયાદ. મહત્વનું છે કે, ગરબા રમવા માટે જાવ તેનો વાંધો નહી પણ તમારી મહત્વની વસ્તુઓ કારમાં મૂકીને ના જાવ નહીતર તમારી વસ્તુઓ પણ ચોરાઈ શકે છે.પાર્કિંગમાં સીસીટીવી કેમેરા લગાવ્યા છે કે નહી તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે, આ તો એક કારમાંથી ચોરી થઈ છે.

### સુરતના કોસંબામાં શ્વાને બાળક પર હુમલો કર્યો

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતના કોસંબામાં રખડતા શ્વાને બાળક પર હુમલો કર્યો હોવાની વાત સામે આવી છે, શ્વાનના હુમલામાં ૫ વર્ષના બાળકને ગંભીર ઈજા પહોંચાડી છે, બહેન સાથે ટ્યુશનથી ઘરે જતો હતો બાળક તે વખતે શ્વાને હુમલો કરતા બાળકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, ઘર બહાર જ રખડતા શ્વાને કર્યો હુમલોગુજરાતમાં ફરી એક વાર રખડતા શ્વાને બાળક પર હુમલો કર્યો છે, ઘણા કિસ્સા એવા બન્યા છે જેમાં રખડતા શ્વાને બાળકો પર હુમલો કરતા બાળકનું મોત પણ નિપજયું છે, માંગરોળ તાલુકાના જૂના કોસંબા ગામે આ ઘટના બની હોવાની વાત સામે આવી છે, મહમદ અલી નામનો ૫ વર્ષીય બાળક પોતાની બહેન સાથે ટ્યુશનથી ઘરે જઈ રહ્યો હતો તે દરમિયાન શ્વાને તેના મોઢા નજીક જઈ હુમલો કર્યો જેથી બાળકને કાનની ઉપરના ભાગે ટાંકા આવ્યા છે. બદલાતા મોસમને કારણે કુદરત જ નહિ, માણસો ઉપરાંત તમામ જીવ-જંતુ તમામમાં પરિવર્તન થઈ રહ્યાં છે. જેના અનેક ઉદાહરણ આપણને જોવા મળે છે. પરંતુ તેના બાદ પણ આપણે જળવાયુ પરિવર્તનને લઈને સજાગ થયા નથી અને ન તો આ બદલાવને સ્વીકારી રહ્યાં છે. ક્લાયમેટ ચેન્જને કારણે પ્રકૃતિમાં અનેક પ્રકારના બદલાવ થઈ રહ્યાં છે, જેને કારણે પાકના ગ્રોથમાં ઘટાડો, લોકોના વિચારોમાં સમસ્યાઓ, માણસોની હાઈટમાં તકલીફ વગેરે સમસ્યાઓ આવી રહી છે. તમને જણાવી દઈએ કે, હાલ યુરોપ પણ ગરમીનો સામનો કરી રહ્યું છે. તો માણસો પણ અનેક સમસ્યાઓનો તકલીફો વેઠી રહ્યાં છે. પરંતુ આગામી સમયમાં વ્યાપક રૂપમાં દુનિયાને અસર કરશે.

### જર્જરિત આંગણવાડી કેન્દ્રો અને ભ્રષ્ટાચારનો આક્ષેપ

# કુપોષણમુક્ત ગુજરાત અભિયાનનું સૂરસુરિયું!

### ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય અમિત ચાવડાએ ગુજરાતના વિકાસ મોડલ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય અમિત ચાવડાએ ગુજરાતના વિકાસ મોડલ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. ગુજરાતના સ્થાપના દિવસથી જ રાજ્ય વિકાસમાં અગ્રેસર રહ્યું હોવા છતાં, આજે પણ રાજ્ય પર કુપોષણનું લાંછન હોવાનો આક્રોશ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે ભાજપના છેલ્લા ત્રણ દાયકાના શાસનકાળ દરમિયાન કુપોષણની સમસ્યા યથાવત રહેવા બદલ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ચાવડાએ જણાવ્યું હતું કે, કેગના અહેવાલમાં પણ ગુજરાતમાં કુપોષણની સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તેમણે આક્ષેપ કર્યો કે કહેવાતા મોદી મોડલના ગુજરાતમાં પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ કુપોષણની સમસ્યા આજે પણ યથાવત છે. તેમના મતે, ભાજપના ત્રણ દાયકાના શાસન દરમિયાન ગુજરાત પર આ સૌથી મોટું લાંછન છે. આંકડા ટાંકીને તેમણે



કહ્યું કે આખા દેશમાં કુપોષિત જિલ્લાઓની યાદીમાં કુલ ૧૦ પૈકી પાંચ જિલ્લા એકલા ગુજરાતના છે. ખાસ કરીને આદિવાસી જિલ્લાઓમાં કરોડો રૂપિયાના ખર્ચ છતાં કુપોષણનું ઊંચું પ્રમાણ જોવા મળે છે, જે સરકારી યોજનાઓની નિષ્ફળતા દર્શાવે છે. અમિત ચાવડાએ કુપોષણ સામેની લડાઈના મુખ્ય કેન્દ્રો એવા આંગણવાડીઓની સ્થિતિ પર પણ ધ્યાન દોર્યું. તેમણે આરોપ લગાવ્યો કે ગુજરાતની વસ્તીના પ્રમાણમાં રાજ્ય પાસે પૂરતા આંગણવાડી કેન્દ્રો નથી. જે કેન્દ્રો છે, તેમાંથી અનેક ભાડાના મકાનમાં ચાલે છે અને ત્યાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. અનેક આંગણવાડી કેન્દ્રો જર્જરિત હાલતમાં છે જ્યાં લાઈટ, પાણી કે ટોઈલેટની વ્યવસ્થા પણ નથી. સરકાર ખરીદીઓમાં ભ્રષ્ટાચાર કરવામાં મસ્ત છે, જ્યારે આંગણવાડી જેવી આવશ્યક સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ રહી છે.

### તંત્ર સામે ગંભીર આરોપ

# ફરિયાદ ન સાંભળતી પોલીસ સામે સ્ટેશનમાં જ યુવકનો આપઘાતનો પ્રયાસ

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

રાજકોટના યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મોડી રાત્રે એક ગંભીર ઘટના બની છે, જ્યાં એક યુવકે પોતાની પત્નીને ભગાડી જનાર વ્યક્તિઓ સામે પોલીસ કાર્યવાહી ન થતાં પોલીસ સ્ટેશનની અંદર જ ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. મળતી માહિતી મુજબ, પુરોહિત રાજુભાઈ રાઠોડ નામના યુવકે પોલીસ સ્ટેશનમાં પહોંચીને પીવા માટે ફિનાઈલ કાઢ્યું હતું. તેણે આક્ષેપ કર્યો કે આલાપ ગ્રીન સિટી નજીક રહેતા ગોવિંદ ભરવાડ અને અન્ય બે વ્યક્તિઓ તેની પત્નીને ભગાડી ગયા છે, પરંતુ આ મામલે પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી. પોતાની ફરિયાદ દાખલ ન થતાં અને ન્યાય ન મળતા નિરાશ થઈને તેણે પોલીસ સ્ટેશનની અંદર જ ફિનાઈલ પી લીધું હતું. આ ઘટના બાદ પોલીસ સ્ટેશનમાં હાજર કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી.યુવકના આ પગલાં બાદ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવીને તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાદ પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

### તળાવોના બ્યુટીફિકેશનની કામગીરી શરૂ કરવામાં આવી

# વસ્ત્રાપુર તળાવના બ્યુટીફિકેશનની કામગીરી દરમિયાન બે શ્રમિકોને કરંટ લાગ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદમાં મહાનગર પાલિકા દ્વારા તળાવોના બ્યુટીફિકેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. વસ્ત્રાપુર તળાવના બ્યુટીફિકેશનની કામગીરી દરમિયાન ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. કામગીરી દરમિયાન બે શ્રમિકોને કરંટ લાગતા દોડાદોડી મચી જવા પામી હતી. બંને શ્રમિકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં બેદરકાર કોણ તે અંગે અનેક સવાલો ઉભા થયાં છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના વસ્ત્રાપુર તળાવના બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી દરમિયાન બે શ્રમિકોને અચાનક કરંટ લાગતા દોડધામ મચી જવા પામી હતી. બંને શ્રમિકોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. ચેતન અને કૌશિક નામના શ્રમિકોને કરંટ લાગ્યો હતો. બંનેમાંથી એક શ્રમિકને હાલમા વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો છે. આ ઘટનામાં બેદરકારી કોની તે અંગે સવાલો ઉભા થયાં છે. અમદાવાદમાં વસ્ત્રાપુરના ૨૦ વર્ષ જૂના તળાવનું રિડેવલપમેન્ટ શરૂ કરવામાં આવ્યું છે. તળાવમાં ઉંદરોનાં ત્રાસથી અપર વોક વે અને તળાવ ફરતેની દિવાલમાં ખાડા પડી ગયા હતાં. ઉલ્લેખનીય છે કે,વર્ષ ૨૦૦૩ પહેલાં ઔડા દ્વારા વસ્ત્રાપુર તળાવનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને મહાનગર પાલિકાની હદમાં ૨૦૦૬ પછી નવા પશ્ચિમ ઝોનના પાલિકા અને પંચાયતોના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ઔડા દ્વારા વસ્ત્રાપુર તળાવ અમદાવાદ મહાનગર પાલિકાને સોંપવામાં આવ્યું હતું. અને મહાનગર પાલિકાની હદમાં ૨૦૦૬ પછી નવા પશ્ચિમ ઝોનના પાલિકા અને પંચાયતોના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ઔડા દ્વારા વસ્ત્રાપુર તળાવ અમદાવાદ મહાનગર પાલિકાને સોંપવામાં આવ્યું હતું.

### અમદાવાદમાં ખેલૈયા માટે ખુશ ખબર

# ૨૬ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર સુધી રાતે ૨ વાગ્યા સુધી મેટ્રો દોડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

નવરાત્રિમાં ખેલૈયાઓની અવરજવરના લીધે રાત્રે એક બે વાગ્યે પણ રસ્તા પર સાંજના આઠ વાગ્યા જેવો ટ્રાફિક જોવા મળે છે. ખાસ કરીને શહેરની ભાગોળે મોટા પાયે કાર્યક્રમો યોજાઈ રહ્યા હોય રાત્રે સાધન ન મળતા તેમજ મોંઘા ભાડાં હોવાથી ગરબાના સ્થળેથી આવજા કરવામાં લોકોને મુશ્કેલી પડે છે. ત્યારે નવરાત્રિ ટાળે ખેલૈયાઓ માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. જેથી નવરાત્રિ દરમિયાન મોડી રાત સુધી મેટ્રો દોડાવવનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર નવરાત્રિ દરમિયાન રાત્રે ૨ વાગ્યા સુધી મેટ્રો ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય ૨૬ સપ્ટેમ્બરથી અમલમાં આવશે, જે ૧ ઓક્ટોબર સુધી લાગુ રહેશે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે પણ રાત્રે ૨ વાગ્યા સુધી મેટ્રો ટ્રેન દોડાવવામાં આવશે. આ નિર્ણયથી ખેલૈયા અને ગરબાપ્રેમીઓમાં ખુશીની લહેર જોવા મળી છે. નોંધનીય છે કે આ વર્ષે આ વર્ષે નવરાત્રિમાં મંડળી ગરબા સહિતના આયોજનોના કારણે મોડી રાત સુધી ગરબા રમવાની પરવાનગી આપી દેવાઈ છે. ખેલૈયાઓની અવરજવરના લીધે રાત્રે રસ્તા પર જાણે વાહનોનું કીડીયારું ઉભરાય છે. મોડી રાતે પણ સાંજનાસાત-આઠ વાગ્યા જેવો ચક્કાજામ સર્જાયછે. જેથી લોકોને કલાકોટ્રાફિકમાં ફસાવાનો વારો આવે છે. આ વર્ષેમોટા ભાગના ગરબાના આયોજનો રિંગરોડ પાસેના પાર્ટી પ્લોટમાં થઈ રહ્યા છે. ત્યારે રાત્રે શહેરી વિસ્તારમાંથી ગરબાના સ્થળ સુધી આવજા માટે પરિવારોને સાધન નહીં મળતા તેઓ પરેશાન થઈ જાયછે. તેમજ રિક્ષા, ટેક્સીના તોતિંગ ભાડાંચૂકવવા પડે છે. પરિણામે રાત્રે ૧૧ વાગ્યાના બદલે મોડી રાત એટલેબે-ત્રણ વાગ્યાસુધી મેટ્રોરેલ, એએમટીએસ અને બીઆરટીએસ બસ દોડાવવા ખેલૈયાઓમાંથી માંગ ઉઠી હતી.

# સુરતમાં બેફામ જતાં કન્ટેનરે બાઈકને અડફેટે લીધું

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતના અમરોલી વિસ્તારમાં રસ્તા પરના ખાડાઓને કારણે એક અત્યંત કરુણ અકસ્માત સર્જાયો છે. બાઈક પર જઈ રહેલા ત્રણ યુવકો ખાડામાં પડતાં બાઈક સ્લિપ થઈ ગઈ, જેના કારણે ત્રણેય નીચે પટકાયા હતા. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલા કન્ટેનરનું ટાયર એક યુવકના માથા પર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું, જ્યારે અન્ય બે યુવકોને ઈજા થઈ હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.મળતી માહિતી મુજબ, ૩૫ વર્ષીય શંભુનાથ બાલેશ્વર યાદવ (એજલ, સુરત) પોતાના બે મિત્રો સાથે બાઈક પર જઈ રહ્યા હતા. અમરોલી વિસ્તારમાં રસ્તા પરના એક ઊંડા ખાડામાં અચાનક તેમની બાઈક સ્લિપ થઈ ગઈ, જેના પરિણામે ત્રણેય યુવકો રસ્તા પર પટકાયા હતા. દુર્ભાગ્યવશ, આ જ સમયે પાછળથી આવી રહેલું એક કન્ટેનર શંભુનાથના માથા પરથી પસાર થઈ ગયું હતું, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.અકસ્માત બાદ સ્થાનિક લોકોએ તત્કાળ પોલીસને જાણ કરી હતી. અમરોલી પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે શંભુનાથના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને ઈજાગ્રસ્ત બે યુવકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે કન્ટેનરચાલક વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને કારણે રસ્તા પરના ખાડાઓની સમસ્યા ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. પોલીસે સીસીટીવી ફૂટેજ પણ મેળવ્યા છે, જેના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસે સીસીટીવી ફૂટેજ પણ મેળવ્યા છે, જેના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### સગીર આરોપીનું નિવેદન લેવાયું

# રાજકોટમાં સગીર વિદ્યાર્થીએ સ્કૂલે જતી શિક્ષિકાની છેડતી કરી

### ભક્તિનગર પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી સગીર વયના વિદ્યાર્થીને ઝડપી પાડી તેનું નિવેદન પણ નોંધવામાં આવ્યું છે

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

નવરાત્રીના તહેવારના દિવસોમાં મહિલા સુરક્ષા માટે પોલીસ તંત્રએ ખાસ વ્યવસ્થા કરી છે. છતાં પણ હાલના સમયમાં રાજકોટમાં યુવતીઓ સુરક્ષિત નથી તેવી ગંભીર ઘટના શહેરના ભક્તિનગર વિસ્તારમાં સામે આવી છે. જ્યાં સગીર વયના વિદ્યાર્થીએ ટુ-વ્હિલર પર આવી સ્કૂલે જતી શિક્ષિકાની છેડતી કરી છે. આ સમગ્ર ઘટના સીસીટીવી ફૂટેજમાં પણ કેદ થઈ હોવાનું સામે આવ્યું છે. ત્યારે ભક્તિનગર પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી સગીર વયના વિદ્યાર્થીને ઝડપી પાડી તેનું નિવેદન પણ નોંધવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાની વતની અને છેલ્લા દોઢ માસથી રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રાઈવેટ સ્કૂલમાં ટીચર તરીકે ફરજ બજાવનારી ૨૬ વર્ષિય યુવતીએ આ બાબતે ફરિયાદ નોંધાવી છે. જેમાં તેણીએ જણાવ્યું છે કે, 'ગઈકાલે ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ હું મારા ગામથી રાજકોટ ખાતે બસમાં આવી હતી. તેમજ બસમાંથી રાજકોટ શહેરના નાગરિક બેંક ચોક ખાતે ઉતરી હતી. હું ભક્તિનગર સર્કલથી જલારામ ચોક થઈને મારી સ્કૂલ ઉપર ચાલીને જતી હતી. તે દરમિયાન ઈલેક્ટ્રિક બાઈક પર આવેલ વ્યક્તિએ મારા જમણા પગના થાપાના ભાગે સ્પર્શ કરી, મારી છેડતી કરીને ત્યાંથી ભાગી ગયો હતો.' વધુમાં શિક્ષિકાએ આપેલી ફરિયાદમાં તેમણે વધુમાં જણાવ્યું છે કે, 'છેડતી કરનાર વ્યક્તિએ શુભમ સ્કૂલનો ડ્રેસ પહેર્યો હતો. ત્યાર બાદ હું મારી શાળા ખાતે પહોંચી હતી તેમજ સમગ્ર બાબત અંગે મેં અમારા પ્રિન્સિપાલ સાથે વાતચીત કરી હતી. દરમિયાન શુભમ સ્કૂલ ખાતે તપાસ કરતા છેડતી કરનાર વ્યક્તિ શુભમ સ્કૂલ ખાતે અભ્યાસ કરતો હોવાનું સામે આવ્યું હતું.' પીડિત શિક્ષિકાની આ ફરિયાદને આધારે ભક્તિનગર પોલીસે બીએનએસની કલમ ૭૫, ૭૮ મુજબ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી, ત્યારે બનાવ મંગળવારના રોજ સવારના ૬:૪૫ વાગ્યા આસપાસ બન્યો હોવાનું સામે આવ્યું છે. વધુમાં તપાસ કરતા આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હોવાનું પણ હાલ સામે આવ્યું છે. જે CCTV ફૂટેજને આધારે પોલીસે આરોપીની ઓળખ કરીને ત્યારે આરોપી સગીર વયનો હોવાનું સામે આવ્યું છે. હાલ આ મામલે ભક્તિનગર પોલીસે આપેલી માહિતી મુજબ, છેડતીના ગુનાની ફરિયાદ નોંધાતાની સાથે પોલીસ દ્વારા સગીર વયના આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેમજ ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે તેનું નિવેદન પણ નોંધવામાં આવ્યું છે.

### ૭ યુવકો પાસેથી રૂ. ૩૫.૧૫ લાખ પડાવ્યા

# AMCમાં નોકરીની લાલચ આપી છેતરપિંડી કરાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

આજના સમયમાં બેરોજગારી એક ગંભીર સમસ્યા છે, અને તેનો લાભ ઠગબાજો ઉઠાવી રહ્યા છે. સુરેન્દ્રનગરમાં તાજેતરમાં બનેલી એક ઘટના આનું જીવતું જાગતું ઉદાહરણ છે. અહીં ત્રણ ઠગબાજોની એક ટોળકીએ સરકારી નોકરીની લાલચ આપીને ૭ યુવકો સાથે રૂ. ૩૫.૧૫ લાખની મોટી છેતરપિંડી આચરી છે. આ ગઠિયાઓએ પોતાને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)માં ઉચ્ચ અધિકારીઓ તરીકે ઓળખાવ્યા અને યુવાનોને કમિશનરના રાઈટર (લેખક) તરીકે નોકરી આપવાની લાલચ આપી. આ યુવકો સરકારી નોકરી મેળવવાની આશામાં આ ટોળકીના શિકાર બન્યા. આ ઠગબાજોએ ખૂબ જ ચાલાકીપૂર્વક કામ કર્યું. તેમણે પીડિત યુવકોને વિશ્વાસમાં લેવા માટે છસ્ઝના બોગસ લેટરપેડ પર બનાવટી નિમણૂક પત્રો તૈયાર કર્યા. આ બોગસ લેટર્સ બતાવીને ઠગબાજોએ દાવો કર્યો કે તેઓ ખરેખર છસ્ઝમાં ઉચ્ચ પદ પર ઈન્સપેક્ટર તરીકે કાર્યરત છે. સરકારી નોકરી મળવાની પાકી ખાતરી થતા, દરેક યુવકે તબક્કાવાર મોટી રકમ આ ઠગબાજોને આપી. આ રીતે, કુલ ૭ યુવકો પાસેથી કુલ રૂ. ૩૫.૧૫ લાખ પડાવી લેવામાં આવ્યા. જ્યારે લાંબા સમય સુધી નોકરી શરૂ ન થઈ અને ઠગબાજોએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું, ત્યારે યુવકોને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો. આ ઘટના બાદ પીડિત યુવકોએ સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. આ કિસ્સો યુવાનો માટે એક કડક ચેતવણી છે કે સરકારી નોકરીના નામે પૈસા આપતા પહેલાં સંપૂર્ણ ખરાઈ કરવી અત્યંત જરૂરી છે. કોઈ પણ વ્યક્તિ જ્યારે નોકરી અપાવવાના બહાને પૈસાની માંગણી કરે, ત્યારે તેના ઈરાદા પર શંકા કરવી જોઈએ. આવી ઘટનાઓથી બચવા માટે સરકારી નોકરીઓ માટેની સત્તાવાર વેબસાઈટ કે સત્તાવાર નોટિફિકેશન પર જ વિશ્વાસ કરવો જોઈએ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

### અવકાશયાન સૂર્યની ઉકળતી સપાટીથી ફક્ત ૬૨ લાખ કિ.મી.ના સૌથી નજીકનાઅંતરે પહોંચી ગયું છે, એક કલાકમાં ૬.૭૮ લાખ કિ.મી.

# CBSEનો નવો પ્લાન! હવે શાળામાં જ NEET, IIT જેવી પરીક્ષાની થશે તૈયારી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।**

બાળકો શિક્ષણ અને કારકિર્દીની દોડમાં શાળા કરતાં કોચિંગ પર વધુ નિર્ભર બની રહ્યા છે. આ પરિસ્થિતિ અંગે શિક્ષણ મંત્રાલય અને CBSE બંનેએ ચિંતા વ્યક્ત કરી છે. આ સમસ્યાના નિવારણ માટે, મંત્રાલય અને બોર્ડની સમિતિઓએ નવા સૂચનો આપ્યા છે, જેથી બાળકોને શાળામાં જ અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યોગ્ય વાતાવરણ મળી શકે. આ પગલાંથી કોચિંગ પરની નિર્ભરતા ઘટશે અને બાળકો શાળામાં જ સશક્ત તૈયારી કરી શકશે.

શિક્ષણ મંત્રાલયની ઉચ્ચ સ્તરીય સમિતિ માને છે કે જો બાળકોને શાળામાં જ પૂરતું માર્ગદર્શન અને તાલીમ મળે, તો તેમને કોચિંગ પર આધાર રાખવો પડશે નહીં.

આ હેતુ માટે, પ્રોફેસર ઑફ પ્રેક્ટિસ મોડેલ શરુ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ મોડેલ હેઠળ, શાળાના શિક્ષકોને સ્પર્ધાત્મક



પરીક્ષાઓની રણનીતિઓ માટે તાલીમ અપાશે અને ઉદ્યોગ તથા શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોને વિઝિટિંગ ફેકલ્ટી તરીકે બોલાવવામાં આવશે. આનાથી વિદ્યાર્થીઓ પરીક્ષાના માળખા અને તૈયારીની રણનીતિને વધુ સારી રીતે સમજી શકશે.

CBSE દ્વારા સૂચવ્યા મુજબ, શાળાઓની અંદર જ સેન્ટર ફોર ઍડ્વાન્સ સ્ટડીઝ (CAS) ખોલવામાં આવશે. આ કેન્દ્રો એવા વિદ્યાર્થીઓ માટે છે જેઓ IIT-JEE, NEET, CLAT, CUET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા ઇચ્છે છે. અહીં ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, કોમ્પ્યુટર સાયન્સ, કાયદાકીય અભ્યાસ, એકાઉન્ટ્સ અને અર્થશાસ્ત્ર જેવા વિષયો માટે ખાસ ઍડ્વાન્સ ક્લાસ ચલાવવામાં આવશે. સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે CAS પસંદ કરનારા અને ન પસંદ કરનારા વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં આવશે નહીં. જે વિદ્યાર્થીઓ ઝછજીમાં જોડાવા ઈચ્છે છે, તેમને પ્રવેશ પહેલાં કાઉન્સેલિંગ આપવામાં આવશે અને ત્યારબાદ પ્રક્રિયા દ્વારા પ્રવેશ આપવામાં આવશે. શિક્ષણ મંત્રાલયની મંજૂરી મળ્યા પછી જ આ કેન્દ્રો શાળાઓમાં શરુ કરી શકાશે.

CBSE અનુસાર, બોર્ડ પરીક્ષાઓમાં ૫૦% પ્રશ્નો કોમ્પિટન્સી આધારિત હશે. આનો અર્થ એ છે કે વિદ્યાર્થીઓ ફક્ત ગોખણપટ્ટી કરીને નહીં, પણ કોન્સેપ્ટને ઊંડાણપૂર્વક સમજીને અને તેનો ઉપયોગ કરીને જ પાસ થઈ શકશે.

CAS માટે, વિશિષ્ટ અભ્યાસ સામગ્રી અને અસાઈનમેન્ટ્સ તૈયાર કરાશે, જે ડિજિટલ સ્વરૂપમાં પણ ઉપલબ્ધ હશે. શાળાઓ આ માટે નવા શિક્ષકોની ભરતી કરી શકે છે અથવા તેમના હાલના પ્રશિક્ષિત શિક્ષકોને નિયુક્ત કરી શકે છે. મહત્ત્વની વાત એ છે કે, CAS સંપૂર્ણપણે શાળાના પરિસરમાં અને શાળાના નિયમિત સમય દરમિયાન જ ચલાવવામાં આવશે.

CBSEએ સ્પષ્ટ કર્યું છે કે શાળાઓને કોઈપણ કોચિંગ સેન્ટર સાથે જોડાણ કરવાની મંજૂરી નથી. વધુમાં, ડમી શાળાઓની પ્રથાને રોકવા માટે પણ કડક પગલાં લેવામાં આવ્યા છે. આનો હેતુ એ છે કે વિદ્યાર્થીઓ શાળામાં રહીને જ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે.

## હું રાષ્ટ્રપ્રમુખ પદ છોડવા માટે તૈયાર છું : ઝેલેન્સ્કી

**। (એજન્સી) કિવ, તા.૨૬ ।**

રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીએ એક ઐતિહાસિક નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે રશિયા સાથેનું યુદ્ધ સમાપ્ત થયા પછી તેઓ રાષ્ટ્રપ્રમુખ પદ છોડવા તૈયાર છે. મીડિયા સાથેની વાતચીતમાં ઝેલેન્સ્કીએ સ્પષ્ટ કર્યું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રપ્રમુખ પદ પર રહેવાનો નથી, પરંતુ યુદ્ધને સમાપ્ત કરવાનો છે. મીડિયા સાથેની વાતચીતમાં ઝેલેન્સ્કીએ નિવેદન આપ્યું છે કે, મારું ધ્યાન યુદ્ધને સમાપ્ત કરવા પર છે, પદ પર રહેવા પર નહીં. યુદ્ધ સમાપ્ત થયા પછી, હું પદ છોડવા માટે તૈયાર છું. આ નિવેદન ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે આવ્યું છે, જે વિશ્વભરમાં સુરક્ષા અને રાજકીય દ્રષ્ટિકોણથી ચર્ચાનો વિષય બન્યું છે. રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષે બંને દેશોની રાજનીતિને તો અસર કરી જ છે, પરંતુ તેની ગંભીર અસરો વૈશ્વિક સ્તરે પણ જોવા મળી છે. આ મુશ્કેલ સમયમાં ઝેલેન્સ્કીએ ભારપૂર્વક જણાવ્યું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય દેશને સ્થિર અને સુરક્ષિત બનાવવાનો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ કોઈ વ્યક્તિગત સત્તા કે પદની લાલસાથી લડી રહ્યા નથી, પરંતુ દેશ અને તેના લોકોની ભલાઈ માટે કામ કરી રહ્યા છે. વાતચીત દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપ્રમુખએ એમ પણ કહ્યું કે, યુદ્ધ સમાપ્ત થયા પછી સત્તાનું હસ્તાંતરણ કરવાનો નિર્ણય સંપૂર્ણપણે પરિસ્થિતિ પર આધાર રાખશે. તેમણે સંકેત આપ્યો કે તેમની પ્રાથમિકતા દેશની સુરક્ષા, નાગરિકોનું રક્ષણ અને આંતરરાષ્ટ્રીય સહયોગ સુનિશ્ચિત કરવાની છે.

## અમે ભારતને સજા આપવા નથી માંગતા, પણ એક શરત માનવી પડશે

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા પાસેથી તેલ ખરીદવાને લઈ વારંવાર ભારત પર પ્રહારો કરતા રહ્યા છે, ત્યારે હવે અમેરિકાના ઊર્જા સચિવ ક્રિસ રાઈટે ભારત-રશિયા અંગે ચોંકાવનારનું નિવેદન આપ્યું છે. રાઈટની વાત પરથી અમેરિકા ભારતને ઓફર આપી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આ ઉપરાંત તેમની વાત પરથી ટ્રમ્પે ભારત સાથે પંગો લઈને પાછી પાની કરી હોવાનું પણ લાગી રહ્યું છે. રાઈટે કહ્યું છે કે, 'અમેરિકા ભારતને સજા આપવા નથી માંગતું. ભારત પાસે તેલ ખરીદવાના ઘણા વિકલ્પો છે. અમારી પાસે પણ વેચવા માટે તેલ છે અને અમે ભારત-સાથે અનેક ક્ષેત્રોમાં ભાગીદારી બનાવવા માંગીએ છીએ.' ન્યુયોર્કના ફોરેન પ્રેસ સેન્ટરમાં મીડિયા સાથેની વાતચીત દરમિયાન રાઈટે કહ્યું કે, 'વિશ્વના અનેક દેશો ક્રૂડ ઓઈલ વેચી રહ્યા છે, તેથી ભારતે રશિયા પાસેથી તેલ ખરીદવાની જરૂર નથી. ભારત એટલા માટે ક્રૂડ ખરીદી રહ્યું છે, કારણ કે રશિયા તેમને સસ્તુ આપી રહ્યું છે. કોઈપણ દેશ રશિયા પાસેથી તેલ ખરીદવા ઈચ્છતું નથી, તેથી જ રશિયા ડિસ્કાઉન્ટ પર તેલ આપવા મજબૂર થયું છે. એક એવો દેશ દર અઠવાડિયે હજારો લોકોની હત્યા કરી રહ્યો છે, તેવા દેશ પાસેથી તેલ ખરીદવાનો ભારતનો નિર્ણય આ મુદ્દા પરથી નજર હટાવવા જેવો છે' તેમણે વધુમાં કહ્યું કે, 'મારું માનવું છે કે, ભારત વિશ્વના કોઈપણ દેશ પાસેથી તેલ ખરીદી શકે છે.

### સંજય કપૂરની રૂ.30 હજાર કરોડની સંપત્તિનો મામલો

# સંજય કપૂરની વસિયત ગુપ્ત રાખવા માંગે છે ત્રીજી પત્ની, કોર્ટનો ઈનકાર

### પ્રિયા સચદેવ કપૂરના વકીલે કહ્યું, વસિયતનામાને સીલબંધ કવરમાં રજૂ કરવા મંજૂરી આપવામાં આવે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।**

સંજય કપૂરની મિલકત અંગેનો વિવાદ હાલમાં દિલ્હી હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે. કરિશ્મા કપૂરના બાળકો, સમાયરા અને કિયાન, તેમજ સંજયની માતા અને તેની બહેને પ્રિયા સચદેવ વિરુદ્ધ સંજયના વસિયતનામામાં છેતરપિંડી અને છુપાવવાના આરોપનો મામલે કેસ દાખલ કર્યો હતો. આ મામલે કોર્ટમાં આજે સુનાવણી થઈ હતી, જે દરમિયાન પ્રિયાએ સંજય કપૂરની સંપત્તિની યાદી સીલબંધ કવરમાં રજૂ કરવાની મંજૂરી માંગી હતી. સુનાવણી દરમિયાન પ્રિયા સચદેવ કપૂરના વકીલે કહ્યું, મારી બસ એટલી જ વિનંતી છે કે, વસિયતનામાને સીલબંધ કવરમાં રજૂ કરવાની મંજૂરી આપવામાં આવે, જેથી આ માહિતી જનતા અને મીડિયા સુધી ન પહોંચે. જોકે, કોર્ટે તેમની દલીલને ફગાવતા કહ્યું કે, જ્યારે તમે કોઈપણ મુકદ્દમામાં લેખિત જવાબ દાખલ કરો છો, ત્યારે બીજા પક્ષને પ્રતિદાવો દાખલ કરવા માટે આ માહિતીની જરૂર પડે. તેથી ત્યારે સીલબંધ કવરમાં કેટલી માહિતી રહેશે? જેના જવાબમાં સચદેવના વકીલે કહ્યું કે, તેમાં ઘણી બધી માહિતી છે, જે જાહેર ન થવી જોઈએ. હું તેને બધા સાથે શેર કરવા તૈયાર છું, માત્ર તેને ગુપ્ત રાખો. જોકે કોર્ટે તેના પર સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. વકીલે ફરી કહ્યું કે, હું માત્ર બે પાના સીલબંધ કવરમાં રાખવાની માંગણી કરુ છું. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે, આ મુશ્કેલ છે, કારણ કે જેમને લાભ મળશે તેમને સંપત્તિ પર પ્રશ્ન ઉઠાવવાનો અધિકાર છે, જેમ કે આ કોઈ પણ મામલે થાય છે. જો તેમને તપાસ કરવી હોય અને ગોપનીયતા કરાર દ્વારા બંધાયેલા હોય તો તેઓ પોતાનું રક્ષણ કેવી રીતે કરશે? શું તમે જસ્ટીસ હરિ શંકરની ગોપનીયતા ક્લબ સાથે જોડાયેલા નિર્ણય વાંચ્યા છે?

### ઓડિશામાં ૨૭ સપ્ટે. સુધી ભારે વરસાદની સંભાવના

# આંધ્રપ્રદેશ-તેલંગાણામાં ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરે ભારે વરસાદની સંભાવના

### મહારાષ્ટ્રમાં ૨૬થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની સંભાવના છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।**

IMD મુજબ, બંગાળની ખાડીમાં બનેલા હળવા દબાણવાળા ક્ષેત્રને કારણે આગામી થોડા દિવસોમાં અનેક રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે. ઓડિશા, તેલંગાણા, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સહિત દેશના અનેક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે જાણી લઈએ કે કયા વિસ્તારોમાં કયા દિવસોમાં વરસાદ પડવાની સંભાવના છે. ઓડિશામાં ૨૭ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની સંભાવના છે. તો આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરે ભારે વરસાદની સંભાવના છે. આગામી સાત દિવસ સુધી તેલંગાણામાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. મહારાષ્ટ્રમાં ૨૬થી



૩૦ સપ્ટેમ્બર દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની સંભાવના છે, જ્યારે મરાઠવાડામાં ૨૭ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ પડી શકે છે. ગુજરાતની વાત કરીએ તો ૨૭થી ૩૦ સપ્ટેમ્બર સુધી ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે, સાથે જ કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો મધ્યપ્રદેશમાં ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરે પૂર્વી મધ્યપ્રદેશમાં ૨૮થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન વરસાદની સંભાવના છે. IMDએ દક્ષિણ ભારતના ઘણા રાજ્યો માટે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. તમિલનાડુ અને કેરળમાં ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરે વરસાદ પડવાની શક્યતા છે. કર્ણાટકના દરિયાકાંઠા વિસ્તારમાં ૨૭ થી ૩૦ સપ્ટેમ્બર સુધી અને ઉત્તર અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ૨૬થી ૨૯ સપ્ટેમ્બર સુધી વરસાદ પડી શકે છે. હવામાન આગાહી એજન્સી સ્કાયમેટ વેધર અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન આંદામાન અને નિકોબાર ટાપુઓ, ઓડિશા અને છત્તીસગઢમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે સાથે ભારે વરસાદ પડવાની શક્યતા છે.



વડા પ્રધાન નરેન્દ્ર મોદી નવી દિલ્હીથી વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા બિહારની મુખ્ય મંત્રી મહિલા રોજગાર યોજનાને વર્ચ્યુઅલ રીતે લૉન્ચ કરતાં બોલે છે.

### ઈરાનમાં હાલમાં ફક્ત એક જ રિએક્ટર કાર્યરત છે

## રશિયા અને ઈરાન વચ્ચે ઈરાનમાં નાના પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવા માટે કરાર

**। (એજન્સી) મોસ્કો, તા.૨૬ ।**

રશિયા અને ઈરાન ઈરાનમાં નાના પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવા માટે કરાર પર પહોંચ્યા છે. આ કરાર બુધવારે મોસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો, જ્યાં રશિયન પરમાણુ એજન્સી રોસાટોમના વડા એલેક્સી લિખાચેવ અને ઈરાનના પરમાણુ વડા મોહમ્મદ ઈસ્લામી વચ્ચે વાતચીત થઈ હતી. રોસાટોમે આ પ્રોજેક્ટને વ્યૂહાત્મક ગણાવ્યો છે. ઈરાનના ઉપ રાષ્ટ્રપતિ મોહમ્મદ ઈસ્લામીએ જણાવ્યું હતું કે ઈરાન ૨૦૪૦ સુધીમાં ૨૦ ગીગાવોટ પરમાણુ પાવર ઉત્પન્ન કરવાની યોજના ધરાવે છે. આ હાંસલ કરવા માટે, આઠ નવા પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે, જેમાંથી ચાર દક્ષિણ પ્રાંત બુશેહરમાં સ્થિત હશે. આનાથી ઉનાળા અને સૌથી વધુ વીજળીની માંગવાળા મહિનાઓમાં ઈરાનને વીજળીની અછતમાંથી રાહત મળશે. હાલમાં, દક્ષિણ શહેર બુશેહરમાં સ્થિત ઈરાનમાં ફક્ત એક જ પરમાણુ રિએક્ટર કાર્યરત છે. તે રશિયા દ્વારા બનાવવામાં આવ્યું હતું અને તેની ક્ષમતા ૧ ગીગાવોટ છે. રશિયા અને ઈરાન વચ્ચે મજબૂત સંબંધો છે. રશિયાએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાની પરમાણુ સુવિધાઓ પરના હુમલાઓની ટીકા કરી હતી. ૧૩ જૂનના રોજ, ઈઝરાયલે ઈરાની પરમાણુ સુવિધાઓ અને લશ્કરી થાણાઓ પર હવાઈ હુમલો કર્યો.

આ હુમલામાં ૧,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા, જેમાં ટોચના ઈરાની સૈન્ય કમાન્ડરો અને પરમાણુ વૈજ્ઞાનિકોનો સમાવેશ થાય છે. ઈરાને મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો જવાબ આપ્યો, જેમાં ડઝનેક ઈઝરાયલીઓ માર્યા ગયા. અમેરિકાએ પણ ત્રણ ઈરાની પરમાણુ સુવિધાઓ પર બોમ્બમારો કર્યો. ઈરાનનો દાવો છે કે તેનો પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ છે. ૧૧ સપ્ટેમ્બરના રોજ, ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ સ્વીકાર્યું કે ઈઝરાયલી અને અમેરિકાના હુમલા બાદ ઈરાનના ઉચ્ચ-ગ્રેડ યુરેનિયમ ભંડાર કાટમાળ નીચે દટાયેલા હતા. અરાઘચીએ આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે સંયુક્ત રાષ્ટ્રના પરમાણુ નિરીક્ષક સંગઠને ઈરાનના સમૃદ્ધ યુરેનિયમ ભંડારને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે જૂનમાં ઈરાનના પરમાણુ સુવિધાઓ પર થયેલા હુમલા પછી તેની પાસે ઈરાનની પ્રવૃત્તિઓ વિશે કોઈ માહિતી નથી. ૧૧ સપ્ટેમ્બરના રોજ, ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ સ્વીકાર્યું કે ઈઝરાયલી અને અમેરિકાના હુમલા બાદ ઈરાનના ઉચ્ચ-ગ્રેડ યુરેનિયમ ભંડાર કાટમાળ નીચે દટાયેલા હતા. અરાઘચીએ આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે સંયુક્ત રાષ્ટ્રના પરમાણુ નિરીક્ષક સંગઠને ઈરાનના સમૃદ્ધ યુરેનિયમ ભંડારને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે જૂનમાં ઈરાનના પરમાણુ સુવિધાઓ પર થયેલા હુમલા પછી તેની પાસે ઈરાનની પ્રવૃત્તિઓ વિશે કોઈ માહિતી નથી.

### સીઆર પાટિલ અને કેશવ પ્રસાદ મૌર્યને જવાબદારી

# ભાજપે બિહાર અને બંગાળ ચૂંટણી માટે પ્રભારીઓની કરી જાહેરાત

### પાર્ટીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બિહાર ચૂંટણી માટે પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે, મહત્વપૂર્ણ જવાબદારી સોંપી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।**

બિહાર ચૂંટણીની તારીખો હજુ જાહેર કરવામાં આવી નથી, પરંતુ તમામ પક્ષો સંપૂર્ણ રીતે તૈયાર છે. આ દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ ગુરુવારે (૨૫ સપ્ટેમ્બર) એક મોટી જાહેરાત કરી. ભાજપે બિહાર અને પશ્ચિમ બંગાળ ચૂંટણી માટે પ્રભારીઓની જાહેરાત કરી છે. પાર્ટીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બિહાર ચૂંટણી માટે પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે, તેમને મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને પણ મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે. ભાજપે સીઆર પાટિલ અને કેશવ પ્રસાદ મૌર્યને બિહાર ચૂંટણી માટે સહ-પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ બંગાળ ચૂંટણીમાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમને પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે બિપ્લબ દેબને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે, વૈજયંત જય પંડાને ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, અને મુરલીધર મહેલને ચૂંટણી સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ વખતે, બિહારની ચૂંટણી NDA અને મહાગઠબંધન વચ્ચે સ્પર્ધા હશે. ધર્મેન્દ્ર પ્રધાનની વાત કરીએ તો, તેમણે ઘણી વખત મહત્વપૂર્ણ પક્ષની જવાબદારીઓ નિભાવી છે. તેમને ઉત્તર પ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોમાં મહત્વપૂર્ણ ચૂંટણી જવાબદારીઓ સોંપવામાં આવી છે. ધર્મેન્દ્ર પ્રધાનની વ્યૂહાત્મક કુશળતા અને સંગઠનાત્મક ક્ષમતાઓ બિહારમાં NDA માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેઓ ઓડિશાના છે અને તેમની પાસે મજબૂત વ્યૂહાત્મક સમજ છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની મજબૂત પકડ છે. TMCના ગઢને હચમચાવવું કોઈપણ પક્ષ માટે સરળ રહેશે નહીં. આવી સ્થિતિમાં, ભાજપને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ પાસેથી ઘણી આશાઓ રહેશે. યાદવ પાસે સારો સંગઠનાત્મક અનુભવ છે. બંગાળમાં ચૂંટણી ૨૦૨૬ માં થવાની છે, જેનાથી તેમને તૈયારી માટે સમય મળશે. ભાજપે ઓડિશાના સાંસદ બૈજયંત પાંડાને તમિલનાડુ માટે ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે.

### રક્ષામંત્રીએ DRDO ને આપી શુભેચ્છા

# ભારતે ઈતિહાસ રચતા પ્રથમવાર ટ્રેનમાંથી મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।**

ભારતે ઐતિહાસિક સફળતા હાસિલ કરી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ ઈન્ટરમીડિએટ રેન્જની અગ્નિ-પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ કરી લીધું છે.

ખાસ વાત છે કે આ મિસાઈલને ટ્રેનથી લોન્ચ કરવામાં આવી છે. અગ્નિ-પ્રાઈમ રેલ આધારિત મોબાઈલ લોન્ચરથી છોડવામાં આવી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ જાણકારી આપી છે.

રક્ષામંત્રી રાજનાથ સિંહએ ગુરૂવારે એક્સ પોર્ટ દ્વારા અગ્નિ પ્રાઈમ મિસાઈલની જાણકારી આપી. તેમણે એક્સ પર એક પોસ્ટમાં લખ્યું, ભારતે રેલ આધારિત મોબાઈલ લોન્ચર સિસ્ટમથી મધ્યમ અંતરની અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. આ આગામી પેઢીની મિસાઈલ લગભગ 2000 કિલોમીટર સુધીના અંતર પર માર કરવામાં સક્ષમ છે અને તેમાં ઘણી વિશેષતાઓ સામેલ છે. પ્રથમવાર આ પ્રકારનું પરીક્ષમ વિશેષ રૂપથી તૈયાર કરવામાં આવેલ રેલ આધારિત મોબાઈલ લોન્ચરથી કરવામાં આવ્યું છે.

રક્ષામંત્રીએ DRDO ને સફળ પરીક્ષણ માટે શુભેચ્છા આપી. તેમણે X-પોસ્ટ દ્વારા કહ્યું, ''અગ્નિ-પ્રાઈમ મિસાઈલના સફળ પરીક્ષણ બદલ DRDO, સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ (SFC) અને સશસ્ત્ર દળોને હાર્દિક અભિનંદન. આ સફળ પરીક્ષણે ભારતને રેલ સિસ્ટમથી મિસાઈલ લોન્ચ કરવાની ક્ષમતા ધરાવતા દેશોના પસંદગીના જૂથમાં સ્થાન આપ્યું છે.''

આ 2000 કિલોમીટરની રેન્જ સુધી પ્રહાર કરવામાં સક્ષમ છે. સૌથી મોટી વાત છે કે તેમાં રેલ નેટવર્કની સાથે ચાલવાની ક્ષમતા છે. તેને દેશની કોઈપણ સરહદ પર ખૂબ ઓછા સમયમાં સરળતાથી પહોંચાડી શકાય છે. તે રડારથી બચવામાં પણ ઘણી હદ સુધી સક્ષમ છે. આ મિસાઈલ ઘણી વિશિષ્ટ સુવિધાઓથી લેસ છે. તેની નેવિગેશન સિસ્ટમ સારી છે, જેનાથી દુશ્મનોના કેમ્પ પર સટીક નિશાન લગાવી શકાય છે.

## તંત્રી લેખ...

# ‘હિંદુ સમાજમાં લગ્ન બાદ મહિલાનું ગૌત્ર બદલાઈ જાય’

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ની કલમ 15(1)(b)ને પડકારતી અરજીઓ પર સુનાવણી દરમિયાન હિન્દુ રીતિ-રિવાજો અને પરંપરાઓ પર મહત્ત્વની ટિપ્પણીઓ કરી હતી. આ કલમ 15(1)(b) મુજબ, જો કોઈ હિન્દુ મહિલાનું વસિયત કર્યા વિના અવસાન થાય અને તેના પતિ કે સંતાનો ન હોય, તો તેની સંપત્તિ તેના પતિના વારસદારોને મળે છે. જસ્ટિસ બી.વી. નાગરત્નાની અધ્યક્ષતાવાળી ખંડપીઠે જણાવ્યું કે, આ કાયદાકીય જોગવાઈની કાયદેસરતાની તપાસ કરતી વખતે અદાલતોએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે હિન્દુ સમાજ કઈ રીતે કાર્ય કરે છે.જસ્ટિસ નાગરત્નાએ ભારપૂર્વક જણાવ્યું, ‘તમે દલીલ કરો તે પહેલાં યાદ રાખો. આ હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ છે. ‘હિન્દુ’નો શું અર્થ છે અને સમાજ કઈ રીતે કાર્ય કરે છે, તે સમજવું જરૂરી છે. હિન્દુ સમાજમાં કન્યાદાનની પરંપરા છે. લગ્ન સમયે સ્ત્રીનું ગોત્ર બદલાય છે, નામ બદલાય છે અને તેની જવાબદારી પતિ અને તેના પરિવારની હોય છે.’ખંડપીઠે ભાર મૂક્યો કે, એકવાર લગ્ન થયા પછી, કાયદા હેઠળ મહિલાની જવાબદારી તેના પતિ અને તેના પરિવારની હોય છે. જસ્ટિસ નાગરત્નાએ કહ્યું, ‘તે પોતાના માતા-પિતા કે ભાઈ-બહેનો પાસેથી ભરણપોષણની માંગ નહીં કરે. તે પોતાના ભાઈ વિરુદ્ધ ભરણપોષણ માટે અરજી દાખલ કરશે નહીં! તે ફક્ત પતિ અને તેની સંપત્તિ વિરુદ્ધ હોય છે. જો કોઈ મહિલાને સંતાન ન હોય, તો તે હંમેશા વસિયત બનાવી શકે છે.’અરજદારોમાંથી એક વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી કે કલમ 15(1)(b) મનસ્વી છે કારણ કે તે મહિલાઓના ગૌરવને અસર કરે છે. તેમણે પૂછ્યું, ‘જો કોઈ પુરુષ વસિયત વિના મૃત્યુ પામે, તો તેની સંપત્તિ તેના પરિવારને મળે છે. તો પછી કોઈ મહિલાની સંપત્તિ, તેના બાળકો પછી, ફક્ત તેના પતિના પરિવારને જ કેમ મળવી જોઈએ?’ મેનકા ગુરુસ્વામીએ પણ જણાવ્યું કે આ પડકાર ધાર્મિક રીતિ-રિવાજોને નહીં, પરંતુ કાયદાની કાયદેસરતાને છે.

## અમદાવાદના વિવિધ ગરબા મહોત્સવોમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ







। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

રાજ્યભરમાં શક્તિ અને આરાધનાનું પર્વ નવલી નવરાત્રિ ઊજવાઈ રહ્યું છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે વિવિધ ગરબા મહોત્સવોમાં ભાવપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. ચોથા નોરતાની રાતે મુખ્યમંત્રીશ્રી અમદાવાદ પૂર્વના વસ્ત્રાલ, નિકોલ, બાપુનગર, ધીકાંટા, દરિયાપુર ખાતે વિવિધ ગરબા મહોત્સવમાં સહભાગી થયા હતા. વસ્ત્રાલમાં માધવ હોમ્સ ખાતે, નિકોલમાં શ્રી ખોડલધામ મેદાન ખાતે તેમજ શ્રીનાથ સોસાયટી ખાતે, બાપુનગરમાં બહુચર માતા મંદિર ખાતે, દરિયાપુરમાં શ્રી મહાકાળી મિત્ર મંડળ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં અને ઘીકાંટા ખાતે શ્રી શિવ શક્તિ માંઈ ઘીકાંટા યુવક મંડળ આયોજિત ગરબા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ગરબા મહોત્સવમાં આયોજકો તેમજ સોસાયટીના રહીશો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ ગરબી ખાતે આરતીમાં સહભાગી થઈ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા તેમજ ખેલૈયાઓનું અભિવાદન ઝીલીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. નિકોલમાં શ્રીનાથ પાર્ક ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી પહોચ્યા ત્યારે સ્વદેશી અપનાયેન્ગે, ભારત કો આત્મનિર્ભર બનાએન્ગેના સૂત્રોચ્ચાર પણ કરાયા હતા. નિકોલમાં શ્રી ખોડલધામ મેદાન ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં ખોડલધામ ખોડલ ગરબા મહોત્સવમાં સહકાર મંત્રી મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી ગોરધનભાઈ ઝડફિયા, શ્રી વલ્લભ કાકડિયા, વસ્ત્રાલના માધવ હોમ્સ ખાતે પૂર્વ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, બાપુનગર બહુચર માતા મંદિર ખાતે સ્થાનિક ધારાસભ્ય શ્રી દિનેશભાઈ કુશવાહા, દરિયાપુર ખાતે સ્થાનિક ધારાસભ્ય શ્રી કૌશિક જૈન તેમજ વિવિધ સ્થળોએ ગરબા મહોત્સવોમાં શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરક શાહ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, એએમસીના પદાધિકારીશ્રીઓ તેમજ સામાજિક-રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---

### જેમ કે પુરાણોની વાત કરીએ તો રાક્ષસો અધર્મનો ફેલાવો કરતા હતાં

# સંસારની દરેક માતાને સ્કંદ માતાનું સ્થાન મળશે, ત્યારે જ નવદુર્ગા નું આ સ્વરૂપ પ્રસન્ન થશે!





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શક્તિના મૂળ ત્રણ સ્વરૂપ એટલે કે મહાકાલી, મહાલક્ષ્મી, અને સરસ્વતી. મા દુર્ગાના આ ત્રણ મુખ્ય સ્વરૂપો છે, એ મુખ્ય ત્રણ સ્વરૂપો આપણી આરાધનાના કેન્દ્રો છે. ઉપર જોયું તેમ ઇન્દ્ર આદિ દેવતાઓ તેમજ ઋષિમુનિઓ જે સ્તુતિ કરે છે એનો ભાવ જોઈએ, તો બધાએ પોતાનું રક્ષણ કરવાની વાત કરી છે.**

અંબા કહે આવો ને રમવા.., હું કેમ આવું એકલડી મારે ઘેર નાના નાના બાળ.. બાળને પોઢાડો સોના ઢોલીયે... ઘોર અંધારી રાતલડીમાં નિસર્યા ચાર અસવાર.. કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.. ડુંગરમાંથી પ્રગટ્યા છો મા હરસિદ્ધા જયકારી હો... આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો આતો મારાં માજીના રથનો રણકાર... ગગન ગોખમાં ગરબે ઘૂમે તારલિયા રળિયાત.. આમ નિતનવા ભાવ પ્રગટાવતા ગરબા ગાઈને ભક્તિની ધરોહર સૌ માનાં ચરણોમાં અર્પણ કરે છે. આસો નવરાત્રીનાં પાંચમા દિવસે નવદુર્ગાનાં સ્કંદમાતા સ્વરૂપની આરાધનાનો મહિમા છે. નામમાં જ માતા શબ્દનો પ્રયોગ છે, એટલે કે જનની ભાવ સહજ છે. મા નવદુર્ગાનાં આ સ્વરૂપમાં માતા પાર્વતી પોતાના પુત્ર કાર્તિકેયને લઈને ઉભા હોય એવી મુદ્રા છે સંસારની સંતાન ઈચ્છતી તમામ માતાઓને સ્કંધ માતાની આરાધના કરવાથી સંતાન સુખ પ્રાપ્ત કરે છે, એવી પણ એક માન્યતા જોડાયેલી છે. તાડકાસૂરના સંહાર માટે ભગવાન શિવ અને પાર્વતીના પુત્ર કાર્તિકેયનો જન્મ થવો જરૂરી હતો, અને એટલે માતા આ સ્વરૂપે પ્રગટ થયા. પુરાણોમાં જે દેવીના સચિત્ર વર્ણન છે એમાં અમુક ચિત્ર કે શબ્દ ચિત્રથી આપણને મા આદ્યશક્તિ જગતજનનીથી થોડો ભય પણ લાગે, કારણકે શુંભ નિશુંભ હોય કે રક્તબીજનાં કે પછી અન્યના વધ સમયે દેવીનું વિકરાળ સ્વરૂપ એ ખરેખર સામાન્ય માનવીને ડરાવી દે તેવું હોય છે. એ સમયે જે કોઈ પ્રકારની સમાજની રચના હોય અને દેવ, દાનવ, માનવ, યક્ષ, કિન્નર, ગંધર્વ વગેરે પ્રજાતિઓ પણ સમાજમાં ઉપલબ્ધ હોય, ત્યારે દેવી-દેવતાઓનાં આ પ્રકારના સ્વરૂપ કદાચ સહજ હશે. પરંતુ શું આપણે એવી છબીને વધુ વખત નિરખી શકીશું? કે જે બે હાથેથી રક્તપીતી હોય? ગળામાં ખોપરીની માળા હોય?: કોઈનું તલવારથી માથું ઉડાવીને બે ભાગમાંના એક ભાગને ઉતરમાં અને બીજાને દક્ષિણ સુધી ફેંકી દે. અત્યંત વિકરાળ સ્વરૂપનું ધ્યાન આપણે લાંબો સમય કરી શકીએ નહીં, સહજ અને સૌમ્ય સ્વરૂપ જ દિલને શાતા આપે, અને એને જ આપણે પરમશક્તિ સ્વરૂપે સ્વીકારી શકીએ. ટૂંકમાં વિકરાળ અને ચતુર્ભુજ કે પછી ત્રણ નેત્ર વાળી કે હજાર હાથ વાળી કે અન્ય કોઈ સિદ્ધિ હંસલ કરેલી હોય એવા શક્તિ સ્વરૂપને શોધવું અશક્ય લાગે છે. પરંતુ વાસ્તવિક દુનિયામાં નજર કરીએ તો એવી શક્તિઓ આપણી આસપાસ જ દેખાય છે, જે એકલી ચાર હાથે કામ કરતી હોય છે, મોટેભાગે પરિવાર પ્રેમ માટે સમર્પણ કે સહનશક્તિ ધરાવતી દરેક સ્ત્રીઓમાં સમજણનું ત્રીજું નેત્ર પણ ખુલી ગયું હોય છે. આ ઉપરાંત સામાજિક કાર્ય કરનારી સ્ત્રીઓ સમાજની કરુણતા જોઈ હજાર હાથે કામ કરતી હોય છે. પરંતુ આપણે છીએ કે આપણે આવા સ્વરૂપને પરમશક્તિ તરીકે સ્વીકારી શકતા નથી, અને એનું કારણ એ છે એ શક્તિ સ્વરૂપ સાવ નજીક છે, એનું અસ્તિત્વ હાથ વગુ છે. આપણા પુરાણો પ્રમાણેનું એનું સ્વરૂપ નથી, અને પુરાણોમાં બતાવ્યા પ્રમાણે એ એટલી વિકરાળ પણ થતી નથી.

★★ શક્રાદય સ્તુતિ★★

એભિર્હતૈર્જગદુપૈતિ સુખં તથૈતે
કુર્વન્તુનામ નરકાય ચિરાય પાપમ્
સઙ્ગ્રામમૃત્યુમધિગમ્ય દિવં પ્રયાન્તુ
મત્વેતિ નૂનમહિતાન્વિનિહંસિ દેવિ
૧૭

હે દેવી! રાક્ષસોને મારવાથી સંસારને સુખ-શાંતિ મળે તથા રાક્ષસો દીર્ઘકાળ સુધી નરકમાં રહેવા માટે ભલેને પાપ કરતા રહ્યા હોય પણ આ સમયે યુદ્ધમાં મૃત્યુ પામીને સ્વર્ગ લોકમાં જાય અવશ્ય આવું જ વિચારીને તમે શત્રુઓનો વધ કરો છો. (૧૭)

★દૃષ્ટ્વૈવ કિં ન ભવતી પ્રકરોતિ ભસ્મ
સર્વાસુરાનરિષુયત્પ્રહિણોષિ શસ્ત્રમ્
લોકાન્પ્રયાન્તુરિપવોડપિ હિ શસ્ત્ર પૂતા
ઈત્થં મતિર્ભવતિ તેષ્વપિ તેડતિસાધ્વી ૧૮

તમે શત્રુઓ પર શસ્ત્રોનો પ્રહાર શા માટે કરો છો? સમસ્ત અસુરોને દૃષ્ટિપાત માત્રથી જ શા માટે ભસ્મીભૂત કરી દેતા નથી? એમાં એક રહસ્ય છે ‘‘આ શત્રુઓ પણ મારા શસ્ત્રોથી પવિત્ર થઈને ઉત્તમ લોકોમાં ભલે જાય’’ આવો તેમના પ્રત્યેનો તમારો વિચાર અત્યંત ઉત્તમ છે.(૧૮)

ખડ્ગપ્રભાનિકરવિસ્ફુરણૈસ્તથોગ્રૈઃ
શૂ લા ગ્ર કા ન્તિ નિ વ હે ન દશોડસુરાણામ્
યન્નાગતા વિલયમંશુમદિન્દુખણ્ડ
યોગ્યાનનં તવ વિલોકયતાં તદેતત્ ૧૯

તમારા ખડ્ગની તેજો રાશિની ભયંકર પ્રભાથી તથા તમારા ત્રિશૂળ અગ્રભાગના સઘન તેજથી અંજાઈ જઈને અસુરોની આંખો ફૂટી ગઈ નહીં એમાં કારણ એ જ હતું કે ત્યારે તેઓ મનોહર કિરણોવાળા ચંદ્રમાની જેમ આનંદ આપનારા તમારા સુંદર મુખનું દર્શન કરી રહ્યા હતા. (૧૯)

દુર્વૃત્તવૃત્તશમન્તવ દેવિ શીલં
રૂપં તથૈતદવિચિન્ત્યમતુલ્યમન્યૈઃ
વીર્યંચ હન્ત્રિ હતદેવપરાક્રમાણાં
વૈરિષ્વપિ પ્રકટિતૈવ દયા ત્વયેત્થમ્
૨૦

હે દેવી! તમારું શીલ દુરાચારીઓના હિન આચરણોનું શમન કરનારું છે સાથે જ તમારું આ રૂપ એવું જે અચિંત્ય છે જેની ક્યારેય બીજાઓની સાથે તુલના પણ થઈ શકતી નથી તથા તમારું બળ અને પરાક્રમ તો તે દૈત્યોનો પણ નાશ કરનારું છે કે જેઓ ક્યારેક તો દેવતાઓના પરાક્રમનો પણ નાશ કરી ચૂક્યા હતા આ પ્રમાણે તમે પોતાના શત્રુ ઉપર પણ દયા જ પ્રગટ કરી છે.(૨૦)

પુરાણોમાં આપણે જોઈએ તો દેવ હોય કે દાનવ સૌને અમર થવું છે અને એટલે એમને અમૃત જોઈએ છે. અમૃતનું કામ અમર કરવાનું છે, પરંતુ અમર થવું એની કરતા અભય થવું વધારે મહત્વનું છે, અને મા ભવાનીની આરાધના કરવાથી અભય પદની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રીય આધારે મા ભવાનીના મુખ્ય ત્રણ સ્વરૂપ છે, શક્તિના મૂળ ત્રણ સ્વરૂપ એટલે કે મહાકાલી, મહાલક્ષ્મી, અને સરસ્વતી. મા દુર્ગાના આ ત્રણ મુખ્ય સ્વરૂપો છે, એ મુખ્ય ત્રણ સ્વરૂપો આપણી આરાધનાના કેન્દ્રો છે. ઉપર જોયું તેમ ઈન્દ્ર આદિ દેવતાઓ તેમજ ઋષિમુનિઓ જે સ્તુતિ કરે છે એનો ભાવ જોઈએ, તો બધાએ પોતાનું રક્ષણ કરવાની વાત કરી છે. કોઈએ બુદ્ધિ માંગી હોય, જ્ઞાન માંગ્યું હોય, એવી કોઈ વાત દેખાતી નથી. એટલે કે ભોગ ભોગવવા માટે દેહની સલામતી આવશ્યક છે. છેવટે એમણે તો એમ પણ કહ્યું કે, તમારા વિકરાળ સ્વરૂપથી પણ અમારું રક્ષણ કરો! સામાન્ય રીતે ક્રોધ ત્યારે જ આવે કે જ્યારે કોઈ અઘટિત ઘટના ઘટે, જેમ કે પુરાણોની વાત કરીએ તો રાક્ષસો અધર્મનો ફેલાવો કરતા હતાં, અને અન્ય નબળા લોકો પર અત્યાચાર કરતા હતાં, ત્યારે માતાએ પોતાના વિકરાળ સ્વરૂપે એ અસૂરોના સંહાર કર્યા, અને પૃથ્વીને પાપ મુક્ત બનાવી, અને ઈન્દ્ર આદિ દેવતાઓ, તથા ઋષિમુનિઓને માતાએ સૌમ્ય સ્વરૂપે દર્શન દીધા. એના પરથી આજના સંદર્ભે એવો અર્થ તારવી શકાય કે આપણે જેવા કર્મ કરીશું એ રીતે માતાને પામી શકીશું. આપણે કોઈ પર શારીરિક કે માનસિક અત્યાચાર કરતા રહીશું તો માતા વિકરાળ સ્વરૂપે જ દેખાશે, અને આપણને એનું એ સ્વરૂપ ભય પમાડશે! પરંતુ જો અન્યનું પોષણ કરીશું, અન્યને માન સન્માન આપીશું, તો માતા સૌમ્ય સ્વરૂપે દર્શન આપશે. જય અંબે.

---

### નવલાં નોરતાંની રમઝટ - ૬

# રમતો ભમતો જાય, આજ માનો ગરબો ઘુમતો જાયઘુમતો ઘૂમતો જાય, આજ માનો ગરબો ઘૂમતો જાય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**અંદર દીવો હોય એવો કાણાં કાણાંવાળો માટીનો કે ધાતુનો નાનો મોરિયો. દીવો ઠરી ન જાય અને તેનાં કિરણ ચારે બાજુ નીકળી શોભે તે માટે તેને ઘણાં કાણાં રાખવામાં આવ્યાંહોય છે. દેવીપ્રસાદન માટે નવરાત્રિમાં ઘર માં પૂજાર્યે તે રાખવામાં આવે છે.**

આજે છઠ્ઠું નોરતુને આસો સુદ પાંચમ ગરબા મુખ્યતઃ ગુજરાત, ભારતના ખૂબ લોકપ્રિય ધાર્મિક લોકનૃત્યનો ઉત્સવછે. ગરબા આસો માસની શુક્લ પક્ષની એકમથી નોમ સુધીની તિથિઓ દરમ્યાન ગવાય છે.આ રાત્રી નવરાત્રી તરીકે જાણીતી છે. આ નૃત્ય દ્વારા અંબા, મહાકાળી, ચામુંડા વગેરે દેવીઓની આરાધના કરવામાં આવે છે. આ ભારતના સૌથી જાણીતા તહેવારોમાંનો એક છે.ગરબા રમતા લોકો નૃત્ય ઉપરાંત નવરાત્રી માં કાણાંવાળી મટકીમાં અંદર જયોત મુકીને બનાવાતા દીવાઓને પણ ગરબા કહે છે. નવરાત્રી દરમ્યાન માતાજીની સ્તુતિમાં ગવાતાં ગીતોને પણ ગરબા કહે છે. નવરાત્રીમાં જ્યોત પ્રગટાવી દીવા તરીકે પૂજાતો ગરબો.ગરબો શબ્દનો મૂળ અર્થ થાય છે - કાણાવાળી મટકી કે જેમાં જ્યોત પ્રગટાવીને દીવા તરીકે માતાજીની પૂજામાં મુકવામાં આવે છે. ગરબો શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ ગર્ભદીપ પરથી આવેલો છે. ભગવદ્ ગોમડળમાં ગરબો શબ્દનો અર્થ નીચે પ્રમાણે કરાયો છે.

અંદર દીવો હોય એવો કાણાં કાણાંવાળો માટીનો કે ધાતુનો નાનો મોરિયો. દીવો ઠરી ન જાય અને તેનાં કિરણ ચારે બાજુ નીકળી શોભે તે માટે તેને ઘણાં કાણાં રાખવામાં આવ્યાંહોય છે. દેવીપ્રસાદન માટે નવરાત્રિમાં ઘર માં પૂજાર્યે તે રાખવામાં આવે છે.

તાળીઓ પાડતાં દીવા કે માંડવી ની આસપાસ ફરતાં ગાવું તે. મોટી ગરબી; લહેકાવીને ગાવાનો એક રાગ; રાસડી . નાદ અને નર્તન આદિમાનવના આંતરિક આવેગ અને ઉર્મિઓની અભિ વ્યક્તિ છે. ભય અને રક્ષાભાવ માંથી આદિમાનવ પૂજા કે ધર્મ તરફ વળ્યો ત્યારે એ ધર્મ કે રક્ષા ભાવ એંણેબલિદાન, નાદ અને નર્તન રૂપે જ, વ્યક્ત કર્યો. ગરબો સવાંશે ધર્મનું પ્રતિક છે. ગરબા સાથે શક્તિની પૂજા, શક્તિનું મહાત્મ્ય જોડાયેલું છે. નવરાત્રીનો ગરબા ઉત્સવ એ શક્તિપૂજાનો જઉત્સવ છે. ક્ષગરબોલ શબ્દની વ્યુત્પતિ માટે આપણા વિદ્વાનો હજુ સુધી પૂરેપૂરા એકમત નથી પરંતુ (ગરબો) આ ક્રમે ગરબો શબ્દ વ્યુત્પન્ન થયો હોવાનું જણાય છે.ગરબાને તાલરાસકનાં પ્રકાર તરીકે સ્વીકારતાં શ્રી ગોવર્ધન પંચાલ લખે છે કે,ઐતરેય આરણ્યક પરંપરાના અનુસંધાન રૂપે તાલરાસક તાલ વગાડીને થતો કોઈ નર્તન પ્રકાર ઉપાના સમયમાં પ્રચલિત હોવાનું સમજાય છે. ઉષાનું લાસ્ય તાલ રાસક કે ગરબા જેવો કોઈ પ્રકાર તો નહીં હોય ને ઈ.સ.ની ૧૩મી સદીના શારદાતનથ રાસકને લાસક પણ કહે છે ને એ રાસક કે લાસક લાસ્ય સાથે સામ્ય ધરાવે છે અથવા તો જો-બન્ને સ્વીકારી એ તો ઉષાના લાસ્યને ગરબા જેવા નર્તન પ્રકાર સાથે જોડી શકાય, કારણ કે ઉપર કહેલી ઐતરેય આરણ્યકની પ્રણાલિકા સ્ત્રીના તાલરાસક જેવા પ્રકારનો ઉલ્લેખ તો કરે છે. આમ જોતાં ગરબા જેવા કોઈ પ્રકારની નર્તન પ્રણાલિકા ગુજરાતમાં દે જ પ્રથમ ઉષા દ્વારા પ્રચારમાં આવી હોય એમ દેખાય છે. ગરબો સંજ્ઞાની અર્થછાયાઓ ક્રમશઃ વિસ્તાર પામતી રહી. ગરબો લખાય, ગરબો છપાય,

ગરબા ગવાય, ગરબે ઘુમાય,પદ ગરબાં ખરીદાયજ્ઞ આવા બધા અર્થે ગરબા શબ્દમાં સમાયેલા છે. નવરાત્રીમાં છિદ્રવાળા માટીના ઘડામાંદીપપ્રગટાવીને એની સ્થાપના કરીએ,એ ઘટ તે ગરબો. આ ઘટને મધ્યમાં મૂકીને, એની આસપાસ સ્ત્રીઓ ગોળાકાર પૂમે તે નર્તન પ્રકાર પણ ગરબો.પછી આ નર્તન સાથે ગવાતું ગીત પણ લગરોલ સંજ્ઞા પામ્યું અને અંતે તો,મધ્યમાં ગરબાની સ્થાપનાના થઈ હોય તો પણ એ પ્રકારે વર્તુળાકાર થતું સામૂહિક નર્તન અને એની સાથે ગવાતું ગીત લગરબોક્ષ તરીકે પ્રચાર પામ્યા. ગરબો એ એક લોક સંસ્કૃતિ છે.ગામડાંમાં જયારે અનાજ પાકી જાય, ને આનંદના દિવસો આવે ત્યારે લોકો ભેગા થઈને દેવિદેવતાની સ્તુતિ કરીને આભાર વ્યક્ત કરતા હતા. આમાંથી એક લોક સંગીતનો પ્રકાર ઉભો થયો જેને ગરબો કહેવાયો. આનું આધુનિક સ્વરૂપ એટલે ગરબા નૃત્ય.જૂની પરંપરામાં રાસ,દાંડિયા રાસ,ગોક,મટકી, ટીપ્પણી વગેરે પ્રકાર ઉભા થયા.જુદાજુદા પ્રદેશ માં જુદીજુદી રીતે ગરબા લેવાતા થયાં ને એમાં જુદા તાલ, અને પગલાં લેવાનાં થયાં.

ગરબાના બે પ્રકાર છે પ્રાચીન ગરબો વિશે આજે જોઈએ. લોકવાદન, લોકસંગીત અને લોકનર્તનમાંથી પ્રાચીન ગરબો પ્રગટે છે. આ નર્તનમાં સહિયારા સમાન વેગ, સમાન અંગ ભંગ, સમાનગતી,સમાન સ્ફૂર્તિ,હાથની તાળી અને હાથના હિલ્લોળની હું સાથે લયબદ્ધતા અને તાલબદ્ધતા હોવી જરૂરી છે પ્રાચીન ગરબામાં ગીત,લય,સૂર અને તાલની મિલાવટ હોય છે.માત્ર તાલીઓ ના તાલ આપી સંગીતપૂર્વક પગના ઠેકા સાથે સ્ત્રીઓ સ્ત્રીઓ, પુરુષો-પુરુષો કે સ્ત્રીઓ પુરુષો ગોળાકારે સાથે ફરીને રાસ નર્તન કરે તેને તાલી રાસક કે મંડલ રાસક કહેવાય છે. જે હલ્લીસક નૃત્તનો એક પ્રકાર છે. અભિનય દર્પણ ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે પાર્વતી જીએ બાણાસુરની પુત્રી ઉષાને લાસ્ય શીખવ્યું, ઉષાએ દ્વારકાની ગોપીઓને શીખવ્યું અને દ્વારકા ની ગોપીઓ એ સૌરાષ્ટ્રની સીઓને શીખવ્યું.આ રીતે પરંપરા ગત રીતે લાસ્યનૃત્ય લોકજીવન માં પ્રતિષ્ઠિત બન્યું. એક અનુમાન પ્રમાણે શ્રી કૃષ્ણના હલ્લીસકનૃત્ત ના પદગતિ અને હલનચલનમાં ઉષાએ હાથ તાળીનું નર્તન ઉમેયુ તેમજ પુરુષોને તેમાંથી દૂર કર્યા કારણ એકલી સ્ત્રીઓ હો તો લાસ્ય સવિશેષ લલિત,લાવણ્ય મય અને સૌદર્યયુક્ત પ્રસ્તુત થશે. તાલ, તાલી, ચપટી, લચક,ઠેસ, લાસ્ય અને વર્તુળાકાર તાલી રાસ ના મુખ્ય અંગો ગણી શકાય. ગરબામાં એક તાલી,બેતાલી,ત્રણ તાલી અને તાલી સાથે ચપટીનાને સંઘોર્મિના અનેક પ્રકાર પ્રચલિત છે. તાલી, ચપટી અને પગની ઠેસના વિવિધ પ્રકારો તેને તાલ અને લય આપે છે એટલે વાદ્યની જરૂર રહેતી નથી (ન હોય તો પણ ચાલે), ગોળાકારે પૂર્ણ હોય બબ્બે,ચાર ચારની ગૂંથણી કે અર્ધવર્તુળમાં રચાતાં રચાતાં ગોળાકાર થાય છે, આ લોકનર્તન ગોળાકારનું સ્વરૂપ જાળવી રાખતાં રાખતાં તેની પ્રવેશ અને પ્રસ્થાનની રચનાઓ અનેકવિધ તાલ, શબ્દો અને તેમાંથી ઊઠતા વિચારો દ્વારા સર્જતું રહે છે. આવું પ્રવેશ અને પ્રસ્થાનનું નાવિન્યવિદોનાં લોકનર્તનમાં અનન્ય છે. પ્રાચીન ગરબામાં હાથતાળી નર્તન મુખ્ય છે. આ ઉપરાંત માધાપર એકથી વધુ બેડાં લઈ, ગરબી, માંડવડી, દીવા, દીવડી, દાંડિયા, મંજીરા વગેરે લઈ અને પણ વિવિધ અંગ મરોડ અને ચાલ વૈવિધ્ય સાથેનું નર્તન જોવા મળે છે. તાલીરાસમાં ગવાતા વૃદગીતોમાં, ગરબે ઘૂમતી વખતે, એકનું એક ગીત પ્રથમ વિલંબિત પછી મધ્ય અને ત્યાર પછી દ્રુતલથમાં સામાન્ય રીતે લેવાય છે.પ્રાચીન લૌકકૃતિ, લોકગીત અથવા દયારામ સુધીના કવિઓની કૃતિઓના સમાવેશ પ્રાચીન ગરબામાં થાય છે. વિષયવસ્તુ વિશેષતઃ ભક્તિપ્રધાન હોય છે. શક્તિની આરાધના, શ્રી કૃષ્ણની લીલાઓ તેમજ લોકજીવનને સ્પર્શતા વિષ્ણુના સાધારણ લોકસમુદાય સહજતાથી ગાઈ શકે તેવા ગેયતા પ્રધાન લોકઢાળ ના વૃંદગીતો જ હોય છે. મહાકાળી,અંબા,બહુચર,ચાચર, આશાપુરા વગેરે અસંખ્યદેવીઓ નું સ્મરણ કરીને ગેરબો ગવાય છે. ઈ.સ.૧૭૨૧માં ભાણદાસજી એ રચેલી ગરબીઃ ગગનમંડળની ગાગરડી ગુણ ગરબી રે, તેણી મિ ભવાની રારા ગાઉં ગુણ ગરબી મળે છે.અને ઈ.સ. ૧૭૮૦માં વલ્લભ મેવાડાએ રચેલો ગરબો, ગગન મંડળ

### મિલાપ મિલન ઝવેરીએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મ નવેમ્બરમાં રિલીઝ થશે

# વિવેક ઓબેરોય, આફતાબ અને રિતેશ દેશમુખ મસ્તી કરાવશે

**આ ફિલ્મમાં લીડ એક્ટ્રેસમાં શ્રેયા શર્મા, રુહી સિંઘ અને એલનાઝ નોરોઝી જોવા મળશે. આ ફિલ્મ મુંબઈ સાથે યૂકેમાં પણ શૂટ થઈ છે.**

કેટલીક જાણીતી કલ્ટ કોમેડી ફિલ્મમાંની એક મસ્તીની ચોથી ફિલ્મ ફરી આવી રહી છે. વેવબેન્ડ પ્રોડક્શને તૈયાર કરેલી આ ફિલ્મનું ટીઝર રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મ મિલાપ મિલન ઝવેરી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને લખવામાં આવી છે. ફરી એક વખત રિતેશ દેશમુખ, આફતાબ શિવદાસાની અને વિવેક ઓબેરોય અમર, મીત અને પ્રેમ તરીકે જોવા મળશે. ફરી એક વખત લાફટર, ફન અને કેઓસથી ભરેલી ફિલ્મ ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે.આ ફિલ્મમાં લીડ એક્ટ્રેસમાં શ્રેયા શર્મા, રુહી સિંઘ અને એલનાઝ નોરોઝી જોવા મળશે. આ ફિલ્મ મુંબઈ સાથે યૂકેમાં પણ શૂટ થઈ છે, ટીઝર પરથી તેના ભવ્ય સ્કેલનો અંદાજ આવે છે. આ ફિલ્મમાં પણ દર્શકો માટે કેટલાક અન્ય કલાકારોની પણ સરપ્રાઈઝ મળશે.મિલાપ મિલન ઝવેરીએ આ ફિલ્મ અંગે ઉત્સાહ વ્યક્ત કરતા કહ્યું, “’’પહેલી બે મસ્તી લખવાથી લઈને આજે મસ્તી ૪ સુધી મારા માટે જાણે એક ચક્ર પૂરું થયું હોય એવી ઘટના છે. ઈન્દ્ર કુમાર સર પાસેથી આ વારસો મેળવવા માટે હું તમનો આભારી છું. તેમની દૃષ્ટિથી જ પહેલી ફિલ્મ બની હતી. તેમની ફિલ્મે કોમેડી ફિલ્મ માટે એક ધોરણ નક્કી કર્યું હતું. હું નસીબદાર છું કે મારી પોતાની સ્ટાઈલમાં હું આ વારસાને આગળ વધારી રહ્યો છું. અમે આ ફિલ્મની મેડનેસને હવે અલગ લેવલ પર લઈ જઈ રહ્યા છીએ. આ વખતે ડ્રામા અને કેઓસનો ઓવરડોઝ હશે. આ ટીઝર માત્ર એક એક ઝલક છે કે ફિલ્મ કેટલી મજા કરાવશે.




### ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ સિડનીમાં મૂળ અંત સાથેની ફિલ્મનું સ્ક્રીનિંગ થશે

# હવે ફિલ્મ શોલેમાં ઠાકુર ગબ્બરસિંહને મારતો દેખાશે

**શોલેને ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા સિપ્પી ફિલ્મ્સ સાથે મળીને બારિકાઈથી ૪કેમાં રિસ્ટોર કરવામાં આવી છે**

જ્યારે પહેલી વખત શોલે બની ત્યારે ડિરેક્ટર રમેશ સિપ્પીને અલગ અંત જોઈતો હતો. તે ઈચ્છતા હતા કે ફિલ્મનો અંત અલગ હોય. જોકે, ફિલ્મના ડિસ્ટ્રીબ્યુટર્સને ઈચ્છા હતી કે, અંત બદલી નાખવામાં આવે અને ઠાકુર છેલ્લે ગબ્બરને છોડી દે અને તેને પોલિસને પકડાવી દે. આ સીન શૂટ થયો તો પણ અંત બદલાઈ ગયો. ત્યારે ફિલ્મ રિલીઝના ૫૦ વર્ષ પછી હવે છેક દર્શકોને ફિલ્મનો એ અંત જોવા મળશે. ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબર્નની ટીમ દ્વારા જ ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ સિડનીનું આયોજન થઈ રહ્યું છે. તેમણે જાહેરાત કરી છે કે શોલેનું નવું તૈયાર થયેલું વર્ઝન ઓક્ટોબરમાં આ ફેસ્ટિવલમાં આકર્ષણનું કેન્દ્ર બની શકે છે, જેમાં ઠાકુર ગબ્બરને મારી નાખે છે, આઈએફએફએસમાં ૯થી ૧૧ ઓક્ટોબર વચ્ચે જોવા મળશે.ભારતિય સિનેમાના ઈતિહાસની આ સૌથી લોકપ્રિય ફિલ્મોમાંની એક છે. શોલેને ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા સિપ્પી ફિલ્મ્સ સાથે મળીને બારિકાઈથી ૪કેમાં રિસ્ટોર કરવામાં આવી છે. આ પ્રક્રિયામાં વર્ષો લાગ્યા છે. ખાસ તો તેના માટે



એક રેર કલર રિવર્સલ પ્રિન્ટ લંડનમાંથી મેળવવી પડી હતી અને મુંબઈના વેરહાઉસમાંથી ભુલાઈ ગયેલા અને ખોવાઈ ગયેલા મૂળ ફિલ્મમાંથી ડિલીટ થઈ ગયેલા સીન શોધવામાં આવ્યા હતા. અંતે આ મહેનતનું પરિણામ ૭૦એમએમના પડદે જોવા મળે છે.આ ફેસ્ટિવલના ડિરેક્ટર મિતુ ભૌમિકે લાંગેએ જણાવ્યું કે, “શોલેએ માત્ર એક ફિલ્મ નથી, તેનાથી વિશેષ છે. તે ભારતીય વાર્તાકથન, યાદો અને કહાણીઓના કપડાંમાં વણાઈ ગઈ છે. તેનું મૂળ એન્ડિંગ પાછું લાવવું, એ પણ આટલા વર્ષો પછી. આ ફિલ્મના માત્ર એક સીનમાં નહીં પણ સમગ્ર ફિલ્મ રીસ્ટોર કરવામાં આવી. અમે ખુબ ઉત્સાહીત છીએ કે ૫૦ વર્ષે લોકોને મૂળ અંત જોવા મળશે.”

### ‘સૈયારા’ની સફળતા પછી જેનઝીની ૬ ટોપ બ્રાન્ડ સાથે જોડાયો

# અહાન પાન્ડેની ડિમાન્ડ વધી, પ્રોડ્યુસર્સ અને બ્રાન્ડની ઓફરનો વરસાદ



**જ્યારથી અહાન પાંડેની ફિલ્મ ‘સૈયારા’ રિલીઝ થઈ ત્યારથી તેનું નામ ઘર-ઘરમાં જાણીતું થઈ ગયું છે**

જ્યારથી અહાન પાંડેની ફિલ્મ ‘સૈયારા’ રિલીઝ થઈ ત્યારથી તેનું નામ ઘર-ઘરમાં જાણીતુ થઈ ગયું છે. સમગ્ર ઈડસ્ટ્રીના લોકો તેના વખાણ કરી રહ્યા છે. તે જાણે રાતોરાત સુપરસ્ટાર બની ગયો છે. તેના માટે પાછા ફરીને જોવા જેવું પણ રહ્યું નથી. તેની સામે પ્રોડ્યુસર્સની લાઈન લાગી છે, સાથે જ તેની સામે ખુણે ખુણેથી વિવિધ બ્રાન્ડ માટેની પણ ઓફર આવી રહી છે. તે પ્રોડ્યુસર્સ અને બ્રાન્ડની પહેલી પસંદ બની ગયો છે.એવા અહેવાલો છે કે અહાન પાંડેને જેનઝીની ટોપ ૬ બ્રાન્ડે સાઈન કરી લીધો છે. કારણ કે યશરાજ ફિલ્મ્સે અત્યાર સુધી તેને છુપાવીને રાખ્યો હતો, તેમને તેની ક્ષમતાઓનો અંદાજ હતો. ફિલ્મ આવી તે પહેલા અહાન નવો હોવા છતાં તેના કોઈ ઈન્ટરવ્યુ, તસવીરો કે કોઈ જાહેર કાર્યક્રમમાં તે દેખાયો નથી. તેથી ફિલ્મમાં તેને જોઈ દર્શકો પ્રભાવિત થયા હતા. તે પ્રોડ્યુસર્સ અને બ્રાન્ડની પહેલી પસંદ બની ગયો છે.એવા અહેવાલો છે કે અહાન પાંડેને જેનઝીની ટોપ ૬ બ્રાન્ડે સાઈન કરી લીધો છે. કારણ કે યશરાજ ફિલ્મ્સે અત્યાર સુધી તેને છુપાવીને રાખ્યો હતો, તેમને તેની ક્ષમતાઓનો અંદાજ હતો. ફિલ્મ આવી તે પહેલા અહાન નવો હોવા છતાં તેના કોઈ ઈન્ટરવ્યુ, તસવીરો કે કોઈ જાહેર કાર્યક્રમમાં તે દેખાયો નથી. તેથી ફિલ્મમાં તેને જોઈ દર્શકો પ્રભાવિત થયા હતા.

# ‘એલિમનીની વાત સાવ ખોટી, લાગતું નથી કે હું હવે કોઈને ડેટ કરી શકું’

**‘અમારા લગ્ન ચાર વર્ષ થયા હતા, અને આ પહેલા અમે ૬-૭ મહિના સુધી ડેટિંગ કર્યું હતું.’ : ધનશ્રી વર્મા**

અભિનેત્રી અને કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા પણ રિયાલિટી શો ‘રાઈઝ એન્ડ ફોલ’ માં જોવા મળી રહી છે. શો દરમિયાન ધનશ્રીએ ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથેના છૂટાછેડા અંગે અનેક ખુલાસા કર્યા હતા. હવે, તેણીએ ચહલ પાસેથી ૬૦ કરોડ રુપિયાના ભરણપોષણ માંગવાના આરોપો પર તેણે મૌન તોડ્યું છે અને સાચી હકીકત બતાવી છે. ‘રાઈઝ એન્ડ ફોલ’ માં ધનશ્રી વર્માએ ફરીથી યુઝવેન્દ્ર ચહલથી તેના અલગ થવા અંગે નવો ખુલાસો કર્યો કે, ભરણપોષણની અફવાઓ ખોટી હતી. ધનશ્રી ખુલાસો કરતાં કહ્યું કે, ‘સત્તાવાર રીતે લગભગ એક વર્ષ થઈ ગયું છે. આ ખૂબ જ જલ્દીથી થયું, કારણ કે તે પરસ્પર સંમતિથી થયું હતું, તેથી જ્યારે લોકો ભરણપોષણની વાત કરે છે તે બિલકુલ ખોટું છે. એટલા માટે કે હું કંઈ બોલતી નથી, એટલે તમે કાંઈ પણ કહેતા રહેશો ? મારા માતાપિતાએ મને માત્ર એવા લોકોને જ મારી જાતને સફાઈ આપવાનું શીખવ્યું જેમની હું કાળજી રાખું



છું. જે લોકોને સમજાવવામાં સમય કેમ બરબાદ કરવો જે તમને ઓળખતા નથી?’જ્યારે ધનશ્રીને તેના લગ્નજીવનના સમયગાળા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, ‘અમારા લગ્ન ચાર વર્ષ થયા હતા, અને આ પહેલા અમે ૬-૭ મહિના સુધી ડેટિંગ કર્યુ હતું.’ ભરણપોષણ અંગેના આરોપોનો સામનો કરવા પર વાત કરતાં ધનશ્રીએ કહ્યું, ‘આખરે, જ્યારે તમે આવું થતું જુઓ છો, તો તમને દુઃખ થતુ હશે. એવું જરૂરી નહોતું. એટલે કંઈ પણ સાચું નથી. મને એ વિચારીને ખરાબ લાગ્યું કે ‘તેણે આવું કેમ કર્યુ?’ ઠીક છે. હું હંમેશા તેનું સમ્માન રાખીશ, એ મારો વિશ્વાસ છે. હવે, મને નથી લાગતું કે, હું કોઈને ડેટ કરી શકું.’ ભરણપોષણ અંગેના આરોપોનો સામનો કરવા પર વાત કરતાં ધનશ્રીએ કહ્યું, ‘આખરે, જ્યારે તમે આવું થતું જુઓ છો, તો તમને દુઃખ થતુ હશે. એવું જરૂરી નહોતું. એટલે કંઈ પણ સાચું નથી. મને એ વિચારીને ખરાબ લાગ્યું કે ‘તેણે આવું કેમ કર્યુ?’ ઠીક છે. હું હંમેશા તેનું સમ્માન રાખીશ, એ મારો વિશ્વાસ છે. હવે, મને નથી લાગતું કે, હું કોઈને ડેટ કરી શકું.’

### દિલજીત દોસાંઝની એક ક્લિપ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે, જેમાં તે ભારતના રાષ્ટ્રધ્વજને સલામી આપતો જોવા મળી રહ્યો છે

# મને લોકોએ દેશવિરોધી કહ્યો અને પહલગામ હુમલા બાદ ભારત-પાક.ની મેચ રમાઈ : દિલજીત દોસાંઝ

પંજાબી સિંગર દિલજીત દોસાંઝ હવે ઈન્ટરનેશનલ સ્ટાર બની ગયો છે. તેના લાઈવ કોન્સર્ટની સાથે-સાથે તેની ફિલ્મોની પણ ફેન્સ આતુરતાથી રાહ જોતા હોય છે. થોડા સમય પહેલાં દિલજીતની ફિલ્મ સરદારજી ૩ આવી હતી. આ ફિલ્મમાં પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિર હોવાને કારણે ઘણો વિવાદ થયો હતો અને ભારતમાં આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હવે તેણે ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાઈ રહેલી મેચો પર સવાલો ઉઠાવ્યા છે.પહલગામ હુમલા પછી ભારતમાં પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દિલજીતની ફિલ્મ સરદારજી ૩ માં હાનિયા આમિરના હોવાથી તેના પર પણ



પ્રતિબંધ લાગ્યો હતો અને લોકોને દિલજીત દોસાંઝ પર ખૂબ ગુસ્સો ઉતાર્યો હતો. તેમણે આ ફિલ્મ વિશે સ્પષ્ટતા પણ કરી હતી. પરંતુ હવે, ક્રિકેટ મેચ પછી દિલજીતે સવાલો ઊભા કર્યા છે.દિલજીત દોસાંઝની એક ક્લિપ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે, જેમાં તે ભારતના રાષ્ટ્રધ્વજને સલામી આપતો જોવા મળી રહ્યો છે. ધ્વજ તરફ જોતા તે કહે છે, ‘તે મારા દેશનો ઝંડો છે. તેના માટે હંમેશા સન્માન છે. મારી ફિલ્મ સરદારજી ૩ નું શૂટિંગ ફેબ્રુઆરીમાં થઈ ગયું હતું, જ્યારે મેચ હમણાં રમાઈ રહી છે. મારી પાસે ઘણા જવાબો છે, પણ હું ચૂપ રહું છું. તે હુમલા પછી પણ અને આજે પણ અમે એ જ પ્રાર્થના કરીએ છીએ કે આતંકવાદીઓને કડકમાં કડક સજા મળવી જોઈએ. ફરક માત્ર એટલો જ છે કે મારી ફિલ્મનું શૂટિંગ હુમલા પહેલાં થયું હતું અને મેચ હુમલા પછી થઈ છે. ’દિલજીત અહીં અટક્યો નહી અને તેણે મીડિયા પર પણ નિશાન સાધતા કહ્યું, ‘નેશનલ મીડિયાએ મને ‘એન્ટી નેશનલ’ ગણાવ્યો, પરંતુ શીખ અને પંજાબી સમુદાય ક્યારેય દેશ વિરુદ્ધ જઈ શકે નહીં.’જણાવી દઈએ કે સરદારજી ૩માં હાનિયા આમિર હોવાને કારણે દિલજીતે તેને ફક્ત વિદેશમાં જ રિલીઝ કરી હતી. તેમ છતાં, ત્યારે દિલજીતનો બહિષ્કાર કરવાની માંગ ઉઠી હતી. ’દિલજીત અહીં અટક્યો નહી અને તેણે મીડિયા પર પણ નિશાન સાધતા કહ્યું, ‘નેશનલ મીડિયાએ મને ‘એન્ટી નેશનલ’ ગણાવ્યો, પરંતુ શીખ અને પંજાબી સમુદાય ક્યારેય દેશ વિરુદ્ધ જઈ શકે નહીં.’જણાવી દઈએ કે સરદારજી ૩માં હાનિયા આમિર હોવાને કારણે દિલજીતે તેને ફક્ત વિદેશમાં જ રિલીઝ કરી હતી. તેમ છતાં, ત્યારે દિલજીતનો બહિષ્કાર કરવાની માંગ ઉઠી હતી.

### મેઘના ગુલઝારની એક્શન થ્રિલરમાં બંને પહેલીવાર સાથે દેખાશે

# કરીના- પૃથ્વીરાજ સુકુમારને ‘દાયરા’નું શૂટિંગ શરૂ કર્યું



**વાયરલ વીડિયોમાં પૃથ્વીરાજ એક પોલીસ અધિકારી તરીકે કરીનાના પાત્રની પૂછપરછ કરતો જોવા મળી રહ્યો છે**

બોલિવૂડ એક્ટ્રેસ કરીના કપૂર અને સાઉથ એક્ટર પૃથ્વીરાજ સુકુમારને મેઘના ગુલઝારની ક્રાઈમ થ્રિલર ફિલ્મ ‘દાયરા’નું શૂટિંગ શરૂ કર્યું છે. આ પહેલી વખત છે, જ્યારે કરીના અને પૃથ્વીરાજ ફિલ્મમાં સાથે જોવા મળશે.કરીના કપૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર શૂટિંગનો એક વીડિયો શેર કરીને લખ્યું, ‘પહેલો દિવસ, ૬૮મી ફિલ્મ. અદ્ભુત મેઘના ગુલઝાર અને પૃથ્વીરાજ સાથે ‘દાયરા’. પ્રેમ અને આશીર્વાદ મોકલો.’પૃથ્વીરાજે પણ આ વીડિયો શેર કરીને લખ્યું, ‘’દાયરા’નું શૂટિંગ સત્તાવાર રીતે શરૂ થઈ ગયું છે. એક નવી વાર્તા, એક નવી સફર, જે સમાન રીતે પડકારજનક અને રોમાંચક છે. આ દુનિયામાં પ્રવેશ કરવા બદલ રોમાંચિત છું.’આ વીડિયોમાં પૃથ્વીરાજ એક પોલીસ અધિકારી તરીકે કરીનાના પાત્રની પૂછપરછ કરતો જોવા મળી રહ્યો છે. આ સાથે જ, વીડિયોમાં પ્રખ્યાત ગીતકાર-ડિરેક્ટર ગુલઝાર (જે મેઘના ગુલઝારના પિતા છે) પણ દેખાય છે, જેઓ શૂટિંગના પહેલા દિવસે સેટ પર આવ્યા હતા.કરીના કપૂરે ગીતકાર ગુલઝાર સાથેનો ફોટો પોસ્ટ કર્યો હતો.અગાઉ આ ફિલ્મ વિશે વાત કરતા પૃથ્વીરાજે કહ્યું હતુ કે, ‘આ ફિલ્મ ઘણી લેયર્ડ (વિવિધ સ્તરોવાળી) છે અને તે દર્શકો સાથે ચોક્કસપણે કનેક્ટ થશે. મેઘના ગુલઝારનું વિઝન, જંગલી પિક્ચર્સ અને કરીના કપૂર જેવી એક્ટ્રેસ સાથે કામ કરવાનો અનુભવ સારો રહેશે. ‘દાયરા’ એક એવી અનોખી વાર્તા છે, જે સામાજિક નિયમો, અપરાધ અને સજાની દુનિયામાં ઊંડાણ પૂર્વક ઉતરે છે.’વર્કફ્રન્ટની વાત કરીએ તો પૃથ્વીરાજ સુકુમારની ફિલ્મ ‘લ૨:એમ્પુરાન’ અત્યારસુધીની સૌથી વધુ કમાણી કરનારી મલયાલમ ફિલ્મ બની છે. ઉપરાંત તે બોલિવૂડ વેબ સિરીઝ ‘સરઝમીન’માં જોવા મળ્યો હતો.

# શાહરુખ ખાન સાથે હેન્ડશેક બાદ મેં હાથ નથી ધોયા : પ્રકૃતિ મિશ્રા

**૭૧માં નેશનલ એવોર્ડની જ્યુરી મેમ્બર રહેલી અભિનેત્રી પ્રકૃતિ મિશ્રાએ ઈન્સ્ટાગ્રામ પર શાહરૂખ ખાન સાથેના ફોટા પોસ્ટ કર્યા છે**



બોલિવૂડના કિંગ શાહરૂખ ખાનને તેની ફિલ્મ ‘જવાન’ માટે નેશનલ એવોર્ડ મળ્યો છે. કિંગ ખાનના ૩૩ વર્ષના કરિયરમાં આ તેનો પ્રથમ નેશનલ એવોર્ડ છે. આ ઈવેન્ટના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. ઈવેન્ટ પછી કિંગ ખાને જ્યુરી સભ્યો સાથે ફોટો પડાવ્યા, જે હવે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે.૭૧માં નેશનલ એવોર્ડની જ્યુરી મેમ્બર રહેલી અભિનેત્રી પ્રકૃતિ મિશ્રાએ ઈન્સ્ટાગ્રામ પર શાહરૂખ ખાન સાથેના ફોટા પોસ્ટ કર્યા છે. આ ફોટોમાં શાહરૂખ ખાન, પ્રકૃતિ અને જ્યુરી અધ્યક્ષ ફિલ્મ મેકર્સ આશુતોષ ગોવારીકર પણ છે. બોલિવૂડ કિંગ સાથે મોમેન્ટ શેર કરની પ્રકૃતિ ખૂબ જ ખુશ છે. તે ફોટામાં ખૂબ જ ખુશ દેખાઈ રહી છે. પ્રકૃતિ સાડીમાં સ્ટનિંગ લાગી રહી છે.પ્રકૃતિએ કેપ્શનમાં લખ્યું કે, જ્યારે મને ૭૧માં નેશનલ ફિલ્મ એવોર્ડસની સેન્ટ્રલ જ્યુરી માટે પસંદ કરવામાં આવી, ત્યારે મને ખબર નહોતી કે, હું એ ૧૧ સભ્યોની ટીમનો ભાગ બનીશ જે શાહરૂખ સરને તેના મચઅવેટેડ અને પ્રથમ નેશનલ એવોર્ડ અપાવવા માટે જવાબદાર હશે. આ આઈકોનિક મોમેન્ટનો હિસ્સો બનીને મને ખબર પડી ગઈ કે, ‘અગર કિસી ચીજ કો દિલ સે ચાહો તો પૂરી કાયનાત ઉસે તુમસે મિલાને કી કોશિશ મેં લગ જાતી હૈ.’શાહરૂખની જીત પર્સનલ ફિલ થાય છે. કારણ કે, તે દરેક ભારતીય કલાકારને સપના જોવાની, જીતવાની અને મહેનત કરવાની આશા આપે છે. થેંક્યુ શાહરૂખ સર તમારી વિનમ્રતા, મહેનત અને શાલીનતાથી અમને પ્રેરણા આપવા માટે.’પોતાની પોસ્ટના અંતે પ્રકૃતિએ મજાકમાં કહ્યુ કે, ‘મેં નેશનલ એવોર્ડ ઈવેન્ટમાં શાહરૂખ ખાન સાથે હાથ મિલાવ્યા પછી હાથ જ નહોતા ધોયા.’ અભિનેત્રીએ તેને પોતાના જીવનનો સૌથી સ્પેશિયલ હેન્ડશેક ગણાવ્યું. અંતમાં પ્રકૃતિએ કિંગ ખાનને તેના પ્રથમ નેશનલ એવોર્ડ માટે અભિનંદન પાઠવ્યા. તેણે લખ્યું કે, ‘આ પેનલમાં હોવું અને તમારા હક માટે લડવું એ મારા માટે સન્માનની વાત હતી.’ કારણ કે, તે દરેક ભારતીય કલાકારને સપના જોવાની, જીતવાની અને મહેનત કરવાની આશા આપે છે. થેંક્યુ શાહરૂખ સર તમારી વિનમ્રતા, મહેનત અને શાલીનતાથી અમને પ્રેરણા આપવા માટે.’પોતાની પોસ્ટના અંતે પ્રકૃતિએ મજાકમાં કહ્યુ કે, ‘મેં નેશનલ એવોર્ડ ઈવેન્ટમાં શાહરૂખ ખાન સાથે હાથ મિલાવ્યા પછી હાથ જ નહોતા ધોયા.’ અભિનેત્રીએ તેને પોતાના જીવનનો સૌથી સ્પેશિયલ હેન્ડશેક ગણાવ્યું. અંતમાં પ્રકૃતિએ કિંગ ખાનને તેના પ્રથમ નેશનલ એવોર્ડ માટે અભિનંદન પાઠવ્યા. તેણે લખ્યું કે, ‘આ પેનલમાં હોવું અને તમારા હક માટે લડવું એ મારા માટે સન્માનની વાત હતી.’

# ઝાલોદ તાલુકાનું ગોવિંદ ગુરુ તાલુકો બનતા ધારાસભ્ય મહેશ ભૂરીયાએ ભાજપના રાજકીય આગેવાનોનો આભાર માન્યો

## કંબોઈ ધામ ખાતે ગોવિંદ ગુરુ લીમડી તાલુકો બનવાની ખુશીમાં કાર્યક્રમ યોજાયો




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ તાલુકામાંથી વિભાજિત થઈ નવો ગોવિંદ ગુરુ લીમડી તાલુકાની રચના થતા સમગ્ર આદિવાસી સમાજમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. આ અવસરને યાદગાર બનાવવા માટે કંબોઈ ધામ ખાતે વિશાળ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા અધ્યક્ષ સ્થાને હાજર રહ્યા હતા. સાથે જિલ્લા તથા તાલુકા સભ્યો, સરપંચો અને મોટી સંખ્યામાં આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય મહેશ ભુરીયાને ફૂલહાર પહેરાવી તમામ લોકોએ અભિનંદન પાઠવ્યા હતા. ગોવિંદ ગુરુના નામ પરથી તાલુકાની રચનાને આદિવાસી સમાજે ઐતિહાસિક પગલું ગણાવી હર્ષ વ્યક્ત કર્યો હતો. સાથે સાથે ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાએ બંને તાલુકામાં સહિયારો વિકાસ થશે તેવું જણાવ્યું હતું તેમજ વધુમા જણાવ્યું હતું કે હવે ગોવિંદ ગુરુ તાલુકો બનતા જનતાની સુખાકારી વધશે તેમજ સરકારી તંત્રના કામોમા વેગ આવશે તેમજ ઝડપી કામગીરી થશે તેવું જણાવ્યું હતું. ગોવિંદ ગુરુ લીમડી તાલુકાની રચના માત્ર વહીવટી સુવિધા પૂરતી મર્યાદિત નથી, પરંતુ આદિવાસી સમાજના ગૌરવ, આસ્થા અને ઓળખ સાથે સીધી જોડાયેલી છે. ગોવિંદ ગુરુના સંઘર્ષ અને બલિદાનને યાદ કરતાં લોકોમાં ગર્વ અને ઉત્સાહનો માહોલ સર્જાયો છે.આ પ્રસંગે વિવિધ આગેવાનો દ્વારા પણ નવા તાલુકાની રચના બદલ સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ગામ-ગામમાંથી મોટી સંખ્યામાં આવેલા લોકોના કારણે કંબોઈ ધામ ખાતે મેળાવડા જેવો માહોલ જોવા મળ્યો હતો. આમ ગોવિંદ ગુરુ લીમડી તાલુકાની રચનાથી દાહોદ જિલ્લાના આદિવાસી સમાજમાં આનંદની લહેર દોડી ગઈ છે અને આવનારા સમયમાં આ તાલુકો વિકાસ અને પ્રગતિ તરફ આગળ વધશે એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે



અમદાવાદમાં આઈપીએસ મેસ ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# ઝાલોદ એસ.ટી ડેપોમા રંગલો રંગલી નાટક દ્વારા સ્વચ્છતા થી થતા ફાયદાની જાણકારી અપાઈ




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ એસ.ટી ડેપોમા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ગોધરા વિભાગ દ્વારા સ્વચ્છતા હી સેવાની મુસાફરોને રંગલો રંગલી નાટક દ્વારા સમજ આપવામાં આવી હતી. આજના સ્વચ્છતા અંગે યોજાયેલ નાટકીય પ્રોગ્રામમાં સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ , ડેપોનો સ્ટાફ તેમજ મુસાફરોએ જોયો હતો. રંગલો રંગલી નાટક સ્વચ્છતાને અપનાવવા તેમજ ગંદકી થી દૂર રહી સાવચેતી રાખવા માટે યોજવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ ખુલ્લામા સૌચ ન જવું, જ્યાં ત્યાં થુકી ને ગંદકી ન ફેલાવવી, જ્યાં ત્યાં કચરો ન ફેંક્વો, દરેક ગામ, નગર શેરી સ્વચ્છ રાખવા, જાતે પણ રોજ સ્વચ્છ રહેવું જેવા સંદેશો આપી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. બસ સ્ટેશનમા યોજાયેલ સ્વચ્છતા અંતર્ગત પ્રોગ્રામમાં હાથમાં સ્વચ્છતા અંગેના પોસ્ટર રજૂ કરી બસ સ્ટેશન વિસ્તારમાં, બસમા ગંદકી ન કરવા લોકોને અપીલ કરવામાં આવી હતી. જો ગામ નગર કે આંગણું સ્વચ્છ હશે તો બીમારીઓ દૂર રહેશે અને દરેકના પરિવારો ખુશહાલ જીવન જીવશે. નાટકીય રીતે સ્વચ્છતા સંદેશ અપાતા લોકોને સ્વચ્છતા થી થતા ફાયદા થી માહિતગાર કરાયા હતા. આજના નાટકીય પ્રોગ્રામ વિશે માહિતી આપતા ઝાલોદ ડેપો મેનેજર નિલેશ મુનિયાએ કહ્યું હતું કે સ્વચ્છતા અંગે લોકોમાં વધુ જનજાગૃતિ આવે તે માટે આજની પ્રોગ્રામ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ ગોધરા વિભાગ દ્વારા યોજવામાં આવ્યો હતો.

# ઠાસરા તથા ગળતેશ્વર તાલુકા માટે દિવાળીના તહેવારો દરમ્યાન દારૂખાના સંબંધિત પરવાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ઠાસરાની કચેરી ખાતેથી આપવામાં આવશે

। (માહિતી) નડિયાદ, તા.૨૬ ।

ઓક્ટોમ્બર ૨૦૨૫ માં આવતા દિવાળીના તહેવારો દરમ્યાન ઠાસરા તથા ગળતેશ્વર તાલુકા માટે દારૂખાનાનું સંગ્રહ તથા વેચવા માટના હંગામી પરવાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ઠાસરાની કચેરી ખાતેથી આપવામાં આવશે. જે માટે ઈચ્છુક અરજદારોએ તા.૧૬/૦૯/૨૦૨૫ થી તા.૦૬/૧૦/૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથેની અરજીઓ ત્રણ નકલમાં સંબંધિત મામલતદાર કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. જિલ્લાના અરજદારોની સવલત ખાતર ફોર્મ એ.ઈ-૫ની અરજીના નમૂના જે તે તાલુકાની મામલતદાર કચેરીમાં મોકલી આપવામાં આવેલ છે. જેથી દૂરના અને ગ્રામ્ય વિસ્તારના અરજદારોએ તેમના તાલુકાની મામલતદાર કચેરીનો સંપર્ક સાધવો. અરજી નિયત નમૂના ફોર્મ એ. ઈ-૫ ની ઉપર રૂ. ૩/-ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી તેની ત્રણ નકલમાં સબંધિત મામલતદારશ્રીની કચેરીએ તા.૧૬/૦૯/૨૦૨૫ થી તા.૦૬/૧૦/૨૦૨૫ સુધીમાં કરવાની રહેશે. તેમજ અરજી સાથે (૧)૦૦૭૦ ૦.૭.જી. સદરે રૂ઼ા.૭૦૦/-(રૂ.૨૦૦/-તપાસણીના તેમજ રૂા. ૫૦૦/-દારૂખાનુ રાખવાનો પરવાનો અંગેની ફી) પરવાના ફી પેટે ચલણથી જમા કરાવી તેનુ અસલ ચલણ(૨)ધંધાના સુચિત સ્થળની ૧૫ મીટરની ત્રીજયામાં આવેલ અન્ય દુકાનોના ધંધાના પ્રકાર, શાળા, કોલેજો, હોસ્પિટલો, સળગી ઉઠે તેવા પદાર્થોનું ગોડાઉન, પેટ્રોલપંપ કે રક્ષિત ઈમારતો આવેલી હોય તો તેની સ્પષ્ટ વિગતો દર્શાવતો નકશો (શહેરી વિસ્તારમા નગરપાલિકા દ્વારા પ્રમાણિત કરેલ તથા ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા પ્રમાણિત કરેલ) (૩)જગ્યાની માલિકી બાબતના પુરાવા, ભાડાની દુકાન હોય તો ભાડા કરાર (નોટરાઈઝડ અથવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂનો ભાડા કરાર) અને ભાડે દુકાન આપનાર માલીકનો રૂ.૫૦/-ના સ્ટેમ્પ પેપર પર સંમતિ જવાબ (૪) ગ્રામ પંચાયતમાં (તલાટી કમ મંત્રી તથા સરપંચની સહી વાળુ)તથા નગરપાલિકામાં (ચીફ ઓફીસર તથા પ્રમુખની સહી વાળું) ના વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી) (૫)ફાયર સેફટીની વ્યવસ્થા અંગેનું ફાયર ઓફીસરનું પ્રમાણપત્ર (૬)ધંધાના સ્થળ ૬ ૪ ની સાઈઝના ૩ ફોટોગ્રાફ વગેરે તમામ આધાર પુરાવા નિયત અરજી સાથે રજુ કરવાના રહેશે.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી–પટના અને રાજકોટ–બરૌની વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

## ટ્રેન નંબર ૦૯૪૨૭/૦૯૪૨૮ સાબરમતી–પટના–સાબરમતી સાપ્તાહિક સ્પેશિયલ (૧૮ ટ્રીપ્સ)

। (રેલવે) અમદાવાદ, તા.૨૬ ।

પશ્ચિમ રેલવે દ્વારા આવતા દિવાળી અને છઠ પૂજા ફેસ્ટિવલ સીઝન દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી–પટના અને રાજકોટ–બરૌની વચ્ચે સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ખાસ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ ટ્રેન નંબર ૦૯૪૨૭/૦૯૪૨૮ સાબરમતી–પટના–સાબરમતી સાપ્તાહિક સ્પેશિયલ (૧૮ ટ્રીપ્સ), ટ્રેન નંબર ૦૯૪૨૭ સાબરમતી–પટના સ્પેશિયલ ૦૧ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૬ નવેમ્બર ૨૦૨૫ સુધી દર બુધવારે સાબરમતીથી ૧૮:૧૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૦૧:૦૦ વાગ્યે પટના પહોંચશે. તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૨૮ પટના–સાબરમતી સ્પેશિયલ ૦૩ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૮ નવેમ્બર ૨૦૨૫ સુધી દર શુક્રવારે પટનાથી ૦૪:૪૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૯:૫૫ વાગ્યે સાબરમતી પહોંચશે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ, અજમેર, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઈ, ભરતપુર, અછનેરા, ઈદગાહ, ટુંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્જાપુર, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, બક્સર, આરા અને દાનાપુર સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૩-ટિયર (હમસફર) શ્રેણીના કોચ રહેશે. ટ્રેન નંબર ૦૯૫૬૯/૦૯૫૭૦ રાજકોટ–બરૌની-રાજકોટ (સાપ્તાહિક) સ્પેશિયલ (૧૮ ટ્રીપ્સ), ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ–બરૌની સ્પેશિયલ ૦૨ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ સુધી દર ગુરુવારે રાજકોટથી ૧૭:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૦૫:૦૦ વાગ્યે બરૌની પહોંચશે. તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૭૦ બરૌની–રાજકોટ સ્પેશિયલ ૦૪ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૯ નવેમ્બર ૨૦૨૫ સુધી દર શનિવારે બરૌનીથી બપોરે ૧૪:૪૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૦૪:૪૦ વાગ્યે રાજકોટ પહોંચશે.

# સુરતમાં પત્નીનું ગળું કાપી હત્યા કરનાર પતિને આજીવન કેદની સજા

। (માહિતી) સુરત, તા.૨૬ ।

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં ચાર વર્ષ પહેલા પત્નીનુ ગળું કાપી હત્યા કરવાના ચકચરિત બનાવમાં કોર્ટે હત્યારા પતિને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. આરોપી૨૫ વર્ષીય સન્યાસી ઉર્ફે દિપક મૂળ રહે. બડા માધાપુર, જિ. ગંજામ, ઓરિસ્સા) અને જયંતી ઉર્ફે આરતી (રહે. તરાતારીણી, ઓરિસ્સા) વચ્ચે ચાર વર્ષ અગાઉ પ્રેમસંબંધ બંધાયો હતો. બંને લગ્ન કરવા માગતા હતા, પરંતુ તેમના પરિવારની અસંમતિને કારણે એપ્રિલ ૨૦૧૭માં દિપકે જયંતીને ઓરિસ્સાના તેના ગામથી ભગાવી લાવી હતી.બંનેએ પુરીના મંદિરમાં લગ્ન કર્યા બાદ સુરતના અમરોલી ખાતે ભરથાણાગામ, ખોડીયારનગર સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેવા લાગ્યા હતા. જોકે, સમય જતાં બંને વચ્ચે ઝઘડા શરૂ થયા હતા. ૯ નવેમ્બર ૨૦૧૮ના રોજ દિવાળીની રજા દરમિયાન દિપક અને જયંતી વચ્ચે ફરી ઝઘડો થયો હતો.ગુસ્સે ભરાયેલા દિપકે જયંતીનું ગળું દબાવી તેની હત્યા કરી નાખી હતી. ત્યારબાદ, પુરાવા નાશ કરવા માટે દિપકે ચાકુ વડે જયંતીનું ગળું કાપી નાખ્યું અને તેનું માથું એક થેલીમાં ભરી અમરોલીમાં અંજની ઈન્ડસ્ટ્રીઝ પાસે કૃભકો રેલવે લાઈનની ઝાડીઓમાં ફેંકી દીધું હતું. બાકીની લાશને ચાદરમાં લપેટી કોસાડ અને ભરથાણા ગામ રેલવે સ્ટેશન વચ્ચેની રેલવે લાઈન પર ફેંકી દીધી.

# આરપીએફ અમદાવાદની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી મહિલા મુસાફરની જાન બચી અને એક શંકાસ્પદ વ્યક્તિ ઝડપાયો

। (રેલવે) અમદાવાદ, તા.૨૬ ।

પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ પર રેલવે સુરક્ષા દળ (આરપીએફ) અને રાજકીય રેલવે પોલીસ (જીઆરપી) ના કર્મચારીઓએ તેમની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી અમદાવાદ સ્ટેશન પર એક મહિલા મુસાફરની જાન બચાવી તેમજ એક શંકાસ્પદ વ્યક્તિને પકડીને જીઆરપીના હવાલે કર્યો. મહિલા મુસાફરની જાન બચાવવામાં આવી, ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર ટ્રેન નંબર ૧૬૩૩૬ નાગરકોઈલ–ગાંધીધામ એક્સપ્રેસમાં મુસાફરી કરતી ૫૦ વર્ષીય મહિલા મુસાફર રૂબિના બાનો, નિવાસી ગુના, મધ્ય પ્રદેશ ઉતરતી વખતે અસંતુલિત થઈને ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગઈ. પેટ્રોલિંગ પર રહેલા આરપીએફ કૉન્સ્ટેબલ બૃજેશકુમાર અને જીઆરપી હેડ કૉન્સ્ટેબલ દર્શિતભાઈએ તાત્કાલિકતા અને સાહસ દર્શાવીને મહિલાને સુરક્ષિત બહાર કાઢી. જો આ કાર્યવાહી સમયસર ન કરવામાં આવી હોત તો મહિલાને ગંભીર ઈજા થઈ શકતી હતી અને તેની જાન પણ જોખમમાં પડી શકતી હતી. આરપીએફ દ્વારા શંકાસ્પદ વ્યક્તિ પકડાયો, ૨૫.૦૯.૨૦૨૫નારોજપ્લેટફોર્મનંબર૦૩પર નિયમિત પેટ્રોલિંગ દરમિયાન ઉપ નિરીક્ષક સોનુ કુમાર સૈની, કૉન્સ્ટેબલ બૃજેશકુમાર અને કૉન્સ્ટેબલ મુકેશએ એક શંકાસ્પદ વ્યક્તિને છુપવાનો પ્રયાસ કરતાં જોયો. તેની પૂછપરછ કરવામાં આવી, પરંતુ તે કોઈ સંતોષજનક જવાબ આપી શક્યો નહીં. તપાસ દરમિયાન તેના પાસે વિવો કંપનીનો એક મોબાઈલ ફોન મળ્યો, જેની અંદાજિત કિંમત રૂ.૧૦,૦૦૦/- જેટલી હતી. પ્રાથમિક તપાસમાં આશંકા વ્યક્ત કરવામાં આવી કે આ મોબાઈલ ફોન કોઈ મુસાફર પાસેથી ચોરાયેલો છે. શંકાસ્પદ વ્યક્તિ ગુનો કરવાની નિયતથી સ્ટેશન પરિસરમાં છુપાયો હતો. ઉપરોક્ત વ્યક્તિને વિધિવત કાર્યવાહી




માટે જીઆરપી/અમદાવાદને સુપરત કરવામાં આવ્યો છે. આગળની તપાસ જીઆરપી દ્વારા કરવામાં આવી રહી છે.અમદાવાદ મંડળ મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. આરપીએફ અને જીઆરપીના કર્મચારીઓ દ્વારા દર્શાવવામાં આવેલી સતર્કતા, સાહસ અને ત્વરિત કાર્યવાહી મુસાફરોની સુરક્ષા અને રેલવેની વિશ્વસનીયતાનું પ્રતિક છે. આ સરાહનીય પ્રયાસોને પ્રેરણાત્મક માનવામાં આવે છે અને ભવિષ્યમાં પણ મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આવા પ્રયત્નો સતત ચાલુ રહેશે.

# ભાવનગરમાં સમાધાનના નામે બોલાવીને ૭ યુવકોને કારથી કચડવાનો પ્રયાસ : ૧નું મોત

। (માહિતી) ભાવનગર, તા.૨૬ ।

ભાવનગર શહેરના નારી દસનાળા વિસ્તારમાં એક વર્ષ પહેલાંની જૂની અદાવતને પગલે સમાધાન માટે બોલાવીને કારથી કચડી નાખવાનો પ્રયાસ થતા ૧૯ વર્ષના યુવકનું મોત થયું છે. આ ઘટનામાં પોલીસે ગણતરીની કલાકોમાં જ ૨ આરોપીઓની ધરપકડ કરી છે.શહેરના પરા વિસ્તારમાં રહેતો હાર્દિક ઉર્ફે ટીન્ચુ અશોક કુકડીયા (ઉંમર ૧૯) એક વર્ષ પહેલાં બોરતળાવ બાલવાટિકામાં ગયો હતો. ત્યાં તેનો દિનેશ ગોહેલ નામના યુવક સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી. ત્યારબાદ દિનેશ અને તેના મિત્રો હાર્દિકને સતત હેરાન કરતા હતા. આ બાબતે હાર્દિકે તેના મામાના દીકરા અશોક મકવાણાને વાત કરતા, તેમણે દિનેશ સાથે સમાધાન કરવાનો નિર્ણય કર્યો. આ માટે હાર્દિક અને તેના ૭ મિત્રો દસ નાળા વિસ્તારમાં સમાધાન માટે ગયા હતા.તે સમયે, દિનેશ ગોહેલ, યોગેશ પોપટ વેગડ, હરેશ ઉર્ફે ભાકો, ગોવિંદ કોળી અને સંજય નામના શખ્સો કારમાં આવ્યા હતા. તેમને જોઈને હાર્દિક અને તેના મિત્રો બાઈક પર ત્યાંથી ભાગવા લાગ્યા. ત્યારે કારમાં સવાર આરોપીઓએ તેમનો પીછો કર્યો અને બાઈકને ટક્કર મારી કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં હાર્દિક સહિત ૭ મિત્રોને ઈજા થઈ હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા હાર્દિકને સારવાર માટે સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું.આ બનાવ બાદ, અશોક ભુપત મકવાણાએ વરતેજ પોલીસ સ્ટેશનમાં દિનેશ ગોહેલ, યોગેશ વેગડ, હરેશ ઉર્ફે ભાકો અને સંજય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. હાર્દિકના મોત બાદ તેના પરિવારે જ્યાં સુધી આરોપીઓની ધરપકડ ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. જોકે, પોલીસની સમજાવટ બાદ પરિવારજનો મૃતદેહ સ્વીકારવા તૈયાર થયા હતા.

# મહુધાના અલીણા ગામમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત બ્લોક સ્તરીય શ્રમદાન કાર્યક્રમ યોજાયો

। (માહિતી) નડિયાદ, તા.૨૬ ।

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત અને સ્વચ્છતા હી સેવા અભિયાનને વધુ બળ આપતા મહુધા બ્લોકના અલીણા ગામમાં આજે વિશિષ્ટ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન ગામમાં વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી, જ્યાં ગામના લોકોએ પણ ઉત્સાહપૂર્વક સહભાગી બની શ્રમદાન કર્યું. કચરો એકત્ર કરવા, નાળાઓની સફાઈ, પ્લાસ્ટિક મુક્ત ઝોન બનાવવા જેવી પ્રવૃત્તિઓનું આયોજન થયું. વધુમાં, સમગ્ર કાર્યક્રમ દરમિયાન સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવાઈ, જેમાં ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનો એ સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લીધો. શ્રમદાન પછી ગ્રામજન સાથે એક સાંકળ બેઠકનું આયોજન પણ થયું, જેમાં સ્વચ્છતા અંગે જાગૃતિ, સ્વસ્થ જીવનશૈલી, કચરો વિવેકપૂર્વક નિકાલ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે મહુધા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી દક્ષાબેન દરબાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વી.એસ. ધ્રુવે, અન્ય બ્લોક સ્તરીય અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. પ્રવાસને કારણે તમે નવા સ્થળો જોઈ શકશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે.

**સિંહ (મ,ટ) :**

આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. તમારા પ્રિયપાત્ર સાથે કેટલાક મતભેદોસ થઈ શકે છે-તમારી પરિસ્થિતિથી તમારા સાથીદારને વાકેફ કરાવવામાં તમને ખાસ્સી મુશ્કેલી પડશે.

**તુલા (ર,ત) :**

આજે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે. તમારો દિવસ તમારા પ્રિયપાત્રના હાસ્ય સાથે શરૂ થશે તથા તેનો અંત એકમેકના સપનાંમાં થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલીમાંથી બહાર આવી શકો છો?

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. વ્યર્થ વાદ-વિવાદ માં આજે ખાલી સમય બગડી શકે છે, જે તમને દિવસ ના અંતે નિરાશ કરશે.

**મકર (ખ,જ) :**

આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો. જે લોકો છેલ્લા કેટલાક દિવસો થી ખૂબ જ વ્યસ્ત હતા, તેઓને આજે પોતાના માટે મફત સમય મળી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે.

કોંગ્રેસ સંસદીય પક્ષના વડા સોનિયા ગાંધીએ ગુરુવારે પેલેસ્ટાઇન મુદ્દા પર કેન્દ્ર સરકારના વલણની ટીકા કરી

# સોનિયા ગાંધીએ વડાપ્રધાન મોદી અને નેતન્યાહૂની મિત્રતા પર ઉઠાવ્યા સવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।



કોંગ્રેસ સંસદીય પક્ષના વડા સોનિયા ગાંધીએ ગુરુવારે (૨૫મી સપ્ટેમ્બર) પેલેસ્ટાઈન મુદ્દા પર કેન્દ્ર સરકારના વલણની ટીકા કરી હતી. તેમણે એક લેખમાં લખ્યું કે, સરકારના પગલાં મુખ્યત્ત્વે ભારતના બંધારણીય મૂલ્યો અથવા તેના વ્યૂહાત્મક હિતોને બદલે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની વ્યક્તિગત મિત્રતા દ્વારા પ્રેરિત હોય તેવું લાગે છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ લેખ લખીને મોદી સરકારના વલણની આકરી ટીકા કરી છે. તેમણે લખ્યું કે, વ્યક્તિગત રાજદ્વારીની આ શૈલી ક્યારેય સ્વીકાર્ય નથી અને તે ભારતની વિદેશ નીતિને માર્ગદર્શન આપી શકતી નથી. વિશ્વના અન્ય ભાગોમાં ખાસ કરીને અમેરિકામાં આવું કરવાના પ્રયાસો તાજેતરના મહિનાઓમાં સૌથી દુઃખદ અને અપમાનજનક રીતે નિષ્ફળ ગયા છે.

ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષ પર છેલ્લા કેટલાક મહિનામાં સોનિયા ગાંધીનો આ ત્રીજો લેખ છે, જે દરેક વખતે આ મુદ્દા પર મોદી સરકારના વલણની આકરી ટીકા કરે છે. સોનિયા ગાંધીએ લેખમાં લખ્યું, ભારતે લાંબા સમયથી ઈઝરાયલ-પેલેસ્ટાઈનના ગંભીર અને સંવેદનશીલ મુદ્દા પર સૈદ્ધાંતિક વલણ અપનાવ્યું છે, શાંતિ અને માનવ અધિકારોના રક્ષણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો છે. ભારત ૧૯૭૪માં પેલેસ્ટાઈન લિબરેશન ઑર્ગેનાઈઝેશ (PLO)ને માન્યતા આપ નારા પ્રથમ દેશોમાંનો એક હતો અને તેણે સતત બે-દેશ સમાધાનને ટેકો આપ્યો છે. મોદી સરકાર પર આરોપ લગાવતા સોનિયા ગાંધીએ લખ્યું, ઑક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે દુશ્મનાવટ વધી ત્યારથી છેલ્લા બે વર્ષમાં ભારતે પોતાની ભૂમિકા લગભગ છોડી દીધી છે. સાતમી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ ઈઝરાયલી નાગરિકો પર થયેલા હુમલા પછી ૧૭,૦૦૦ બાળકો સહિત ૫૫,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયન નાગરિકો માર્યા ગયા છે. ઈઝરાયલી સૈન્ય ખોરાક, દવા અને અન્ય સહાય જેવી આવશ્યક ચીજવસ્તુઓની ડિલિવરીમાં અવરોધ ઊભો કરી રહ્યું છે, જેના કારણે ગાઝાના લોકો દુષ્કાળ જેવી સ્થિતિમાં ધકેલાઈ ગયા છે. બેન્જામિન નેતન્યાહૂ અને પીએમ મોદી અંગે લખ્યું કે,મોદી સરકારનું બહેરાશભર્યું મૌન માનવતા અને નૈતિકતા બંનેનો ત્યાગ દર્શાવે છે. એવું લાગે છે કે સરકારના પગલાં ભારતના બંધારણીય મૂલ્યોને બદલે ઈઝરાયલી વડાપ્રધાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની વ્યક્તિગત મિત્રતાથી પ્રેરિત છે. વ્યક્તિગત વ્યૂહનીતિની આ શૈલી ક્યારેય સ્વીકાર્ય નથી અને તે ભારતની વિદેશ નીતિને માર્ગદર્શન આપી શકતી નથી.

પ્રેસ કોન્ફોરન્સમાં પસંદગીકાર અગરકરે જણાવ્યું હતું કે, સાચું કહું તો અમને કરુણ પાસેથી થોડી વધુ અપેક્ષા હતી

# નાયરને મળેલી તકોનો ફાયદો તેણે ના ઊઠાવ્યો, પસંદગીકાર અજિત અગરકરે કહ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય ટીમમાં આશાઓથી ભરેલી કરુણ નાયરની વાપસી ઝડપથી નિરાશામાં ફેરવાઈ ગઈ છે. બીસીસીઆઈએ ગુરુવારે (૨૫મી સપ્ટેમ્બર) વેસ્ટ ઈન્ડિઝ સામેની બે ટેસ્ટ મેચની સીરિઝ માટે ટીમની જાહેરાત કરી હતી, પરંતુ આ વખતે કરુણને બહાર રાખવામાં આવ્યો હતો. ત્યારે મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે આ નિર્ણય પાછળના કારણો વિશે વાત કરતાં કહ્યું કે, નાયરને મળેલી તકોનો ફાયદો તેણે ના ઊઠાવ્યો. પ્રેસ કોન્ફોરન્સમાં પસંદગીકાર અજિત અગરકરે જણાવ્યું હતું કે, સાચું કહું તો અમને કરુણ પાસેથી થોડી વધુ અપેક્ષા હતી. તેણે ચાર ટેસ્ટ રમી હતી અને અમે ફક્ત એક ઈનિંગ વિશે વાત કરી રહ્યા છીએ. કમનસીબે દરેકને ૧૫-૨૦ ટેસ્ટ રમવાની તક મળતી નથી. અમને લાગ્યું કે આ સમયે ટીમ માટે દેવદત્ત પડિક્કલ વધુ સારો વિકલ્પ હશે. પસંદગીકારોનું માનવું છે કે, ભારતીય ટીમમાં સ્થાન જાળવી રાખવું અત્યંત મુશ્કેલ છે, કારણ કે દરેક ખેલાડીને મર્યાદિત તકો મળે છે. કરુણને લાંબા સમય સુધી બેકઅપ તરીકે રાખવો પણ ટીમના હિતમાં નહીં હોય. કરુણ નાયરના સ્થાને પસંદગીકારોએ દેવદત્ત પડિક્કલમાં વિશ્વાસ મૂક્યો છે. તે અગાઉ ભારતીય ટેસ્ટ ટીમનો ભાગ રહી ચૂક્યા છે અને ઈંગ્લૅન્ડ સામે ધર્મશાલા ટેસ્ટ રમ્યા છે. તેણે ભારત છ માટે સતત સારું પ્રદર્શન કર્યું છે. તાજેતરમાં લખનઉમાં ઓસ્ટ્રેલિયા છ સામેની બિનસત્તાવાર ટેસ્ટમાં દેવદત્ત પડિક્કલે શાનદાર સદી ફટકારી હતી. ઉલ્લેખનીય છે કે, લગભગ ૩,૦૦૦ દિવસ પછી ૩૩ વર્ષીય કરુણ નાયર ભારતીય ટેસ્ટ ટીમમાં પાછો ફર્યો હતો. તે ઈંગ્લૅન્ડ પ્રવાસ પર પાંચમાંથી ચાર ટેસ્ટમાં રમ્યો, પરંતુ ફક્ત ૨૦૫ રન જ બનાવી શક્યો. તેનો સર્વોચ્ચ સ્કોર માત્ર અડધી સદીનો હતો. સરેરાશની દૃષ્ટિએ તેણે ૨૫.૬૨ રન બનાવ્યા અને ભારત માટે નંબર ૩ અને નંબર ૬ પર બેટિંગ કરી હતી. પસંદગીકારોને તેની વાપસી માટે ઘણી આશાઓ હતી, પરંતુ તેની સતત નિષ્ફળતાઓથી તેની કારકિર્દી પર સવાલો ઊભા થયા.

# મુંબઈ ઈન્ડિયન્સે લીધો નિર્ણય, અચાનક બદલ્યો ટીમનો કોચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

પૂર્વ ઓસ્ટ્રેલિયન ખેલાડી લિસા કેટ્લીને મુંબઈ ઈન્ડિયન્સ મહિલા ટીમના કોચ તરીકે ચાર્લોટ એડવર્ડ્સની જગ્યાએ લેવામાં આવી છે. એડવર્ડ્સે પદ છોડ્યા બાદ ટીમ હેડ કોચ વિનાની હતી. તેણે ઈંગ્લેન્ડ ટીમના કોચિંગ માટે આ પદ છોડી દીધું હતું. એડવર્ડ્સે ત્રણ વર્ષ સુધી મુંબઈ ઈન્ડિયન્સ મહિલા ટીમનું કોચિંગ કર્યું હતું. તેમના કાર્યકાળ દરમિયાન મુંબઈએ સારું પ્રદર્શન કર્યું, બે ટાઈટલ જીત્યા. હવે લિસા કેટ્લીએ ટીમની કોચિંગ કમાન સંભાળી છે. લિસા કેટ્લીએ કહ્યું કે મુંબઈ ઈન્ડિયન્સ ટીમમાં જોડાવું એ સન્માનની વાત છે. મુંબઈએ મહિલા પ્રીમિયર લીગમાં સારું પ્રદર્શન કર્યું છે. લિસા કેટ્લીએ એક પ્રેસ રિલીઝમાં કહ્યું, 'મને મારી રમવાની રીત ગમે છે અને હું રમતમાં મારું 100% આપું છું. આવી પ્રતિભાશાળી ટીમ સાથે જોડાવાનો મને ખૂબ આનંદ છે અને હું મેદાન પર અને મેદાનની બહાર ટીમમાં નોંધપાત્ર યોગદાન આપતી રહીશ.'' લિસા કેટ્લી બે વખત વર્લ્ડ કપ વિજેતા છે. અને હું મેદાન પર અને મેદાનની બહાર ટીમમાં નોંધપાત્ર યોગદાન આપતી રહીશ.'' લિસા કેટ્લી બે વખત વર્લ્ડ કપ વિજેતા છે. તે 1997 અને 2005 ODI વર્લ્ડ કપ વિજેતા ટીમોનો ભાગ હતી. વર્ષોથી તેણીએ ઈંગ્લેન્ડ વિમેન્સ, ઓસ્ટ્રેલિયા વિમેન્સ, સિડની થંડર, દિલ્હી કેપિટલ્સ વિમેન્સ અને તાજેતરમાં નોર્ધન સુપરચાર્જર્સ વિમેન્સ હંડ્રેડ સહિત કોચિંગ પદો પણ સંભાળ્યા છે.

શ્રેયસ ઐયરને કેપ્ટનશીપની જવાબદારી સોંપાઈ

# ઓસ્ટ્રેલિયા A સામેની સિરીઝ માટે ટીમની જાહેરાત કરાઈ

ભારતીય ક્રિકેટ બોર્ડે ૩૦ સપ્ટેમ્બરથી શરૂ થનારી ઓસ્ટ્રેલિયા છ સામેની ત્રણ મેચની ODI સિરીઝ માટે ટીમની જાહેરાત કરી

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૬ ।

ભારતીય ક્રિકેટ બોર્ડે ૩૦ સપ્ટેમ્બરથી શરૂ થનારી ઓસ્ટ્રેલિયા A સામેની ત્રણ મેચની ODI સિરીઝ માટે ટીમની જાહેરાત કરી છે. શ્રેયસ ઐયરને કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયા A ટીમ હાલમાં ભારતના પ્રવાસે છે, લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે બે મેચની બિનસત્તાવાર ટેસ્ટ સિરીઝની બીજી મેચ રમી રહી છે. ત્યારબાદ તેઓ ભારત A ટીમ સામે ત્રણ મેચની ODI સિરીઝ રમશે, જે બધી જ મેચ કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમ ખાતે રમાશે. અભિષેક શર્મા, તિલક વર્મા અને અર્શદીપ સિંહને ઓસ્ટ્રેલિયા A સામેની ત્રણ મેચની ODI સિરીઝની પ્રથમ મેચમાં સામેલ કરવામાં આવ્યા નથી, કારણ કે તેઓ એશિયા કપમાં ભાગ લેવાને કારણે મુખ્ય ભારતીય ટીમમાં છે, જે પાછળથી જોડાશે. ભારત A ટીમની વાત કરીએ તો, રિયાન પરાગ, આયુષ બદોની, રવિ બિશ્નોઈ અને અભિષેક પોરેલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયા છ સામેની આ સિરીઝની પહેલી મેચ ૩૦ સપ્ટેમ્બરે રમાશે, જ્યારે બીજી અને ત્રીજી મેચ ૩ અને ૫ ઓક્ટોબરે રમાશે. ત્રણેય મેચ બપોરે ૧:૩૦ વાગ્યે શરૂ થશે. શ્રેયસ ઐયરની વાત કરીએ તો, તે ઘણા સમયથી ટીમ ઈન્ડિયામાં વાપસી કરવાનો પ્રયાસ કરી રહ્યો છે અને ઓસ્ટ્રેલિયા A સામેની આ ODI સિરીઝ તેના માટે મહત્વપૂર્ણ રહેશે.

અરાજકતા ફેલાવે તેવી સ્વતંત્રતા ન આપી શકાય : હાઈકોર્ટ

# સોશિયલ મીડિયાનું નિયમન જરૂરી : કર્ણાટક હાઈકોર્ટે મસ્કની કંપની 'X'ની અરજી ફગાવી

ભારતીય બજારને એવું મેદાન ન બનાવી શકાય કે જ્યાં કાયદાનું ઉલ્લંઘન કરીને માહિતીનો ફેલાવો થાય

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૬ ।

એલન મસ્કની માલિકીના સોશિયલ મીડિયા કંપની X કોર્પની અરજીને ફગાવી દેતા કર્ણાટક હાઈકોર્ટે બુધવારે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પરના કન્ટેન્ટનું નિયમન થવું જ જોઈએ. સોશિયલ મીડિયાને અરાજકતા તરફ દોરી જતી સ્વતંત્રતા આપી શકાય નહીં. ભારતીય બજારને એવું મેદાન ન બનાવી શકાય કે જ્યાં કાયદાનું ઉલ્લંઘન કરીને માહિતીનો ફેલાવો થાય.મસ્કની કંપનીએ ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ 79 (3)(b) હેઠળ કેન્દ્ર સરકારે સ્થાપેલા કન્ટેન્ટ રિમુવલ માટેના સહયોગ પોર્ટલ સામે અરજી કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૨૦૨૪માં શરૂ કરેલ સહયોગ પોર્ટલ વાંધાજનક સામગ્રીને બ્લોક કરવાના આદેશોને ઝડપી બનાવે છે. તેનું સંચાલન ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) કરે છે. એક્સ કોર્પ વતી સિનિયર એડવોકેટ કે જી રાઘવને અગાઉ હાઈકોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે કન્ટેન્ટને દૂર કરવાનો કોઈપણ IT એક્ટની કલમ 79(3)(b) હેઠળ નહી, પરંતુ કલમ 69A હેઠળ જારી કરવો જોઈએ. મસ્કની કંપનીએ ઈન્ટરમેડિયરીઝ માટેના સહયોગ પોર્ટલ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો.

દેશમાં મેડિકલ કોલેજો અપગ્રેડ કરાશે

# MBBS, PGની 10,000 સીટ વધારવાને કેબિનેટની મંજૂરી

## કેબિનેટ સમિતિએ રેલવેના ૧૦.૯ લાખ કર્મચારીઓ માટે ૭૮ દિવસના વેતન જેટલું ઉત્પાદકતા આધારિત બોનસને મંજૂરી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।



દેશમાં ડોક્ટરોની અછતને દૂર કરવા માટે કેન્દ્રીય કેબિનેટે બુધવારે 2028-2029ના નાણાકીય વર્ષ સુધીમાં મેડિકલ કોલેજોને અપગ્રેડ કરીને તેમાં સીટોની સંખ્યામાં 10,023નો વધારો કરવાની યોજનાને મંજૂરી આપી હતી. આ ઉપરાંત CSIRમાં રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (આર એન્ડ ડી)ને પ્રોત્સાહન આપવા માટે કેબિનેટે ડોક્ટરલ અને પોસ્ટ-ડોક્ટરલ ફેલોશિપ 2,277.397 કરોડની DSIR સ્કીમને પણ મંજૂરી આપી હતી. સરકારે જણાવ્યું હતું કે રૂ.15,034.50 કરોડના રોકાણ સાથેની આ પહેલથી 5,023 અંડરગ્રેજ્યુએટ (MBBS) અને 5,000 પોસ્ટગ્રેજ્યુએટ (PG) બેઠકોનું સર્જન થશે. આ યોજનાથી રાજ્ય અને કેન્દ્ર સરકારની હાલની મેડિકલ કોલેજો, સ્વતંત્ર પોસ્ટ-ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યૂટ અને સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરશે. આ યોજના દેશમાં ડોકટરો અને નિષ્ણાતોની ઉપલબ્ધતા વધારવામાં મદદ કરશે, જેનાથી પછાત વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ સુવિધામાં વધારો થશે. ભારતમાં હાલમાં વિશ્વમાં સૌથી વધુ 808 મેડિકલ કોલેજો છે અને આ કોલેજોમાં વાર્ષિક 123,700 MBBS બેઠકોની પ્રવેશ ક્ષમતા છે.શિપબિલ્ડિંગ ઈન્ડસ્ટ્રી માટે રૂ.69,725 કરોડના પેકેજને મંજૂરીઃ વિદેશી જહાજો પર નિર્ભરતામાં ઘટાડો કરવા કેન્દ્રીય કેબિનેટે શિપબિલ્ડિંગ ઈન્ડસ્ટ્રી અને મેરિટાઈમ ઈકોસિસ્ટમને ફરી જોમવંતુ બનાવવા માટે રૂ.69,725ના પેકેજને મંજૂરી આપી હતી. દેશની દરિયાઈ તાકાત પાછી મેળવવાની સરકારની યોજનાના ભાગરૂપે આ પેકેજને મંજૂરી અપાઈ છે. આ પેકેજ ચાર મુદ્દા આધારિત છે, જેમાં સ્થાનિક કેપેસિટીને મજબૂત કરવાની, લાંબા ગાળાના ફાઈનાન્સિંગમાં સુધારો કરવાની તથા ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ શિપયાર્ડના વિકાસને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. આ પેકેજ હેઠળ શિપબિલ્ડિંગ ફાઈનાન્સિયલ આસિસ્ટન્સરેલવેના 10.9 લાખ કર્મચારીઓને 78 દિવસનું દિવાળી બોનસ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ યોજાયેલી આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ રેલવેના 10.9 લાખ કર્મચારીઓ માટે 78 દિવસના વેતન જેટલું ઉત્પાદકતા આધારિત બોનસને મંજૂરી આપી હતી. આનાથી સરકારને રૂ.1,886 કરોડનો ખર્ચ થશે. દર વર્ષે દુર્ગા પૂજા અને દશેરાની રજાઓ પહેલાં રેલ્વે કર્મચારીઓને બોનસ ચૂકવવામાં આવે છે. આનાથી રેલવેના કર્મચારીઓને દિવાળી પહેલા મહત્તમ રૂ.17,951 બોનસ મળશે.

# વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।



વેસ્ટ ઈન્ડીઝ સામેની બે ટેસ્ટ મેચની સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. આ સિરીઝ માટે રવિન્દ્ર જાડેજાને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. દેવદત્ત પડિકલની વાપસી થઈ છે. તો ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રમનાર કરુણ નાયરને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની પહેલી ટેસ્ટ ૨ ઓક્ટોબરથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. બીજી ટેસ્ટ ૧૦ ઓક્ટોબરે રાજધાની દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાશે.

કરુણ નાયરને સિરીઝમાં સામેલ કરવામાં આવશે નહીં તેવી અટકળો પહેલાથી જ હતી. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તેનું પ્રદર્શન ખાસ પ્રભાવશાળી નહોતું અને બરાબર એવું જ થયું. અક્ષર પટેલ ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો નહોતો, વેસ્ટ ઈન્ડીઝ સામેની સિરીઝમાં વાપસી કરી છે. બે ટેસ્ટ મેચની વેસ્ટ ઈન્ડીઝ સિરીઝ માટે ભારતની ટેસ્ટ ટીમમાં કોઈ મોટા ફેરફારની અપેક્ષા નહોતી. માન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટમાં પગમાં ફ્રેક્ચર થતાં વિકેટકીપર રિષભ પંત વેસ્ટ ઈન્ડીઝ સિરીઝમાંથી બહાર છે. ધ્રુવ જુરેલ તેની જગ્યાએ પ્રથમ પસંદગીના રિપ્લેસમેન્ટ તરીકે રમશે, જ્યારે તમિલનાડુના એન. જગદીશા બેકઅપ વિકેટકીપર હશે. જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા ફાસ્ટ બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે. કુલદીપ યાદવ સ્પિન આક્રમણનું નેતૃત્વ કરશે.

બિગ બેશ ટી૨૦ લીગમાં ભારતીય સ્પિનર સિડની થન્ડર્સ માટે રમવા સજ્જ

# નિવૃત્ત થયા બાદ અશ્વિન હવે ઓસ્ટ્રેલિયામાં બિગ બેશમાં રમશે

ટેસ્ટ ક્રિકેટમાં અશ્વિન ભારત માટે બીજો સૌથી વધુ વિકેટ લેનારો બોલર છે. અનીલ કુંબલેની ૬૧૯ વિકેટ બાદ અશ્વિને ૫૩૭ ટેસ્ટ વિકેટ લીધી છે



। (એજન્સી) સિડની, તા.૨૬ ।

ભારતમાંથી તમામ પ્રકારના ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લેનારો મહાન ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન હવે ઓસ્ટ્રેલિયાની બિગ બેશ ટી૨૦ ક્રિકેટ લીગમાં રમવા તૈયાર થઈ રહ્યો છે. આ સિઝનમાં તે બિગ બેશ લીગની સિડની થન્ડર્સ ટીમ માટે રમશે. આમ તે બિગ બેશમાં રમનારો ભારતનો સૌપ્રથમ હાઈ-પ્રોફાઈલ ક્રિકેટર બની જશે.૩૯ વર્ષીય અશ્વિને તાજેતરમાં જ ઈન્ટરનેશનલ ક્રિકેટ ઉપરાંત આઈપીએલમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી અને હવે એમ મનાય છે કે તે સિડની થન્ડર્સ માટે કરાર કરવા જઈ રહ્યો છે તેમ ઓસ્ટ્રેલિયન ટીવીએ જાહેર કર્યું હતું.અશ્વિનના સમાવેશ અંગે સિડની થન્ડર્સ આ સપ્તાહ દરમિયાન સત્તાવાર જાહેરાત કરે તેવી સંભાવના છે. અશ્વિન આ સિઝનમાં આઈએલ ટી૨૦ સાથે જોડાયો છે અને તેની હરાજીમાં પણ તેણે પોતાનું નામ રજિસ્ટર કરાવ્યું હતું. તે ચોથી જાન્યુઆરી સુધી આઈએલ ટી૨૦માં રમશે અને ત્યાર બાદ બિગ બેશ લીગના ઉતરાર્ધમાં સિડની માટે રમશે. બિગ બેશનું આયોજન ૧૪મી ડિસેમ્બરથી ૧૮મી જાન્યુઆરી સુધી થનારું છે. અગાઉ આ મહિનાના પ્રારંભે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના સીઈઓ ટોડ ગ્રીનબર્ગે અંગત રીતે અશ્વિનનો સંપર્ક કર્યો હતો અને બિગ બેશ લીગમાં ભાગ લેવા અંગે વિચારણા કરવા કહ્યું હતું. અશ્વિને ગયા મહિને આઈપીએલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી તે સાથે તેના માટે વિશ્વભરની વિવિધ ટી૨૦ લીગના માર્ગ ખૂલી ગયા હતા કેમ કે તે તમામ લીગમાં રમવા માટે ઉપલબ્ધ થઈ ગયો હતો.અશ્વિને આ વખતના બીબીએલના વિદેશી ખેલાડીઓના ડ્રાફ્ટમાં રજિસ્ટ્રેશન કરાવ્યું નહીં હોવાને કારણે તે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ તરફથી મંજૂરી મળવી જરૂરી છે અને તેને આ પ્રકારની રાહત મળી શકે તેમ છે. અગાઉ ૨૦૨૨માં ન્યૂઝીલેન્ડના માર્ટિન ગુપટિલને આ જ રીતે પ્રવેશ અપાયો હતો. તે વખતે ગુપટિલ મેલબોર્નની ટીમ માટે રમ્યો હતો.ગયા વર્ષે ડિસેમ્બરમાં ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે હતી ત્યારે અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી અને તાજેતરમાં તેણે આઈપીએલને પણ વિદાય આપી દીધી હતી. ટેસ્ટ ક્રિકેટમાં અશ્વિન ભારત માટે બીજો સૌથી વધુ વિકેટ લેનારો બોલર છે. અનીલ કુંબલેની ૬૧૯ વિકેટ બાદ અશ્વિને ૫૩૭ ટેસ્ટ વિકેટ લીધી છે. આઈપીએલમાં તે ૨૨૧ મેચમાં ૧૮૭ વિકેટ ઝડપી ચૂક્યો છે.

# યુક્રેન નાટોની મદદથી રશિયા સામેનું યુદ્ધ જીતી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિચિત્ર વર્તન અને નિવેદનો કોઈ નવી વાત નથી. ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધ મુદ્દે હવે પોતાના અગાઉના નિવેદનથી યુ-ટર્ન લીધો છે. અગાઉ ટ્રમ્પે જણાવ્યું હતું કે, યુક્રેન રશિયાને તેના કેટલાક પ્રદેશો તથા જમીન આપી શકે છે. જ્યારે બુધવારે યુએસ પ્રમુખે પોતાના સૂર બદલતા કહ્યું કે, મારું માનવું છે કે, કિવ યુરોપીયન સંઘ અને નાટોની મદદથી યુદ્ધ લડીને જીત હાંસલ કરીને યુક્રેનને અખંડ રાખવાની ક્ષમતા ધરાવે છે.ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં જણાવ્યું કે, જ્યાંથી યુદ્ધની શરૂઆત થઈ હતી તે તમામ વાસ્તવિક સરહદો યુક્રેન પરત મેળવી શકે છે. આના માટે યુરોપ અને નાટોએ રશિયા ઉપર આર્થિક દબાણ લાવીને યુક્રેનને ટેકો આપવો જોઈએ. મંગળવારે ટ્રમ્પે યુએનની સામાન્ય સભામાં સંબોધન બાદ યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમીર ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી. ટ્રમ્પે યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ રોકવાની અનેક અપીલ કરી હતી જેમાં તેમણે યુક્રેનને તેની કેટલીક જમીન આપવી પડશે તેવું તેમણે જણાવ્યું હતું.પોસ્ટમાં ટ્રમ્પે વધુમાં કહ્યું કે, યુક્રેન કદાચ તેનાથી પણ આગળ વધી શકે છે, જો કે તેમણે આ બાબતે વધુ સ્પષ્ટતા કરી નહતી. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનના પ્રવક્તા દીમિત્રિવ પેસ્કોવે ટ્રમ્પના બદલાયેલા સૂરનું કારણ તાજેતરમાં યુક્રેનના પ્રેસિડેન્ટ સાથે થયેલી મુલાકાત હોવાનું જણાવ્યું હતું.

# અમેરિકા ભારત અને પાકિસ્તાન સાથે અલગ અલગ વ્યવહાર ચાલુ રાખશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

ઓપરેશન સિંદૂર બાદ ભારત પાકિસ્તાન તણાવ તો ઘટ્યો પરંતુ અમેરિકા સાથે ટ્રેડ ટેરિફ વિવાદે એવી તે આગ લગાવી કે જેણે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને તળિયે બેસાડી દીધા. એક બાજુ પાકિસ્તાન અમેરિકા સાથે પોતાના સંબંધો સુધારવામાં લાગ્યું છે. બીજી બાજુ અમેરિકા સાથે ભારતનો ટેરિફ વિવાદ ચરમસીમાએ છે. આવામાં સ્વાભાવિક છે કે એ સવાલ ઉઠે કે આખરે અમેરિકા ખુલીને કોની સાથે છે.ભારત કે પાકિસ્તાન સાથે. ન્યૂઝ એજન્સી એએનઆઈ મુજબ અમેરિકી વિદેશ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ આશ્વાસન આપ્યું છે કે અમેરિકા ભારત અને પાકિસ્તાન સાથે અલગ અલગ વ્યવહાર ચાલુ રાખશે અને બંને દેશોના સંબંધોને તે ખુબ અલગ માને છે. તેમણે એ આશંકા ફગાવી દીધી કે બંને દેશો વચ્ચે ફરીથી એકરૂપતા આવી શકે છે. અધિકારીએ કહ્યું કે કાશ્મીરના મામલે અમેરિકા પોતાની લાંબા સમયથી ચાલતી નીતિ પર કાયમ છે કે તે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સીધો મુદ્દો છે. જો કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મદદ કરવા માટે તૈયાર છે પરંતુ અધિકારીએ કહ્યું કે, અમારો તેમાં કોઈ રસ નથી અને અમારી સામે પહેલેથી જ અનેક સંકટ છે. અમે તેને ભારત અને પાકિસ્તાન ઉપર છોડી દઈશું.

## પવિત્ર ગંગા નદી છેલ્લા ત્રણ દાયકામાં અભૂતપૂર્વ રીતે સૂકાઇ, એક અભ્યાસમાં જાણવા મળ્યું

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

ગુજરાતના ગાંધીનગરમાં આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીના સંશાધકોએ કરેલાં અભ્યાસમાં જણાયું છે કે તેરસો વર્ષના રેકોર્ડમાં ગંગા નદી છેલ્લા ત્રણ દાયકામાં અભૂતપૂર્વ રીતે સૂકાઈ રહી હોવાથી તેના તટ પ્રદેશમાં રહેતાં લાખો લોકોની જળ અને અન્ન સુરક્ષા જોખમાઇ રહી છે. આ અભ્યાસના તારણો નેશનલ એકેડમી ઓફ સાયન્સીઝની જર્નલ પ્રોસિડિંગ્ઝમાં પ્રકાશિત થયા છે જે દર્શાવે છે કે ૧૯૯૧થી ૨૦૨૦ના સમયગાળામાં ગંગા જે રીતે સૂકાઇ છે તે છેલ્લા ૧૦૦૦ વર્ષના ઈતિહાસમાં અભૂત પૂર્વ છે. આઈઆઈટી-ગાંધીનગર અને યુએસની એરિઝોન યુનિવર્સિટીના સંશોધકોએ ગંગાની સૂકાવાની ઘટનાને નૈરુત્યના ચોમાસામાં ઘટી રહેલાં વરસાદ સાથે સાંકળી છે. સંશોધકોની ટીમે ઐતિહાસિક રેકોર્ડ્ઝ અને ૧૯૯૧થી ૨૦૨૦ દરમ્યાન જળપ્રવાહના મોડેલ્સનો ઉપયોગ કરી છેલ્લા ૧૩૦૦ વર્ષના જળપ્રવાહ મોડેલ્સની રચના કરી હતી.

## ગુજરાતમાં તારીખ ૨૭ થી ૩૦ સપ્ટેમ્બરની વરસાદની આગાહી, ગરબામાં ખેલૈયાઓની મજા બગડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

હવામાન વિભાગના ડાયરેકટરે કહ્યું કે, નવરાત્રિમાં ખેલૈયાઓના રંગમાં ભંગ પડશે. આગામી ૭ દિવસ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આગામી ૨૭ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં ભારે વરસાદની સંભાવના છે. જેમાં બનાસકાંઠા, પાટણ અને મહેસાણા સિવાય રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી છે. આ દિવસોમાં ગાજવીજ સાથે ૩૦ થી ૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે. બંગાળની ખાડીમાં વોલમાર્ક લો પ્રેશર સક્રિય થતા રાજ્યમાં વરસાદની વકી છે. આ કારણે અમદાવાદમાં આજે વાદળછાયા વાતાવરણ સાથે હળવા વરસાદની શકયતા છે. આગામી ૨૭ સપ્ટેમ્બરે ક્યાં ક્યાં આગાહી : નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી માં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરાઈ છે.

### લિંબાયતમાં માનવ તસ્કરીનો થયો પર્દાફાશ

# ગરીબ શ્રમજીવી પરિવારની ૧૫ વર્ષીય સગીરાને ૧૦ દિવસમાં બે વાર વેચી

## રૂપિયા લઈને શ્રમજીવી પરિવારની દીકરીના કરાવ્યા લગ્ન, ૧૦ દિવસમાં બે અલગ અલગ જગ્યાએ કરાવ્યા લગ્ન

। (એજન્સી) સુરત, તા.૨૬ ।




સુરતના લિંબાયત વિસ્તારમાં માનવ તસ્કરીનો એક અત્યંત ચોંકાવનારો અને દિલ દહોળી નાખે એવો કિસ્સો સામે આવ્યો છે. ગરીબ શ્રમજીવી પરિવારની ૧૫ વર્ષીય સગીરાને નશાકારક પદાર્થો આપીને માત્ર ૧૦ દિવસની અંદર બે વખત વેચવામાં આવી હતી અને બળજબરીપૂર્વક બે અલગ-અલગ લગ્ન કરાવવામાં આવ્યા હતા. આ સમગ્ર ગંદા ધંધાનો પર્દાફાશ થતાં પોલીસ હરકતમાં આવી ગઈ છે અને અત્યાર સુધીમાં ત્રણ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે ફરઝાના નામની મહિલા વોન્ટેડ છે. લિંબાયતના મીઠી ખાડી વિસ્તારમાં રહેતી આ સગીરાની માતા કેટરિંગમાં કામ કરે છે, જ્યારે પિતા લાંબા સમયથી બિમાર રહે છે. આ નબળાઈનો ફાયદો ઉઠાવી સગીરાની પડોશી નૂરી વસીમ શેખ, તેનો પતિ વસીમ (રિક્ષા ચાલક) અને ફરઝાના નામની મહિલા ત્રિપુટીએ સગીરાની માતાને લાલચ આપી હતી કે, તેઓ દીકરીને લસકાણામાં કેટરિંગ કામે લઈ જશે. માતાને શંકા પણ ના આવી અને દીકરી થોડા દિવસમાં પાછી આવી જશે એ વિશ્વાસ સાથે મંજૂરી આપી દીધી. પરંતુ, હકીકતમાં આ એક ગોઠવાયેલું કાવતરું હતું. આરોપીઓએ સગીરાને લસકાણા લઈ જઈને શોએબ નામના વ્યક્તિ પાસે રાખી હતી. અહીં તેને દિનમાં બે થી ત્રણ વાર કોરેક્સ જેવી નશાકારક કફ સિરપ પીવડાવવામાં આવતી હતી, જેથી તે ભાનમાં રહી ના શકે. નશાની આ હાલતમાં જ આરોપીઓએ તેની ઈચ્છા વિરુદ્ધ શોએબ સાથે નિકાહ કરાવ્યો હતો અને બદલામાં ૫૦ હજાર રૂપિયાનું સોદો કર્યો હતો. આ બાદ માત્ર ૧૦ દિવસ પછી આ ટોળકી ફરીથી સગીરાને મહારાષ્ટ્રના સોલાપુર લઈ ગયા.

### નવરાત્રીની પ્રાચીન પરંપરા પર ઊંડી અસર

# નવરાત્રીમાં ઢોલની ધૂન થઈ ધીમી, ડીજે સાઉન્ડથી વેપારીઓને ભારે ફટકો

**વિસનગર જેવા વિસ્તારોમાં ૧૦૦થી વધુ નવા ઢોલનું વેચાણ થતું હતું, જે ૧૦ જેટલા ઢોલ સુધી સીમિત થયું છે**

। (એજન્સી) મહેસાણા, તા.૨૬ ।

ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં આજેય નવરાત્રીની ઉજવણી પરંપરાગત ઢોલના નાદ સાથે થાય છે. ગામડાની પવિત્ર માટીમાં તબલાં, ઢોલ, ઢાકળાં અને ત્રાંસા જેવા વાદ્યોના અવાજે ખેલૈયાઓને ભક્તિભાવથી ઝૂમવા મજબૂર કરે છે. આ પરંપરાગત વાદ્યો નવરાત્રીની સાચી ભાવના અને સંસ્કૃતિને જીવંત રાખે છે. પરંતુ શહેરી વિસ્તારોમાં આ ચિત્ર બદલાઈ રહ્યું છે. અહીં પરંપરાગત ઢોલની જગ્યાએ ડીજે સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ વધી રહ્યો છે, જે લેપ ટોપ અને મોબાઈલ દ્વારા ચાલે છે અને શહેરી ગરબાનો અભિન્ન ભાગ બની ગયો છે.

આ આધુનિક ફેરફારે નવરાત્રીની પ્રાચીન પરંપરા પર ઊંડી અસર કરી છે. એક સમયે ઢોલીઓની કલાકારી, ઢાકળાના થાપા અને ત્રાંસાના ઝણકારથી ગરબા મેદાન ગુંજી ઉઠતું હતું, જે ભક્તિમય માહોલ સર્જતું. પરંતુ હવે ડીજે સાઉન્ડની લોકપ્રિયતાએ આ પરંપરાગત વાદ્યોની કળાને ધીમે-ધીમે લુપ્ત કરી રહી છે. શહેરી ગરબામાં આધુનિક સંગીતનો ઉપયોગ નવી ઊર્જા લાવ્યો છે, પરંતુ પરંપરાગત ઢોલનો ગુંજનારો અવાજ ધીમો પડી ગયો છે. શહેરી વિસ્તારોમાં ડીજે સાઉન્ડના વધતા ઉપયોગે ઢોલના વેપ ારીઓને ભારે ફટકો આપ્યો છે. વિસનગર જેવા વિસ્તારોમાં અગાઉ નવરાત્રી દરમિયાન ૧૦૦થી વધુ નવા ઢોલનું વેચાણ થતું હતું, જે ગરબા પાર્ટીઓ અને સમાજો દ્વારા ખરીદાતા. પરંતુ હવે આ વેચાણ ઘટીને માત્ર ૧૦ જેટલા ઢોલ સુધી સીમિત થઈ ગયું છે. આ બદલાવે ઢોલના વેપારને મોટું નુકસાન પહોંચાડ્યું છે, જેના કારણે ઘણા વેપારીઓ માટે આર્થિક મુશ્કેલીઓ સર્જાઈ છે. તેથી, ઢોલના વેપારીઓ માટે થોડી આશા હજુ જળવાઈ છે. નવરાત્રી પહેલાંના બે મહિનામાં જૂના ઢોલના રિપેરિંગનું કામ ચાલુ રહે છે, જેનાથી વેપારીઓને થોડીક આવક થાય છે. એક ઢોલીયાએ જણાવ્યું, “અગાઉ નવરાત્રી નજીક આવતાં દુકાનો પર ભીડ લાગતી, પરંતુ હવે માત્ર થોડા ગ્રાહકો ઢોલનું રિપેરિંગ કરાવવા આવે છે.” જોકે, નવા ઢોલના ઓર્ડર લગભગ બંધ થઈ ગયા છે, જે પરંપરાગત કળાને જાળવવા માટે ચિંતાનો વિષય છે. આધુનિકતા અને પરંપ રાની આ ખેંચતાણ વચ્ચે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું ઢોલનો પરંપરાગત અવાજ નવરાત્રીના ભાગ રૂપે ભવિષ્યમાં ગુંજી શકશે? યુવા પેઢી ડીજે સાઉન્ડ સિસ્ટમ તરફ વધુ આકર્ષાય છે, જ્યારે વડીલો માને છે કે ઢોલના અવાજ વિના માતાજીના ગરબાની સાચી મજા અધૂરી રહે છે. ગુજરાતની નવરાત્રી માત્ર સંગીત અને નૃત્યનો તહેવાર નથી, પરંતુ ભક્તિ, પરંપરા અને સંસ્કૃ તિનો જીવંત વારસો છે.

### ફોનમાં બ્લૂ ફિલ્મ બતાવી શારીરિક સંબંધો બાંધ્યા : દિકરી

# ટ્યૂશન શિક્ષકે ૧૫ વર્ષીય તરુણીને પીંખી નાંખી

**શિક્ષિકાના ફેસબુક ફ્રેન્ડ શિક્ષકે પોતાની ૧૫ વર્ષીય પુત્રી ઉપર બળાત્કાર કર્યો હોવાનો કિસ્સો**

। (માહિતી) સુરત, તા.૨૬ ।

સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાં બળાત્કારના બનાવો સામે આવ્યા છે. જેમાં પુણા વિસ્તારમાં રહેતી શિક્ષિકાના ફેસબુક ફ્રેન્ડ શિક્ષકે પોતાની ૧૫ વર્ષીય પુત્રી ઉપર બળાત્કાર કર્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા ખળભળાટ મચી ગયો હતો. ફેસબુક ફ્રેન્ડ શિક્ષકે એકલતાનો લાભ લઈને પત્નીથી ખુશ નથી, મરી જવાનો છું, ઈમોશનલ બ્લેકમેઈલ કરી પુત્રીને બ્લૂ ફિલ્મ બતાવી હતી અને ત્યારબાદ ટ્યૂશન શિક્ષકે તેની ૧૫ વર્ષીય તરુણીને પીંખી નાંખી હતી. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ભોગ બનેલી સગીરાની માતાને ગત રોજ તેની બહેનપણીનો પુત્ર મળવા આવ્યો હતો અને તેણે શિક્ષિકાને જણાવ્યું હતું કે તેમની ૧૫ વર્ષીય સગીર પુત્રીનું મિતેશ સર યૌનશોષણ કરી રહ્યા છે. આ સાંભળતા જ શિક્ષિકાના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. મિતેશ રમેશ પટેલ (ન્યૂ શાંતિવિહાર સોસાયટી, પરવત પાટિયા)નો ખાનગી શિક્ષક આ શિક્ષિકાને ફેસબુક થકી ફેમિલી ફ્રેન્ડ બન્યો હતો અને અવારનવાર ઘરે આવતો હતો. બહેનપણીનો પુત્રએ જણાવ્યું હતું કે, તમારી દિકરીએ મારી મમ્મીને ફોન કર્યો હતો, જે વાતની મને જાણ થતાં તમને સતર્ક કરવા આવ્યાનું જણાવ્યું હતું. મિત્રતાનો ઢોંગ રચી આ હવસખોર શિક્ષક સગીર પુત્રીને પીંખી રહ્યો હોવાનું જાણ થતાં શિક્ષિકાએ પુત્રીને મળી સઘળી માહિતી પુછી હતી, જ્યાં દિકરીએ જણાવ્યું હતું કે, ગત ડિસેમ્બર મહિનામાં મિતેશ સર ઘરે આવ્યા હતા.

## દેવીને ચઢાવવામાં આવતા ફૂલોના ભાવમાં ધરખમ વધારો

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

તહેવારની માંગ અને વરસાદની અસરને કારણે ફૂલોની આવક ઓછી થતાં આ ભાવ વધારો જોવા મળી રહ્યો છે. માતાજીની પૂજા-અર્ચનામાં ફૂલોનું વિશેષ મહત્વ હોય છે, પરંતુ આ વખતે ફૂલોના આસમાને પહોંચેલા ભાવે શ્રદ્ધાળુઓની ચિંતા વધારી દીધી છે. બજારમાં ફૂલોના પ્રતિ કિલોના ભાવ આ પ્રમાણે જોવા મળી રહ્યા છે.

દેશી ગુલાબ : રૂ.૩૦૦ થી રૂ.૪૦૦ પ્રતિ કિલો
ડિવાઈન ગુલાબ: રૂ.૨૦૦ થી રૂ.૨૫૦ પ્રતિ કિલો
ગલગોટા (હજારી ગલ): રૂ.૧૦૦ થી રૂ.૨૦૦ પ્રતિ કિલો
સેવંતીના ફૂલ: રૂ.૨૦૦ થી રૂ.૨૫૦ પ્રતિ કિલો

ફૂલોના ભાવમાં થયેલા આ વધારા પાછળ મુખ્યત્વે વરસાદની સિઝન ચાલુ હોવાથી વરસાદના કારણે ફૂલોના પાકને નુકસાન થયું છે, જેના પરિણામે બજારમાં ફૂલોની આવક ઘટી છે અને ગુણવત્તા પણ અસરગ્રસ્ત થઈ છે.

### વડોદરાના અંકોડિયા કેનાલ પર મોટી દુર્ઘટના

# કેનાલ નજીક એકાંત માણવા ગયેલા યુવક-યુવતી લૂંટાયા

**લૂંટારુઓએ દાગીના, બે આઇફોન અને રોકડા મળી ૧ લાખની લૂંટ કરી : લૂંટ બાદ ત્રણેય લૂંટારુ નાસી છૂટ્યા**

। (માહિતી) વડોદરા, તા.૨૬ ।

ગાંધીનગરમાં કેનાલ પાસે બનેલી ઘટનાની શાહી હજું સુકાઈ નથી, ત્યાં નવરાત્રીના ત્રીજા નોરતાની રાત્રે વડોદરાના અંકોડિયા કેનાલ નજીક એક યુવક અને યુવતીને બુકાનીધારી ત્રણ લૂંટારુઓએ લૂંટી લીધાની ઘટના સામે આવી છે. મોડી રાત્રે લગભગ ૧ વાગ્યાની આસપાસ બનેલી આ ઘટનામાં લૂંટારુઓએ ચાકુની અણીએ બંનેને ડરાવીને લાખ રૂપિયાથી વધુની કિંમતી વસ્તુઓ લૂંટી લીધી અને ફરાર થઈ ગયા હતા. સદ્નસીબે ગાંધીનગર જેવી ઘટના બનતા બનતા રહી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, એક્ટિવા પર સવાર એક ૨૪ વર્ષની CAની વિદ્યાર્થિની અને તેના ૩૦ વર્ષના મિત્ર એકાંત માણવા માટે અંકોડિયા કેનાલના વિસ્તારમાં ગયા હતા. આ દરમિયાન, મોકો જોઈને બુકાનીધારી ત્રણ લૂંટારુઓએ તેમને ઘેરી લીધા હતા. લૂંટારુઓએ યુવક-યુવતીને ચાકુ બતાવી ડરાવીને તેમની પાસેથી દાગીના, બે આઈફોન અને રોકડા રૂપિયા મળીને કુલ રૂ. ૧ લાખની મત્તાની લૂંટ ચલાવી હતી. લૂંટ બાદ ત્રણેય લૂંટારુઓ અંધારાનો લાભ લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. આ ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનમાં બનાવની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરવામાં આવી છે.

### ગુજરાતનો પ્રથમ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ જાહેર

# સુરત મનપાનો ઈતિહાસ રચતો ૨૦૦ કરોડનો ગ્રીન બોન્ડ લોન્ચ

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

ડાયમંડ નગરી અને ટેક્સટાઈલ નગરીની ઓળખ ધરાવનાર સુરત શહેર નવું માઈલસ્ટોન હાંસિલ કરવા જઈ રહ્યું છે. મ્યુનિસિપલ કમિશનરના જણાવ્યા અનુસાર, સુરત મહાનગરપાલિકા પ્રથમવાર ૨૦૦ કરોડનો ગ્રીન બોન્ડ બહાર પાડી રહી છે. આ ગ્રીન બોન્ડ ૬ ઓક્ટોબરથી ખુલશે અને ૧૦ ઓક્ટોબર સુધી સબસ્ક્રિપ્શન કરી શકાશે. ગુજરાતનો પ્રથમ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ જાહેર કરીને સુરત મનપાએ ઈતિહાસ રચ્યો છે. મનપાએ કુલ કિંમત ૨૦૦ કરોડનો ગ્રીન બોન્ડ બહાર પાડ્યો છે. સબસ્ક્રિપ્શન માટે તારીખ ૬ થી ૧૦ ઓક્ટોબર રાખવામાં આવી છે. મનપા કમિશનર શાલિની અગ્રવાલે આ અંગે જાહેરાત કરી કે, દેશભરના રોકાણકારો માટે ખુલ્લો અવસર છે. સુરતનો ગ્રીન બોન્ડ ગુજરાતનો પહેલો પબ્લિક ગ્રીન બોન્ડ બનશે. રિટેલ રોકાણકારોને સીધી સબસ્ક્રિપ્શન તક છે. તેમણે વધુમાં કહ્યું કે, આ ભંડોળનો ઉપ યોગ માત્ર પર્યાવરણીય પ્રોજેક્ટ્સમાં જ કરવામાં આવશે. જેનાથી રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સને વેગ મળશે. ટ્રીટેડ વોટર રિસાયકલ પ્લાન્ટ્સ માટે પણ ખર્ચાશે. આ મનપાનો સીધો શેરબજારમાં પ્રવેશ છે. બેંકને બદલે જનતાથી ફંડ એકત્ર કરવાની પહેલ મનપા દ્વારા કરાઈ છે. જેમાં સામાન્ય નાગરિકોને 'ગ્રીન' પહેલમાં સહભાગી થવાની તક મળશે. દેશની અન્ય મનપાઓ માટે નવો આદર્શ મોડલ બનશે તેવુ શાલિની અગ્રવાલે જણાવ્યું.

### રિંગ રોડ બનાવવાનું સરળ થશે

# મહેસાણા કોર્પોરેશનમાં વધુ ૧૦ ગામનો સમાવેશ કરાયો

। (એજન્સી) મહેસાણા, તા.૨૬ ।

નવ મહિના પહેલાં રચાયેલી મહેસાણા મહાનગરપાલિકામાં હવે પૂર્વ તરફનાં વધુ ૧૦ આખાં ગામ અને લાખવડ ગામનો બાકીનો રેવન્યૂ વિસ્તાર સમાવાતાં મનપા હદ વિસ્તાર ૭૯.૯૪ ચોરસ કિ.મી.થી વધીને ૧૨૦ ચો. કિ.મી. જેટલો થયો છે. મહેસાણા નગરપ ાલિકાને ગત ૧ જાન્યુઆરીએ મહાનગરપ ાલિકાનો દરજ્જો અપાયો હતો. જેમાં જૂના પાલિકા વિસ્તારમાં ફતેપુરા, રામોસણા, રામોસણા એનએ, દેદિયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવા હનુમંત, તરેટી એમ આઠ સંપૂર્ણ ગામો, લાખવડ ગામ અને તેના કેટલાક રેવન્યુ વિસ્તાર ઉપરાંત પાલોદર, પાંચોટ, ગિલોસણ, નુગર અને સખપુરડા ગામોના કેટલાક રેવન્યૂ વિસ્તારોનો સમાવેશ કરાયો હતો. જે સાથે મહેસાણા મહાનગરનો કુલ વિસ્તાર ૭૯.૯૪ ચોરસ કિ.મી. અને કુલ વસતી અંદાજીત ૪.૩૦ લાખ જેટલી થઈ હતી. જો કે, મનપાની રચના સમયે મોટાભાગે શહેરના પશ્ચિમ વિસ્તારનાં ગામોનો સમાવેશ કરાયો હતો, જેથી શહેરને બંને તરફ સમતોલ કરવા પૂર્વ તરફનાં ગામોનો સમાવેશ કરવાની કવાયત શરૂ કરાઈ હતી. મનપા દ્વારા શહેરની ફરતે રિંગ રોડ બનાવવાનો પ્રોજેક્ટ વિચારાયો છે, તે માટે પણ આ ગામોનો સમાવેશ જરૂરી હતો. જે અંતર્ગત વધુ ૧૦ ગામ આખાં અને લાખવડના બાકીના રેવન્યૂ વિસ્તારનો સમાવેશ કરવા સરકારમાં દરખાસ્ત કરાઈ હતી.

### સંસ્કારી નગરી ગણાતા વડોદરામાં અસંસ્કારી હરકત

# ચાલુ ગરબામાં કપલની અશ્લીલ હરકતોનો વીડિયો થયો વાયરલ

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

યુનાઈટેડ વેના પ્રખ્યાત ગરબામાં ખેલૈયા કપલનો વિવાદાસ્પદ કાંડ સામે આવ્યો છે. ખેલૈયા કપલે જાહેરમાં ચુંબન કરી અશ્લીલ રીલ બનાવી. અશ્લીલ રીલ સોશિયલ મીડિયા પર વાયરલ થતા ખેલૈયાઓમાં ભારે રોષ જોવા મળ્યો છે. ગરબાના માહોલમાં શરમજનક હરકતથી ખેલૈયાઓમાં રોષ જોવા મળ્યો છે. તો ઘટના બાદ આયોજકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે. પરંપરાગત તહેવારની પવિત્રતાને ભંગ કરાયો હોવાનો આક્ષેપ કરાયો છે. સોશિયલ મીડિયામાં ફેમસ થવા માટે લોકો કઈ હદ સુધી જાય છે તેનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. એક તરફ પાવન નવરાત્રિ ચાલી રહી છે, તેવા સમયે સંસ્કારી નગરી કહેવાતા વડોદરામાં અસંસ્કારી હરકત સામે આવી છે. વડોદરામાં આયોજીત યુનાઈટેડ વેના ગરબા કાર્યક્રમનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જેમા એક કપલ ચાલુ ગરબામાં અશ્લીલ હરકતો પર ઉતરી આવ્યું. ગરબાના નામે એક યુગલ અશ્લીલ હરકતો કરવા લાગ્યું. એટલું જ નહીં પરંતુ તેઓ જાણે એક મહાન કામ કરતા હોય તેવી રીતે આવી હરકતનો વીડિયો પણ બનાવ્યો. આ કપલે જાહેરમાં જ ગરબા કરતા કરતા ચુંબન કર્યુ. આ સાથે આવી ફિટકારજનક હરકતનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં શેર પણ કર્યો. રિલ્સબાજ આ યુવક યુવતીને એટલું પણ ભાન નથી કે, તેઓ માતાની આરાધના કરવા ગરબામાં જાય છે કે આવી અશ્લીલતા ફેલાવવા. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ લોકોમાં ભારે આક્રોશની લાગણી ફેલાઈ છે.




